સાપ્તાહિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 17 ■ વિક્રમ સંવત ૨૦૮૨
■ વૈશાખ સુદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486

રવિવાર, ૨૬ એપ્રિલ ૨૦૨૬, (૧૬ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦

વિશેષ પૂર્તિ



૫ થી ૧૨

## આઈપીએલમાં રન-રમખાણ

**બે મેચ, ૪૬૪ બોલ અધધધ ૯૮૬ રન**

**દિલ્હી સામે પંજાબે ૨૬૫ રનનો વિક્રમી ટાર્ગેટ ચેઝ કર્યો**

**રાજસ્થાન સામે હૈદરાબાદે પણ ૨૨૮ રનનું લક્ષ્ય સિદ્ધ કર્યું**

### દિલ્હીમાં ટી-૨૦ના ઈતિહાસમાં સફળ ચેઝનો વિશ્વવિક્રમ

### દિલ્હીએ પંજાબ સામે પંજાબનો જ વિક્રમ તોડ્યા પછી શ્રેયસની ટીમે ૨૬૫ રન બનાવીને રેકૉર્ડ સર્જ્યો

### રાહુલની અણનમ સેન્ચુરી પાણીમાં

નવી દિલ્હીઃ પાટનગરમાં અરુણ જેટલી સ્ટેડિયમના મેદાન પર શનિવારે એક એવું બન્યું જેમાં દિલ્હી કૅપિટલ્સ (૨૦ ઓવરમાં ૨/૨૬૪) સામે શ્રેયસ ઐયરની કૅપ્ટન્સીમાં પંજાબ કિંગ્સ (૧૮.૫ ઓવરમાં ૪/૨૬૫)ની ટીમે રોમાંચક વિજય તો મેળવ્યો, પણ આ જીત સાથે પંજાબની ટીમ રેકૉર્ડ-બુકમાં આવી ગઈ. આ વખતની આઇપીએલમાં અપરાજિત રહેનાર એકમાત્ર પંજાબની ટીમે જે ૨૬૫ રન કર્યા એ સમગ્ર ટી-૨૦ ફૉર્મેટના ઇતિહાસમાં તમામ સફળ ચેઝમાં સૌથી ઊંચો સ્કોર છે.

જોકે એના પછીના મુકાબલામાં પણ હૈદરાબાદે રાજસ્થાનના મોટા સ્કોરને સફળતાપૂર્વક ચેઝ કર્યો હતો. આઇપીએલમાં શનિવારના બે મુકાબલામાં રીતસરનો રનનો વરસાદ વરસ્યો હતો. આઇપીએલના ઇતિહાસમાં એક દિવસમાં લગભગ ૧,૦૦૦ રન બન્યા હોય એવું યાદ નથી. પહેલી મેચમાં દિલ્હી અને પંજાબે મળીને ૨૩૩ બૉલમાં કુલ ૫૨૯ રન બનાવ્યા હતા અને બીજી મેચમાં રાજસ્થાન અને હૈદરાબાદે મળીને ૨૩૧ બૉલમાં ૪૫૭ રન બનાવ્યા હતા. આમ કુલ ૪૬૪ બૉલમાં ૯૮૬ રન બન્યા હતા. સ્પર્ધાના મધ્ય ભાગમાં પિચ સાવ સુકાઈ ગઈ હોવાથી હવે એના પર ન ફાસ્ટ બોલરો કે ન સ્પિનરોને કોઈ સહાય મળે છે અને તેથી મોટા સ્કોરની મેચો થઈ રહી છે.

શનિવારના દિવસે દિલ્હીમાં ટી-૨૦ના હાઇએસ્ટ એવર સક્સેસફુલ ચેઝવાળી મૅચમાં રનની વર્ષા થઈ હતી. દિલ્હી-પંજાબ મૅચમાં કુલ ૫૨૯ રન બન્યા હતા. કુલ મળીને ૩૩ સિક્સર ફટકારવામાં આવી હતી અને કુલ ચોગ્ગાની સંખ્યા હતી ૪૯. દિલ્હીના ઓપનિંગ બૅટ્સમૅન કે. એલ. રાહુલ (૧૫૨ અણનમ, ૬૭ બૉલ, નવ સિક્સર, સોળ ફોર)ની દોઢસો-પ્લસની ઇનિંગ્સ મૅચ-વિનિંગ



શ્રેયસ ઐયર રન ૭૧ બૉલ ૩૬



કે. એલ. રાહુલ રન ૧૫૨ બૉલ ૬૭



પ્રભસિમરન સિંહ રન ૭૬ ૨૬ બૉલ

સાબિત થશે એવી ધારણા હતી, પરંતુ પંજાબે ખાસ કરીને પ્રભસિમરનના ૭૬ રન, શ્રેયસના અણનમ ૭૧ રન અને પ્રિયાંશ આર્યના ૪૩ રન તેમ જ નેહલ વઢેરાના પચીસ રનની મદદથી ૧૮.૫ ઓવરમાં ફક્ત ચાર વિકેટના ભોગે ૨૬૫ રન કરી લીધા હતા.

પંજાબના ૪/૨૬૫ રન સફળતાથી લક્ષ્યાંક ચેઝ કરવામાં આવ્યા હોય એવા સ્કોર્સમાં નવો વર્લ્ડ રેકૉર્ડ છે. પંજાબે પોતાનો જ વિક્રમ તોડ્યો છે. ૨૦૨૪માં કોલકાતા સામે પંજાબે ૨૬૨ રનનો ટાર્ગેટ સફળતાથી ચેઝ કરીને એ વખતે રેકૉર્ડ સરજ્યો હતો અને પંજાબે પોતાના જ વિક્રમને પાર કરીને નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે.

**સાઉથ આફ્રિકાના ૪૩૮ રનના ચેઝની યાદ અપાવી**

જેમ માર્ચ ૨૦૦૬માં જોહનિસબર્ગની આંતરરાષ્ટ્રીય વન-ડેમાં ઑસ્ટ્રેલિયાએ ચાર વિકેટે ૪૩૪ રન કર્યા ત્યારે મોટા ભાગના ક્રિકેટપ્રેમીઓએ વિચાર્યું હશે કે સાઉથ આફ્રિકા આ મૅચ હારી જશે. જોકે ગ્રેમ સ્મિથના સુકાનમાં આફ્રિકાએ હર્શેલ ગિબ્સના ૧૭૫ રન અને માર્ક બાઉચરના અણનમ ૫૦ રન તેમ જ બીજી નાની-મોટી ઇનિંગ્સની મદદથી ૪૯.૫ ઓવરમાં ૯/૪૩૮ના સ્કોર સાથે વિજય મેળવી લીધો હતો અને વન-ડે ક્રિકેટમાં સફળતાથી લક્ષ્યાંક ચેઝ કરવામાં નવો કીર્તિમાન સ્થાપિત કર્યો હતો.

**પ્રભસિમરને ઓવરના છ બૉલમાં ફટકાર્યા છ ચોગ્ગા**

પાટનગરમાં દિલ્હીએ ૨૬૫ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યા પછી પંજાબે ધમાકેદાર શરૂઆત કરી અને ૨૬૫ રનના લક્ષ્યાંકને સાધારણ બનાવવામાં સાથી ઓપનર પ્રિયાંશ આર્ય (૪૩ રન, ૧૭ બૉલ, પાંચ સિક્સર, બે ફોર)ને મોટું યોગદાન આપનાર વિકેટકીપર પ્રભસિમરન (જુઓ પાનું ૧૬) ▸▸

## માથાફાડ ગરમી વચ્ચે ગુજરાતમાં આજે ચૂંટણીનો ગરમાટો

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ચાર કરોડ મતદાર નક્કી કરશે ૨૫,૫૩૭ ઉમેદવારનું ભાવિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આજે ગુજરાતની ૧૫ મહાનગરપાલિકાઓ અને પંચાયતો સહિતની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે મતદાન યોજાશે. આમાં અગાઉ જ ભયંકર ગરમીમાં શેકાઈ રહેલા ગુજરાતના ૪ કરોડથી વધુ મતદારો ૨૫,૫૩૭ ઉમેદવારોનું રાજકીય ભવિષ્ય નક્કી કરશે. રાજ્યના ૪૮,૪૫૦ મતદાન મથકો પર ૯૨,૦૦૦થી વધુ પોલીસ જવાનોના પહેરા હેઠળ આજે મતદાન થશે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જનતાને ૧૦૦ ટકા મતદાન કરવા હાકલ કરી હતી.

ગુજરાતની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમ જ ૧૧ નગરપાલિકાઓની (જુઓ પાનું ૨) ▸▸



**આવી ગરમીમાં મતદારો નીકળશે?:** બંગાળમાં ૯૦ ટકાથી વધુનું વિક્રમી મતદાન હાલમાં થયું હતું, પણ આજે ગુજરાતના મતદારો બળબળતી ગરમીમાં નીકળશે એ છે સવાલ. રાજકોટમાં ચૂંટણી કર્મચારીઓ ચૂંટણીની તૈયારી કરતા દેખાય છે.

## ગુજરાત અગનભઠ્ઠી

### રાજકોટમાં ૪૩ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૂર્યદેવતાએ સમગ્ર ગુજરાત પર પ્રકોપ વરસાવ્યો હોય તેમ શહેરો અને ગામડાઓ અગનભઠ્ઠી જેવા બની ગયા છે. મોટાભાગનાં શહેરોમાં તાપમાનનો પારો ઊંચો જતો જાય છે, જેની અસર જનજીવન પર જોવા મળી રહી છે. શનિવારે અમરેલી અને રાજકોટમાં ગરમી ૪૩ ડિગ્રીએ પહોંચી હતી. આ બન્ને શહેરોનું મહત્તમ તાપમાન અનુક્રમે ૪૩.૩ અને ૪૩.૧ નોંધાયું હતું, જે રાજ્યમાં સૌથી ઊંચું છે. ત્યારબાદ અમદાવાદમાં પણ ગરમી અસહ્ય બની છે. અમદાવાદમાં મહતમ તાપમાન ૪૨.૧ ડિગ્રી નોંધાઈ છે.

આ ઉપરાંત વડોદરામાં ૪૧.૬ ડિગ્રી, ગાંધીનગરમાં ૪૧.૫ ડિગ્રી, ભુજમાં ૪૧.૪ ડિગ્રી, સુરતમાં ૪૦ ડિગ્રી તપામાન નોંધાયું હતું. દિવસ દરમિયાન ગરમ રહેતું વાતાવરણ સાંજે પણ ખાસ કંઈ ઠંડુ થતું નથી. અમદાવાદ, વડોદરા જેવા શહેરોમાં રાત્રે પણ ગરમીનો અનુભવ થાય છે. ભાવનગર શહેરમાં તાપમાન નો પારો બે ડિગ્રી વધી ૪૧.૭ ડિગ્રી નોંધાતા લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. મોડી સાંજ સુધી ગરમ લૂ ફેંકાઈ હતી. કચ્છના સંખ્યાબંધ મથકોએ મહત્તમ તાપમાનનો આંક ૪૦ ડિગ્રી સેલ્સિયસ ડિગ્રીથી ૪૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયો (જુઓ પાનું ૨) ▸▸

## એમએમઆર ગરમીમાં શેકાયુંઃ વિક્રોલીમાં ૩૯.૩

### થાણે-નવી મુંબઈ ૪૧ તો કલ્યાણ-કર્જત ૪૩ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત સમગ્ર રાજ્યમાં સૂર્ય આગ ઓકી રહ્યો છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન વિસ્તારમાં શનિવારે દિવસ દરમ્યાન સરેરાશ ૪૧ ડિગ્રીથી પણ વધુ તાપમાન રહ્યું હતું. મુંબઈના વિક્રોલીમાં ૩૯.૩ ડિગ્રી તો મુંબઈને અડીને આવેલા થાણે, નવી મુંબઈમાં ૪૧ ડિગ્રી તો કલ્યાણ અને કર્જતમાં ૪૩ ડિગ્રી જેટલો ઊંચો પારો નોંધાયો હતો. મુંબઈમાં સરેરાશ ૩૫.૮ ડિગ્રી નોંધાયું હતું પણ વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઊંચું હોવાથી અસહ્ય ગરમી અને ઉકળાટ સાથે મુંબઈગરા પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. રાજ્યના હિલ સ્ટેશન માથેરાનમાં મુંબઈ કરતા પણ ઊંચું ૩૭.૨ ડિગ્રી જેટલો ઊંચો પારો (જુઓ પાનું ૪) ▸▸

## એચવન-બી પર ત્રણ વર્ષ માટે બંધી?

### ભારતીયો માટે નરક સમાન પગલુંઃ અમેરિકાની સંસદમાં ખરડો રજૂ

વૉશિંગ્ટન : રિપબ્લિકન પાર્ટીના સંસદસભ્યોના જૂથે અમેરિકન કૉંગ્રેસમાં એચવન-બી વિઝા ત્રણ વર્ષ સ્થગિત કરવા માટેનો ખરડો રજૂ કર્યો છે. આ સાંસદોની દલીલ એ છે કે આ કાર્યક્રમનું અમેરિકન કામદારોના ભોગે સસ્તા વિદેશી કામદાર લાવવા અપહરણ કરાયું છે.

અરિઝોનાના સાંસદ ઈલી ક્રેનેએ કૉંગ્રેસમાં એચવન-બી વિઝાના દુરુપયોગ ડામવા માટેનો ખરડો-૨૦૨૬ રજૂ કર્યો છે અને રિપબ્લિકન પાર્ટીના બીજા સાત સંસદસભ્યોએ આને સમર્થન આપ્યું છે.

આ ખરડામાં એચ વન-બી કાર્યક્રમમાં સુધારા કરવાની દરખાસ્ત છે. આમાં દર વર્ષની મર્યાદા ૬૫,૦૦૦થી ઘટાડીને ૨૫,૦૦૦ કરવાની અને લઘુતમ વેતન દર વર્ષે બે લાખ ડૉલર આપવાની જોગવાઈ છે.

આ ખરડામાં સહી કરનાર બીજા સંસદસભ્યો બ્રયન બેબિન, બ્રેનડોન ગિલ, વેસલી હન્ટ, કીથ સેલ્ફ (બધા ટેકસાસના), એન્ડી ઓગ્લેસ (ટેનેસી), પોલ ગોસર (અરિઝેના) અને ટોમ મેંકકિલનટોક (કેલિફોર્નિયા) છે.

એચ-વનબી વિઝાનો ઉપયોગ અમેરિકાની ટેક્નોલોજી કંપનીઓ કરે છે . આ કંપનીઓ આ કાર્યક્રમની મદદથી વિદેશી કામદારોને રાખે છે. આઈટી (જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકાના રાજદ્વારીઓને મળ્યા વિના ઈરાનના વિદેશ પ્રધાન પાકિસ્તાનથી રવાના

ઇસ્લામાબાદઃ ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચી શનિવારે પાકિસ્તાનના લશ્કરના વડા ફીલ્ડ માર્શલ અસીમ મુનીર અને પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફને મળ્યા હતા પણ અમેરિકાના રાજદ્વારીઓને મળ્યા વિના જ શનિવારે ઇસ્લામાબાદથી રવાના થઈ ગયા હતા. ઇસ્લામાબાદ અમેરિકા અને ઈરાન વચ્ચે મંત્રણા ફરી શરૂ કરાવવા સતત પ્રયત્નશીલ છે પણ અરાઘચી રવાના થઈ જતા આ પ્રયાસોને ફટકો પડ્યો છે.

ઇરાનની એલચી કચેરીએ સોશ્યલ મીડિયા પર મૂકેલા ટૂંકા વીડિયો પ્રમાણે આ બેઠકમાં ઈરાનના નાયબ વિદેશ પ્રધાન કાઝેમ ઘરીબાબદી. વિદેશી બાબતના પ્રવકતા ઈસ્માઈલ બાઘેઈ અને રાજદૂત રેઝા અમીરી મોઘદામ હાજર રહ્યા હતા.

પાકિસ્તાન તરફથી ગૃહપ્રધાન મોહસિન નકવી અને બીજા અધિકારીઓ હાજર હતા.

એલચી કચેરીએ વીડિયોની કેપ્શનમાં કહ્યું હતું કે ઇરાનના વિદેશપ્રધાને મુનીરની મુલાકાત લીધી હતી. ઇરાને વધુ માહિતી આપી નહોતી.

સરકારના સિનિયર અધિકારીએ કહ્યું હતું કે ઇરાનના વિદેશ પ્રધાન મુનિર જોડે ઔપચારિક વાતચીત કરવા તેમને મળ્યા હતા. બન્નેએ (જુઓ પાનું ૨) ▸▸

## નીતિઆયોગની પુનર્રચના કરાઇ

નવી દિલ્હી : સરકારે નીતિઆયોગનું પુનર્ગઠન કર્યું છે, જેમાં અશોક કુમાર લાહિરીને ઉપાધ્યક્ષ અને પાંચ જણ અર્થશાસ્ત્રી કે વી રાજુ, એઈમ્સના ડિરેક્ટર એમ શ્રીનિવાસ અને વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ અભય કરંદીકરને પૂર્ણ-સમયના સભ્યો તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ જાહેરાત કરતા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લાહિરી અને વૈજ્ઞાનિક ગોવર્ધન દાસ અને ભૂતપૂર્વ કેબિનેટ સચિવ રાજીવ ગૌબા સહિત નવા પૂર્ણ-સમયના સભ્યોને ઉત્પાદક અને અસરકારક કાર્યકાળની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે સરકારે નીતિ આયોગનું પુનર્ગઠન કર્યું છે. શ્રી અશોક કુમાર લાહિરીજીને ઉપાધ્યક્ષ બનવા બદલ મારી શુભકામનાઓ. શ્રી રાજીવ ગૌબાજી, પ્રો. કે. વી. રાજુજી, પ્રો. ગોવર્ધન દાસજી, પ્રો. અભય કરંદીકરજી અને (જુઓ પાનું ૨) ▸▸

## બિહારની બલિહારીઃ જપ્ત ચલણી નોટો ઉંદરો ખાઈ ગયા

નવી દિલ્હીઃ બિહારમાં ભ્રષ્ટાચારના કેસના આરોપી પાસેથી જપ્ત કરાયેલી ચલણી નોટોનો ઉંદરોએ નાશ કર્યો હોવા અંગે સુપ્રીમ કોર્ટે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને કે. વી. વિશ્વનાથનની બનેલી ખંડપીઠે આશ્ચર્ય વ્યક્ત કરતા કહ્યું હતું કે સુરક્ષિત સ્થળે રાખવામાં ન આવતી હોવાને કારણે કેટલા મોટા પ્રમાણમાં ચલણી નોટો નાશ પામતી હશે જે રાષ્ટ્રની આવકને મોટું નુકસાન છે. ભ્રષ્ટાચારના કેસને મામલે દોષી ઠરેલી અને ચાર વર્ષની જેલની સજાનો સામનો કરી રહેલી મહિલાની અરજીની સુનાવણી દરમિયાન આ બાબત પ્રકાશમાં આવી હતી.

મહિલા વર્ષ ૨૦૧૪માં બાળ વિકાસ અધિકારી તરીકે કામ કરતી હતી અને તેણે ફરિયાદી પાસે રૂ. ૧૦,૦૦૦ની લાંચની માગણી કરી તે સ્વીકારી હતી. અગાઉ મહિલાને આગામી આદેશ સુધી શરણે થવામાંથી મુક્તિ આપનાર સુપ્રીમ કોર્ટે તેના જામીન મંજૂર કર્યા હતા અને પટણા હાઈ કોર્ટ દ્વારા આપવામાં આવેલી સજા રદ કરી હતી. (એજન્સી) ■

## રાઘવ ચઢ્ઢા સહિતના સાત પક્ષપલટું સાંસદને ગેરલાયક ઠેરવોઃ આપ

નવી દિલ્હીઃ પક્ષના રાજ્યસભાના અનેક સાંસદો ભાજપ સાથે જોડાઈ ગયા હોવાને કારણે હેબતાઈ ગયેલી 'આપ'એ બળવાખોર સાંસદો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની અને રાજ્યસભામાં તેમને ગેરલાયક ઠેરવવાની શનિવારે માગણી કરી હતી. બળવાખોર સાંસદોના જૂથે પણ વળતો પ્રહાર કરતા 'આપ' પર ભ્રષ્ટાચારનો અને પક્ષની વિચારધારાના પતનનો આક્ષેપ કર્યો હતો.

સાત બળવાખોર સાંસદોએ ભારપૂર્વક કહ્યું હતું કે ભયને કારણે નહીં, પરંતુ વર્તમાન નેતૃત્વ સાથે વધતા જતા અંતર, નિરાશા અને ઘૃણાને અમે પક્ષ છોડ્યો છે.

'આપ'ના સૂત્રોના જણાવ્યા અનુસાર શુક્રવારે પક્ષ છોડીને જતા રહેલા બળવાખોર સાંસદોને પાછા બોલાવવા પક્ષના સાંસદો સાથે બેઠક કરવા પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માને રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મૂર્મુ પાસે સમય માગ્યો છે. સંજય સિંહે કહ્યું હતું કે પક્ષ રાજ્યસભાના અધ્યક્ષને પત્ર લખી બળવાખોર સાંસદોને રાજ્યસભામાં ગેરલાયક ઠેરવવાની માગણી કરશે. પક્ષપલટાવિરોધી કાયદો સ્પષ્ટ જણાવે છે કે રાજ્યસભા અને લોકસભામાં કોઈ પણ પ્રકારની તડજોડ ન થઈ શકે અને બેતૃતિયાંશ બહુમતી હોય તો પણ કાયદેસર તેને કોઈ માન્યતા ન મળી શકે. ■

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૬-૪-૨૦૨૬ થી તા. ૨-૫-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં મેષ રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ મીન રાશિમાં ભ્રમણ કરે છે. બુધ મીનમાંથી મેષમાં તા. ૩૦મીએ પ્રવેશે છે. ગુરુ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર વૃષભ રાશિમાં સમગતિએ માર્ગીભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે સિંહ રાશિમાં રહે છે. તા. ૨૮મીએ કન્યા રાશિમાં, તા. ૩૦મીએ તુલા રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના સપ્તાહના કામકાજમાં અનુકૂળતા દર્શાવે છે. નોકરી માટે તા. ૨૮, ૩૦, ૧ શુભ જણાય છે. નોકરીમાં અધિકારીનો સહયોગ મેળવશો. કાર્યક્ષેત્રે સ્વપ્રયત્ને નિર્ણયો લઈ શકશો. કુટુંબીજનોમાં મહિલાઓને સંપ અને એકવાક્યતાનો અનુભવ થાય. મહિલાઓના આરોગ્યમાં ઝડપી સુધારો થશે. વિદ્યાર્થીઓ નવા વાંચન અભ્યાસનાં સાધનો પ્રાપ્ત કરશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં તેજીના વેપારમાં લાભ થશે. નોકરીમાં તા. ૨૯, ૩૦, ૧ શુભ જણાય છે. નોકરીના અધિકારીનો સહયોગ જૂનાં અધૂરાં કાર્યો પૂર્ણ કરવા માટે મેળવશો. નોકરી દ્વારા કામકાજમાં સફળતા અને આત્મવિશ્વાસ દઢ બનશે. સ્વતંત્ર કારોબારમાં પ્રગતિ થશે. મહિલાઓને આ સપ્તાહમાં હુન્નર શીખવા માટેની તકો પ્રાપ્ત થતી જણાશે. વૈચારિક મતભેદો દૂર થવાથી વિદ્યાર્થીઓનો સહઅધ્યાયીઓમાં સંપ વધશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક વેપારમાં લાભ મેળવશો. નોકરી માટે તા. ૩૦, ૧, ૨ શુભ જણાય છે. નવી નોકરીનો પ્રારંભ પણ શક્ય જણાય છે. રાજકારણ જાહેર, સામાજિક કાર્યોમાં પ્રગતિ થશે. નાણાં વ્યવસ્થા વધુ સબળ પુરવાર થશે. નાણાં આવકનાં સાધનો મેળવશો. પ્રવાસમાં નવી ઓળખાણો ઉપયોગી થશે. અધિકારીઓ દ્વારા મહિલાઓને નોકરીમાં સફળતાનો અનુભવ થાય. વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવાસની અનુકૂળતા જણાશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર અનુકૂળ બની રહેશે. નોકરીમાં યશ મેળવશો. તા. ૨૮, ૩૦, ૧ શુભ જણાય છે. મુસાફરી દ્વારા સ્વતંત્ર કારોબારના કામકાજ સંપન્ન થશે. નાણાંની ઉપલબ્ધિમાં અનુકૂળતા જણાશે. વ્યવસાયના મિત્રોમાં મતભેદો દૂર થશે. મહિલાઓને નોકરીમાં સહકાર્યકરો સાથે સંપનો અનુભવ થાય. કામકાજ સરળતાથી પૂર્ણ કરી શકશો. વિદ્યાર્થીઓનો શૈક્ષણિક કાર્યક્રમ સફળ બની રહેશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજમાં વૈવિધ્યતા લાવી શકશો. તા. ૨૯, ૩૦, ૨ નોકરી માટે સફળતાસૂચક છે. લાંબા અંતરનો પ્રવાસ આ સપ્તાહમાં સફળ જણાય છે. નાટ્ય, સાહિત્ય, લખાણની પ્રવૃત્તિઓમાં પ્રગતિ થશે. મિત્રોમાં યશસ્વી અનુભવ થાય. મિત્રો દ્વારા નાણાંની સહાય પણ મેળવશો. કુટુંબમાં મહિલાઓના માનપાન વધે તેમ છે. હસ્તગત જવાબદારીઓ પણ અન્યની મદદથી પૂર્ણ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અધ્યયન માટે અનુકૂળતાઓ પ્રાપ્ત થાય.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજમાં સફળતા જણાશે. નોકરી માટે તા. ૨૬, ૨૯, ૩૦ શુભ જણાય છે. નોકરીના કામકાજ અર્થે સફળ પ્રવાસ જણાય છે. નવા વ્યાપારના કામકાજનો પ્રારંભ થાય. નાણાંની ઉપલબ્ધિ સરળતાથી થતી જણાશે. અર્થવ્યવસ્થા વધુ બળવત્તર બનશે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબીજનોનો સહયોગ પ્રાપ્ત થતો જણાય. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના નિર્ણયો એકંદરે લાભદાયી પુરવાર થશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજમાં જરૂર પ્રમાણે માર્ગદર્શન પ્રાપ્ત કરશો. નોકરીમાં તા. ૨૬, ૨૭, ૩૦ શુભ જણાય છે. નોકરીના રહસ્યો, મૂંઝવણોનો ઉકેલ આવશે. હરીફાઈમાં અગ્રેસર બની રહેશો. મિત્રો દ્વારા કાર્યક્ષેત્રે સફળતા મેળવશો. કુટુંબીજનોમાં મહિલાઓનું માનપાન વધશે. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભ માટેની તક પ્રાપ્ત થતી જણાશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવી શકશો. નોકરી માટે તા. ૨૬, ૨૭, ૨૯ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં વિવાદ દૂર થશે. નોકરીની પ્રવૃત્તિઓ ઝડપથી પૂર્ણ કરી શકશો. પ્રવાસમાં નવી ઓળખાણો ઉપયોગી થાય. આવકનાં નવાં સાધનો પ્રાપ્ત કરશો. મહિલાઓને આ સપ્તાહમાં અધ્યયન માટેની તકો પ્રાપ્ત થશે. શિવણ, રાંધણ કળાનો હુન્નર શીખશો. વિદ્યાર્થીઓ અભ્યાસમાં નિયમિતતા દાખવી શકશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારનું નવું જ્ઞાન મેળવશો. નોકરી માટે તા. ૨૭, ૨૮, ૨૯ શુભ જણાય છે. નોકરીના નવા નિર્ણયોનો અમલ થઈ શકશે. ઉપરી અધિકારી મદદરૂપ થશે. સ્વતંત્ર કારોબારમાં પણ પ્રગતિ જણાય છે. સપ્તાહમાં નાણાંની આવકમાં વધારો થાય. આરોગ્યમાં ઝડપી સુધારો થાય. મહિલાઓને કુટુંબના પ્રસંગો સરળતાથી પૂર્ણ થઈ શકશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના નવા નાણાં રોકાણ અને વેપારમાં વૈવિધ્યતા લાવી શકશો. નોકરી માટે આ સપ્તાહ શુભ જણાય છે. નોકરીમાં તા. ૨૭, ૨૯, ૩૦ના કામકાજ પ્રગતિસૂચક બની રહેશે. કામકાજ અર્થેના પ્રવાસો સફળ નીવડશે. કાર્યક્ષેત્રે પરિશ્રમ છતાંય સફળતા અનુભવશો. પ્રવાસ દ્વારા જૂની ઉઘરાણીની વસૂલી થાય. વેપારમાં વૈવિધ્યતા લાવી શકશો. મહિલાઓને આ સપ્તાહમાં અનારોગ્યમાં અનુકૂળતાઓ જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં વાંચન અભ્યાસમાં નિયમિતતા દાખવી શકશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબનું અનુકૂળ કામ અનુભવશો. નોકરી માટે તા. ૨૬, ૨૭, ૨૯ શુભ જણાય છે. નોકરીના મિત્રોમાં યશસ્વી અનુભવ કરશો. મુસાફરી દ્વારા નોકરીના કામકાજ પણ પૂર્ણ થઈ શકશે. તા. ૨૬, ૨૭, ૨૯ પણ અપેક્ષા મુજબ નિત્ય કામકાજમાં સફળતા દર્શાવે છે. કાર્યક્ષેત્રે નવા કામકાજનો પ્રારંભ થાય. મહિલાઓને પરિવાર માટે કિંમતી ચીજોની ખરીદી માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસમાં સફળતા જણાશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના દૈનિક સાપ્તાહિક વેપાર અને ટ્રેડિંગના વેપારમાં અનુકૂળતા રહેશે. નોકરી માટે આ સપ્તાહ પ્રગતિસૂચક જણાય છે. નોકરી માટે તા. ૨૮, ૨૯, ૨ શુભ જણાય છે. માર્કેટિંગના કામોમાં સફળતા અનુભવશો. કાર્યક્ષેત્રે જરૂરી નાણાંની સવલતો પણ મેળવશો. પ્રવાસમાં યોગ્ય સફળતા મેળવશો. મહિલાઓને પ્રાસંગિક જવાબદારીમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ વાંચન અભ્યાસમાં નિયમિતતા દાખવી શકશે. ■

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મ ઋતુ, રવિવાર, તા. ૨૬-૪-૨૦૨૬, ત્રિપુર પોરમ (કેરાલા)

ભારતીય દિનાંક ૬, માહે વૈશાખ, શકે ૧૯૪૮
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮,
વૈશાખ સુદ -૧૦
જૈન વીર સંવત ૨૫૫૨, માહે વૈશાખ,
તિથિ સુદ-૧૦
પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર,
માહે ૯મો આદર, સને ૧૩૯૫
પારસી કદમી રોજ ૧૫મો દએપમહેર,
માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૭મો અમરદાદ,
માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
મુસ્લિમ રોજ ૮મો,
માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
મીસરી રોજ ૧૦મો,
માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
નક્ષત્ર મઘા રાત્રે ક. ૨૦-૨૬ સુધી,
પછી પૂર્વાફાલ્ગુની
ચંદ્ર સિંહમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૫,
અમદાવાદ ક. ૦૬ મિ. ૧૨, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૭,
અમદાવાદ ક. ૧૮ મિ. ૦૩, સ્ટા. ટા.
: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટઃ
ભરતી : સવારે ક. ૦૮-૧૫, રાત્રે ક. ૨૦-૪૦
ઓટઃ બપોરે ક. ૧૪-૧૭, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૧૮ (તા. ૨૭)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, વૈશાખ શુક્લ - દસમી. ત્રિપુર પોરમ, કેરાલા, ભદ્રા મધ્યરાત્રિ પછી ક. ૩૦-૦૭થી પ્રારંભ.

શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.

મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું વિશેષ પૂજન, ગાયત્રી જાપ પૂજા, હવન, ધર્મલાભ અને કષ્ટોના નાશ માટે યમદેવતાનું પૂજન કરવું, મઘા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, કેતુ ગ્રહદેવતાનું પૂજન, પિતૃદેવતાનું પૂજન, ૐ પિતૃદેવતાભ્યો નમ : ના મંત્રજાપ, વડનું પૂજન, બી વાવવું, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી ગણેશ પૂજા, વિશેષરૂપે,

આચમનઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ ઉડાઉ સ્વભાવ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ ઉચ્ચ કક્ષાએ પહોંચવાની ક્ષમતાવાળા, બુધ-ગુરુ ચતુષ્કોણ ઉતાવળિયો સ્વભાવ, ચંદ્ર-રાહુ પ્રતિયુતિ અકારણ ભય રહે.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ, બુધ-ગુરુ ચતુષ્કોણ (તા. ૨૭), ચંદ્ર-રાહુ પ્રતિયુતિ. ચંદ્ર-મઘા યુતિ થાય છે. ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી દક્ષિણે થશે.

ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-મીન (મંગળ દેખાશે) માર્ગી બુધ-મીન (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ દેખાશે) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૬-૪-૨૦૨૬ થી તા. ૨-૫-૨૦૨૬

રવિવાર, વૈશાખ સુદ-૧૦, વિ. સં. ૨૦૮૨, તા. ૨૬મી એપ્રિલ, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર મઘા રાત્રે ક. ૨૦-૨૬ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. ત્રિપુર પોરમ, કેરાલા, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૩૦-૦૭ (તા. ૨૭), લગ્ન, સામાન્ય દિવસ.

સોમવાર, વૈશાખ સુદ-૧૧, તા. ૨૭મી. નક્ષત્ર પૂર્વાફાલ્ગુની રાત્રે ક. ૨૧-૧૮ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭-૩૫ (તા. ૨૮) પછી કન્યા રાશિ પર જન્માક્ષર. મોહિની એકાદશી (ગૌમૂત્ર), લક્ષ્મીનારાયણ એકાદશી (ઓરિસ્સા), ભદ્રા મધ્યરાત્રિ પછી ક. ૩૦-૦૭ થી સાંજે ક. ૧૮-૧૫ (તા. ૨૮). લગ્ન, સામાન્ય દિવસ.

મંગળવાર, વૈશાખ સુદ-૧૨, તા. ૨૮મી, નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની રાત્રે ક. ૨૨-૩૫ સુધી પછી હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. પરશુરામ દ્વાદશી, રુકિમણી દ્વાદશી, ભૌમ પ્રદોષ, મીનાક્ષી કલ્યાણક, લગ્ન, ઉપનયન, વાસ્તુકળશ, શુભ દિવસ.

બુધવાર, વૈશાખ સુદ-૧૩, તા. ૨૯મી, નક્ષત્ર હસ્ત મધ્યરાત્રે ક. ૨૪-૧૫ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. લગ્ન, વાહન, ખાતમુહૂર્ત, સર્વદેવપ્રતિષ્ઠા, વાસ્તુકળશ, શુભ દિવસ.

ગુરુવાર, વૈશાખ સુદ-૧૪, તા. ૩૦મી, નક્ષત્ર ચિત્રા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૧૬ સુધી (તા. ૧), પછી સ્વાતિ. ચંદ્ર કન્યામાં બપોરે ક. ૧૩-૧૩ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. શ્રી નૃસિંહ જયંતી, શ્રી આદ્યશંકરાચાર્ય કૈલાશગમન (રાજકોટ), ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૧-૧૨, બુધ મેષમાં ક. ૩૦-૫૧. લગ્ન, સામાન્ય દિવસ.

શુક્રવાર, વૈશાખ સુદ-૧૫, તા. ૧લી મે, નક્ષત્ર સ્વાતિ મધ્યરાત્રિ પછી ક. ૨૮-૩૪ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. વ્રતની પૂનમ, વૈશાખ પૂર્ણિમા, બુદ્ધ પૂર્ણિમા, કુર્મ જયંતી, વૈશાખ સ્નાન સમાપ્ત. પારસી ૧૦મો દએ માસારંભ, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૦.૦૦, મહારાષ્ટ્ર, ગુજરાત દિન, મહારાજ શ્રી ઘેલારામ જયંતી (રાજકોટ), અન્વાધાન, ગંધેશ્વરી પૂજા (બંગાળ), બુધ પૂર્વમાં લોપ થાય છે. લગ્ન, વાહન, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા. શુભ દિવસ.

શનિવાર, વૈશાખ વદ-૧, તા. ૨જી, નક્ષત્ર વિશાખા. ચંદ્ર તુલામાં મધ્યરાત્રે ક. ૨૪-૨૭ સુધી (તા. ૩), પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. વિંછુડો પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૪-૨૭, ઈષ્ટિ, નારજ જયંતી. વિંછુડો પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૪-૨૭, ઈષ્ટિ (તા. ૩) નારદ જયંતી. શુભ કાર્ય વર્જ્ય છે. ■

# 'શીશ મહેલ-ટૂ બનાવવા કેજરીવાલે ભરપૂર પૈસા ઊડાડ્યા'

## 'આપ'ના સાત સાંસદના પક્ષાંતરના એક દિવસ પછી ભાજપનો આક્ષેપ

નવી દિલ્હી : ભારતીય જનતા પાર્ટીએ 'આપ'ના સાત સાંસદને તોડયાના એક દિવસ બાદ શનિવારે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલને લોધી એસ્ટેટમાં ફાળવવામાં આવેલા નવા બંગલામાં સુવિધાઓ માટે ખાનગી પૈસા ખર્ચવાનો આરોપ લગાવ્યો હતો અને એને ''શીશ મહેલ ટૂ'' ગણાવ્યો હતો.

આપ દ્વારા આ આરોપને ખોટો ગણાવીને તેને નકારી કાઢવામાં આવ્યો છે. ભાજપ મુખ્યાલયમાં એક પત્રકાર પરિષદને સંબોધતા, દિલ્હીના જાહેર બાંધકામ વિભાગના પ્રમુખ પરવેશ સાહિબ સિંહ વર્માએ કહ્યું કે કેજરીવાલ વૈભવી જીવન જીવવા ટેવાઈ ગયા છે.

દિલ્હીના ધુરંધર મતદારો દ્વારા તેમને શીશ મહેલમાંથી બહાર કાઢવામાં આવ્યા પછી, તેઓ પંજાબ ગયા, જ્યાં તેમણે એક બંગલો કબજે કર્યો, અને હવે તેમણે લોધી એસ્ટેટમાં શીશ મહેલ ૨ તૈયાર કર્યો છે, તેવું વર્માએ કહ્યું. કેન્દ્ર દ્વારા કેજરીવાલને ફાળવવામાં આવેલા ટાઇપ ૭ બંગલાના ચિત્રો બતાવતા એમણે કહ્યું કે કેન્દ્રીય જાહેર બાંધકામ વિભાગ બંગલા પર આટલા પૈસા ખર્ચતો નથી અને આરોપ લગાવ્યો કે તેમાં ઉચ્ચ ગુણવત્તાની સુવિધાઓ ઊભી કરવા માટે ખાનગી ભંડોળ ખર્ચવામાં આવ્યું છે.

તેમણે આપ અને કેજરીવાલ પાસેથી જાણવા માંગ્યું કે બંગલા પર કેટલા પૈસા ખર્ચવામાં આવ્યા હતા અને તેનો સ્રોત શું હતો. હિન્દીમાં એક્સની પોસ્ટમાં, આપ નેતા આતિશીએ કહ્યું કે, પરવેશ વર્મા દ્વારા બહાર પાડવામાં આવેલા બધા ફોટા નકલી છે. તે કેજરીવાલજીના ઘરની તસવીરો નથી. કોનું ઘર કેટલું વૈભવી છે તે શોધવા માટે, (મુખ્ય પ્રધાન) રેખા ગુપ્તાજી અને લેફ્ટનન્ટ ગવર્નર સાહેબે પોતાના ઘર ખોલવા જોઈએ, અને કેજરીવાલજી પોતાનું ઘર ખોલશે. જનતા પોતે જ નક્કી કરશે, એવું તેમણે ઉમેર્યું હતું.

# માલીનાં શહેરોમાં આતંકવાદી હુમલા

બામાકો (માલી)ઃ આતંકવાદીઓએ માલીની રાજધાની બામાકો સહિતના શહેરોમાં અનેક સ્થળો અને બૅરેકને નિશાન બનાવી હુમલો કર્યો હોવાનું માલીની સેના દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. આ ઘટના શનિવારે બની હોવાનું જણાવતાં વહીવટકર્તાઓએ કહ્યું હતું કે સૈનિકો હાલ હુમલાખોરોને નેસ્તનાબૂદ કરવામાં વ્યસ્ત છે. અલ કાઈદા અને ઈસ્લામિક સ્ટેટ ગ્રૂપ સાથે સંકળાયેલા બળવાખોરોથી માલી પીડિત છે. શહેરથી ૧૫ કિ.મી.ના અંતરે આવેલા મોજિબો કેઈટા ઈન્ટરનેશનલ ઍરપોર્ટ પરથી વિસ્ફોટકોના ધડાકા અને ગોળીબારના અવાજ સાંભળવા અને આકાશમાં હેલિકૉપ્ટર ઉડતાં જોવા મળ્યાં હતાં. ■

# 'આપ' સાથે છેડો ફાડ્યાના ૨૪ કલાકમાં રાઘવ ચઢ્ઢાના દસ લાખ ફૉલૉઅર્સ ઘટ્યા

નવી દિલ્હીઃ આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડીને ભારતીય જનતા પાર્ટીનો હાથ ઝાલવાની જાહેરાત કર્યાના ૨૪ કલાકની અંદર રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાના ઇન્સ્ટાગ્રામ ફૉલોઅર્સની સંખ્યામાં ભારે ઘટાડો નોંધાયો છે. તેમણે ૧૦ લાખથી વધુ ફોલોઅર્સ ગુમાવી દીધા છે.

ભારતની યુવા પેઢીના રાજકીય આદર્શ ગણાતા ચઢ્ઢાના ફૉલૉઅર્સની સંખ્યા ૧.૪૬ કરોડથી ઘટીને ૧.૩૩ કરોડ થઇ ગઇ છે. ભાજપમાં જોડાયા પછી ડિજિટલ ફૉલૉઅર્સમાં આ અચાનક ઘટાડો તેના ઓનલાઇન સમર્થનકોના એક વર્ગમાં વ્યાપી રહેલી નારાજગીને દર્શાવે છે. સોશ્યલ મીડિયા દ્વારા યુવાનો સાથે મજબૂત જોડાણ બનાવનાર આ રાજકીય પક્ષ બદલ્યા બાદથી ટીકાઓનો ભોગ બની રહ્યા છે.

પક્ષ બદલવા મુદ્દે ઇન્સ્ટાગ્રામ પર ભારે વિરોધ જોવા મળ્યો હતો. જ્યાં યુઝર્સએ તેમની પોસ્ટ્સ પર ટિકાઓ ભરેલી કમેન્ટ્સનું પૂર લાવી દીધું હતું. અમે તમારામાં ભાવિ પીએમ જોયા હતા...તમે તમારા ચાહકોની પીઠમાં છુરો ભોંક્યો છે અને ચાલો તેમને અનફોલો કરીએ, જેવી કમેન્ટ્સને ભારે સમર્થન મળી રહ્યું છે.

દેશના યુવા મતદારોમાં ચઢ્ઢાની લોકપ્રિયતાનું મુખ્ય કારણ આક્રમક રાજકીય નિવેદનબાજીના બદલે રોજિંદા શાસન સંબંધિત મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું હતું. તેમણે એરપોર્ટ પર ખાણી-પીણીની ચીજોના ઊંચા ભાવ, મધ્યમ વર્ગ પરના ટેક્સ, ડિલિવરી કર્મચારીઓની કાર્ય કરવાની પરિસ્થિતિઓ, ટેલિકોમ રિચાર્જનો ખર્ચ અને ગ્રાહકો સાથે જોડાયેલા એવા મુદ્દાઓ ઉઠાવ્યા હતા. ■

# સંઘનાં મૂલ્યોનો મોદીએ પોતાના અનોખા અંદાજમાં પ્રસાર કર્યો: હોસાબલે

વૉશિંગ્ટનઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અનોખા અંદાજમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના મૂલ્યોનો પ્રસાર કર્યો હતો અને તેઓ સંસ્થાના શ્રેષ્ઠ પ્રતિનિધિ છે, એમ આરએસએસના મહામંત્રી દત્તાત્રય હોસાબલે કહ્યું હતું.

સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે આરએસએસ આગામી પચીસ વર્ષ સામાજિક સામંજસ્ય, એકતા, આત્મજાગૃતિ, વસાહતી માનસિકતાનો ત્યાગ અને નાગરિક તરીકેની જવાબદારીની સમજ, સામાજિક મૂલ્યોને વધુ મજબૂત કરવા, ટકાઉ વિકાસનું મૉડેલ તૈયાર કરવા જેવી બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ભલે આ શબ્દોનો પ્રયોગ ન કરે પરંતુ તેઓ આ તમામ બાબતો તેમના આગવા અંદાજમાં કરી રહ્યા છે, એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે 'આત્મનિર્ભર ભારત' સહિતની સરકારની અનેક યોજનાઓમાં આરએસએસના વિચારોનું પ્રતિબિંબ પડે છે.

આરએસએસની શતાબ્દીની ઉજવણી નિમિત્તે પૉસ્ટલ સ્ટેમ્પ અને સ્મૃતિ સિક્કો બહાર પાડતી વખતે મોદીએ સંઘ દ્વારા કંડારવામાં આવેલી કેડીનાં ભાવિ મહત્ત્વ પર ભારત મૂક્યો હોવાની વાતની તેમણે યાદ અપાવડાવી હતી.

મોદી ચૂંટાયેલા વડા પ્રધાન છે, પરંતુ તેઓ સંસ્કૃતિનાં મૂળ અને આરએસએસના અભિગમ અંગે જાણકારી ધરાવે છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે મોદી આરએસએસના શ્રેષ્ઠ પ્રતિનિધિ છે. (એજન્સી) ■

પહેલા પાનાનું ચાલુ

## માથાફાડ ગરમી

પેટા ચૂંટણી માટે આજે મતદાન થશે. રાજ્ય ચૂંટણી આયોગે મતદાન પ્રક્રિયા દરમિયાન સુરક્ષા માટે સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મથકો પર વધારાનું પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવ્યું છે. કુલ ૪૮૪૫૦ મતદાન મથકો પૈકી ૧૪૨૭૫ને સંવેદનશીલ અને ૨૧૯૬ને અતિ સંવેદનશીલ મતદાન મથકો જાહેર કરવામાં આવ્યા છે. મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે માટે ૯૨૫૮૩ પોલીસ સ્ટાફને તૈનાત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, ઉનાળાની ગરમીને જોતા મતદાન મથકો પર છાંયડા, પાણી અને પ્રાથમિક સારવારની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો મુજબ, ૧૫ મહાનગરપાલિકાઓની કુલ ૧૦૪૪ બેઠકો પૈકી ૪૩ બેઠકો બિનહરીફ થઈ છે, જ્યારે બાકીની ૧૦૦૧ બેઠકો માટે ૩૧૪૫ ઉમેદવારો મેદાનમાં છે. ૮૪ નગરપાલિકાઓની ૨૬૨૪ બેઠકોમાંથી ૩૮૫ બેઠકો બિનહરીફ થતા હવે ૨૨૩૮ બેઠકો પર ૫૪૪૧ ઉમેદવારો વચ્ચે જંગ જામશે. પંચાયતોની વાત કરીએ તો, ૩૪ જિલ્લા પંચાયતોની ૧૦૯૦ બેઠકોમાંથી ૫૨ બેઠકો બિનહરીફ થઈ છે અને ૨૬૦ તાલુકા પંચાયતોની ૫૨૩૪ બેઠકો પૈકી ૨૫૨ બેઠકો બિનહરીફ થઈ છે. તાલુકા પંચાયતની ત્રણ બેઠકો પર ઉમેદવારોના નિધનને કારણે ચૂંટણી મોકૂફ રાખવામાં આવી છે. એકંદરે તમામ સંસ્થાઓ મળીને કુલ ૨૫,૫૩૭ ઉમેદવારો નસીબ અજમાવી રહ્યા છે.

મતદાનના દિવસે મતદારે પોતાની ઓળખ માટે ભારતના ચૂંટણી પંચે આપેલું ફોટો ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે. જો કોઈ મતદાર પાસે ચૂંટણી કાર્ડ ન હોય તો પાસપોર્ટ, પાનકાર્ડ, આધાર કાર્ડ, ડ્રાઈવિંગ લાઇસન્સ કે બૅંક પાસબુક જેવા ૧૪ વૈકલ્પિક દસ્તાવેજો પૈકી કોઈ એક પુરાવો રજૂ કરીને મતદાન કરી શકશે. આજે સવારે ૭:૦૦ થી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી મતદાન યોજાશે.

રાજ્યની વિવિધ સંસ્થાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓને મતદાન માટે રજા અથવા ત્રણ કલાકની ખાસ રજા આપવાની વ્યવસ્થા કરવા પણ શ્રમ આયુક્ત દ્વારા નિર્દેશ આપવામાં આવ્યા છે. આ ચૂંટણીમાં રાજ્યના બે કરોડથી વધુ પુરુષ મતદારો અને ૧.૯૭ કરોડ જેટલા મહિલા મતદારો તેમ જ ૮૪૮ અન્ય મતદારો મળીને કુલ ૪,૦૮,૧૬,૭૧૩ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીને 'લોકશાહીના પવિત્ર ઉત્સવ' તરીકે ઓળખાવી રાજ્યના મતદારોને ઉત્સાહપૂર્વક ભાગ લેવા હાકલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, મતદાન એ માત્ર આપણો અધિકાર જ નહીં પરંતુ એક પવિત્ર નાગરિક ફરજ છે. ગામડાથી લઈને શહેર સુધીના સર્વાંગી વિકાસ માટે બેલેટ બોક્સ એ પ્રગતિનું મુખ્ય એન્જિન છે. 'વિકસિત ગુજરાત' થી 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટે મુખ્ય પ્રધાને ૧૦૦ ટકા મતદાન પર ભાર મૂક્યો હતો. ■

## એચવન-બી પર

વર્કર અને ફિઝિશિયન સહિત ભારતીય પ્રોફેશનલ્સ આ વિઝાના મોટા ધારકો છે.

આ ખરડો એચ-વનબી વિઝા કાર્યક્રમમાં મોટો ફેરફાર લાવવા માગે છે. આ ખરડો લોટરી સિસ્ટમને બદલે વેતન આધારિત પસંદગી સિસ્ટમ લાવવા માગે છે, માલિકોને એવું પ્રમાણપત્ર આપવાનું કહે છે કે અમે સુશિક્ષિત અમેરિકન કામદાર મળ્યો નથી અને અમે લેઑફ (છટણી) નહીં કરીએ. આમાં એચ-વનબી કામદારના એક કરતાં વધારે કામ કરવા પર પ્રતિબંધ મુકવાની અને થર્ડ પાર્ટી સ્ટાફિંગ એજન્સીઓ એચ-વનબી કામાદરોને રોજગાર નહીં આપી શકે એવી દરખાસ્ત છે. (એજન્સી) ■

## ગુજરાત અગનભઠ્ઠી

હતો. બપોરના સમયે તીવ્ર ગરમીને કારણે રસ્તાઓ સૂમસામ જોવા મળ્યા હતા અને લોકો જરૂરી કામ સિવાય બહાર નીકળવાનું ટાળી રહ્યા હતા. મોડી સાંજ સુધી ગરમ લૂ ફેંકાઈ હતી. કાળઝાળ ગરમીથી લોકો તોબા પોકારી ગયા હતા.

આ સાથે દરિયાકાંઠાના વિસ્તારોમાં હવામાન વિભાગે ગરમ અને ભેજવાળા વાતાવરણની ચેતવણી આપી છે. અહીં તાપમાન ૩૧ અને ૩૨ ડિગ્રી આસપાસ છે, પરંતુ સખત બફારો અનુભવાઈ રહ્યો છે.

આ સાથે આજે પણ ગરમીથી ખાસ કોઈ રાહત નહીં મળે તેવી આગાહી હવામાન વિભાગે કરી હતી. ■

## નીતિ આયોગની

ડો. એમ. શ્રીનિવાસજીને પણ નીતિ આયોગના પૂર્ણ-સમયના સભ્ય બનવા બદલ મારી શુભકામનાઓ.

આગામી કાર્યકાળ માટે હું તેમને ફળદાયી અને પ્રભાવશાળી બનાવવા માગુ છું, તેવું મોદીએ એક્સ પર એક પોસ્ટમાં કહ્યું.

વડા પ્રધાનએ કહ્યું કે નીતિ આયોગ ભારતના નીતિ-નિર્માણ સ્થાપત્યમાં એક મહત્વપૂર્ણ સ્તંભ તરીકે ઉભરી આવ્યું છે, જે સહકારી સંઘવાદને પ્રોત્સાહન આપે છે, સુધારાઓને આગળ ધપાવે છે અને 'જીવનની સરળતા'ને વેગ આપે છે.

તે તમામ ક્ષેત્રોમાં નવીનતા અને લાંબા ગાળાની વ્યૂહાત્મક વિચારસરણી માટે ગતિશીલ પ્લેટફોર્મ તરીકે સેવા આપે છે, એવું તેમણે કહ્યું.

વડા પ્રધાન નીતિ આયોગના અધ્યક્ષ છે.

તેમની નિમણૂક બાદ પશ્ચિમ બંગાળમાં ભાજપના ધારાસભ્ય લાહિરી શનિવારે વડા પ્રધાન મોદીને મળ્યા હતા.

તેઓ ભારત સરકારના ભૂતપૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર અને ૧૫મા નાણા પંચના સભ્ય હતા. તેઓ બંગાળમાં ચાલી રહેલી વિધાનસભા ચૂંટણી લડી રહ્યા નથી.

## અમેરિકાના

અમેરિકા સાથેની શાંતિ મંત્રણા અંગે વાતચીત કરી હતી.

ઇરાનના પ્રતિનિધિમંડળ પાકિસ્તાનનાવડા પ્રધાન શાહબાઝ શરીફને મળ્યું હતું. ઇરાનનું પ્રતિનિધિમંડળ શરીફને મળ્યા બાદ ઇરાન જવા રવાના થયું હતું. આ પ્રતિનિધિમંડળે અમેરિકાના એલચી વાતચીત માટે આવે એની રાહ જોઈ નહોતી.

પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન ઇશાક ડારે શનિવારે જણાવ્યું હતું કે પાકિસ્તાન ઇરાન-અમેરિકા વાટાઘાટોને સરળ બનાવી રહ્યું છે અને તે પ્રદેશ અને તેનાથી આગળ શાંતિ અને સ્થિરતા પ્રાપ્ત કરવાના પ્રયાસો ચાલુ રાખશે, જો કે વાટાઘાટોના બીજા રાઉન્ડને ઘેરી લેતી અનિશ્ચિતતાઓ છે.

વિદેશ કાર્યાલયના એક નિવેદન અનુસાર, ડાર, જે વિદેશ પ્રધાન પણ છે, તેમણે પ્રદેશમાં તાજેતરના વિકાસની સમીક્ષા કરવા માટે વિદેશ મંત્રાલયમાં એક બેઠક યોજી હતી.

તેમણે એ વાત પર ભાર મૂક્યો હતો કે ઈરાન-અમેરિકા સુવિધા પ્રક્રિયા પર પાકિસ્તાનના સત્તાવાર નીતિ નિવેદનો ફક્ત સત્તાવાર સ્રોતો દ્વારા જારી કરાયેલા છે, તેમ તેમાં જણાવાયું છે.

નામ વગરના પાકિસ્તાની અધિકારીઓ કે સ્રોતો, ભલે તે પ્રિન્ટ કે સોશ્યલ મીડિયામાં ટાંકવામાં આવ્યા હોય, તે પાકિસ્તાનના સત્તાવાર વલણને પ્રતિબિંબિત કરતા નથી, એવું તેમણે ઉમેર્યું હતું. ■

## પ્રજામત

### સ્વદેશી અપનાવો, દેશ બચાવો

વર્તમાનમાં યુદ્ધની સ્થિતિએ ભારતીય અર્થતંત્ર અને જનજીવનને ગંભીર અસર પહોંચાડી છે. આરબ દેશો ક્રૂડ ઓઇલની ધૂમ કમાણી યુદ્ધમાં અને આતંકવાદને ફેલાવા પાછળ વાપરે છે, પરંતુ ભારતે હવે ક્રૂડ ઓઇલનો વિકલ્પ શોધી કાઢવો જોઈએ. સ્વદેશી સાધનો વડે હવે જીવવાનું શીખવું પડશે. ક્રૂડની આયાત ઘટાડીને સોલાર સિસ્ટમને અપનાવવી જોઈએ. જેથી દેશને ફાયદો થાય.

- જગદીશ ઉપાધ્યાય
વલ્લભ વિદ્યાનગર

### ઈરાન યુદ્ધ ને એલ.પી.જી.

અમેરિકાના પ્રેસિડન્ટ ડોનલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે યુદ્ધ શરૂ કર્યું હતું. એમને એમ હતું કે ઈરાન વધુમાં વધુ એક અઠવાડિયામાં શરણે આવી જશે, પરંતુ એવું થયું નહીં. ઈરાન તેમની સામે જબરદસ્ત લડત આપી છે. ભારત સીધે સીધું તો સામેલ નથી. ભારતને ક્રૂડ ઓઇલ અન્ય સહયોગી દેશો પાસેથી મળે છે. એમાં મોટી કપાત થઈ છે. તેલ અને એલ.પી.જી. લાવવામાં ખર્ચ ઘણો વધી જાય છે. સરકારે રાંધણ ગેસના બાટલા દીઠ ૬૦ રૂપિયાનો વધારો કરી દીધો. આપણા દેશમાં કોઈપણ વસ્તુનો ભાવ વધારો થાય તો એની કાળાબજારી શરૂ થઈ જાય છે. એવામાં સૌની એક જ ઈચ્છા છે કે આ યુદ્ધનો નિવેડો આવે.

- જિતેન્દ્ર એલ. શાહ
હૈદરાબાદ

### છેવટે ઈશ્વરે હાથ પકડી લીધો

મુસાફરીનો પંથ પૂરો થઈ ગયો
ભાઈ મારી જિંદગીનો, સૂરજ ડૂબી ગયો.
ગજબનું હતું બાળપણ
અજબની હતી યુવાની
કોણ જાણે ઘડપણની
ઘડીઓ ક્યાંથી આવી ને?
કાચી માટીની કાયાનો
પડછાયો ભુંસાઈ ગયો.
ગજબનું હતું દાંપત્ય જીવન
અજબનો હતો સંસાર
કોણ ક્યાંથી આવી ને ત્રાટક્યો કાળ?
જિંદગીની ઘટમાળનો તાર તૂટી ગયો.
ગજબનું હતું મનોબળ
અજબની હતી વિચારધારા
કોણ જાણે ક્યાંથી ઉછળીને
તૂટી પડ્યો દુ:ખનો પહાડ
કોમળ ફૂલ જેવો
રુદિયો ઘવાઈ ગયો
પંથ દેખાડનારો તું છો,
મુસાફરી કરાવનારો તું છો
જિંદગીનો સૂરજ ડૂબતા
ડૂબતા, કાચલિયા કહે મારો હાથ
તારે જ હાથે પકડાઈ ગયો.

- નવિનચંદ્ર રતિલાલ કાચલિયા
નવસારી

# સુરતમાં આધેડે પાટીદારની છોકરીની છેડતી કરતા હંગામો, પોલીસ સ્ટેશનમાં ભીડ એકઠી થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં પાટીદાર સમાજની સગીર છોકરી ટ્યૂશનથી પરત આવતી હતી ત્યારે એક આધેડ મુસ્લિમે તેની છેડતી કરી હતી. છોકરીએ હિંમત દાખવી ચીસાચીસ કરતા લોકો દોડી આવ્યા હતા અને આરોપીને માર માર્યો હતો. જોતજોતામાં પાટીદાર સમાજના લોકો અને હિન્દુ સંગઠનો પણ દોડી આવ્યા હતા અને અલથાણ પોલીસ સ્ટેશનમાં મોટા પ્રમાણમાં લોકોનો જમાવડો થઈ ગયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના શુક્રવારે રાત્રે ૮:૩૦ વાગ્યે અલથાણ ટોલ વિસ્તાર નજીક બની હતી, જ્યારે છોકરી અલથાણ મલ્ટી-પાર્ક મોલ ખાતે તેના કોચિંગ ક્લાસમાંથી પાછી ફરી રહી હતી. આ સમયે ૩૫ થી ૪૦ વર્ષના શેખ મુહમ્મદ અઝીઝ ઇમ્તિયાઝ તરીકે ઓળખાતા એક વ્યક્તિએ ટુ-વ્હીલર પર તેની પાસે આવીને તેને હેરાન કરી હતી. છોકરીએ ચીસો પાડતા લોકો દોડી આવ્યા હતા અને શખ્સને પકડી પાડ્યો હતો.

૧૧૨ કંટ્રોલ રૂમ વાહન પહોંચ્યું ત્યાં સુધીમાં, ગુસ્સે ભરાયેલા ટોળાએ આરોપીને માર માર્યો હતો, પોલીસ વાનમાં ધકેલી દીધા પછી પણ લોકો શાંત પડ્યા ન હતા. બાદમાં તે વ્યક્તિને અલથાણ પોલીસ સ્ટેશન ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની ઔપચારિક ધરપકડ કરવામાં આવી હતી અને ભારતીય ન્યાય સંહિતા અને પોક્સો અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. દરમિયાન ખૂબ જ મોટી સંખ્યામાં લોકો અલથાણ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને આરોપીનું રાતે ને રાતે જ સરઘસ કાઢવામાં આવે અને તેને સખત સજા કરવામાં આવે તેવી માગણી કરી હતી.

સ્થિતિ વણસતા પોલીસના ઉચ્ચ અધિકારીઓ આવી પહોંચ્યા હતા અને હળવો લાઠીચાર્જ કર્યો હતો અને ટીયરગેસના શેલ છોડવા પડ્યા હોવાનુ સૂત્રોએ જણાવ્યું હતું.

શનિવારે વહેલી સવાર સુધીમાં, અલથાણ પોલીસ સ્ટેશનમાં પરિસ્થિતિ શાંત થઈ ગઈ હતી, પોલીસે આરોપીઓને પાછળના રસ્તેથી બહાર કાઢ્યા હતા અને કડક કાર્યવાહીના વારંવારના આશ્વાસન બાદ ધીમે ધીમે ભીડને વિખેરી નાખી હતી. સુરતના ડેપ્યુટી પોલીસ કમિશનર નિધિ ઠાકુર સહિત વરિષ્ઠ અધિકારીઓએ મીડિયાને જણાવ્યું હતું કે આરોપી પોલીસ કસ્ટડીમાં છે અને પોલીસ આગળ તપાસ કરી રહી છે.

દરમિયાન શનિવારે સાંજે આરોપીને ઘટનાના રિકન્સ્ટ્રક્શન માટે લાવવામાં આવ્યો હતો ત્યારે ફરી મોટી ભીડ એકઠી થઈ ગઈ હતી. મહિલાઓ પણ મોટી સંખ્યામાં રસ્તા પર ઉતરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અલથાણામાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. ■

# અમેરિકામાં મૂળ ગુજરાતની મહિલા પર ગોળી છૂટી, પતિની ધરપકડ

અમદાવાદઃ અમેરિકાના લુઈસિયામાં ૩૦ વર્ષીય ગુજરાતી મહિલા જિગિષા ઉર્ફે સોનિયા ગજેરાને પતિ શરદ ગજેરા દ્વારા શંકાસ્પદ રીતે મિસફાયર થયેલી ગોળી લાગતા તેને હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી. મહિલાની સારવાર માટે મોટો ખર્ચ કરવો પડે તેમ હોવાથી ક્રાઉડ ફંડિંગ પણ કરવામાં આવી રહ્યું છે. બીજી બાજુ તેનાં પતિની ધરપકડ કરવામાં આવી હોવાની માહિતી અહેવાલ દ્વારા મળી હતી.

મૂળ ગુજરાતની જિગિષા પતિ સાથે બોઈઝરના ગ્રોસરી સ્ટોરમાં ગઈ હતી. પોલીસના જણાવ્યા અનુસાર રિવોલ્વર શરદ ગજેરાના કબજામાં હતી અને તેમાંથી ગોળી છૂટતા તે મહિલાનાં મોઢામાંથી જડબામાં આરપાર નીકળી હતી. પતિએ વોરંટ ઈસ્યુ થતાં સરન્ડર કર્યું હતું અને હથિયારનો ગેરકાયદે ઉપયોગ કરવા બદલ ૨૧મી એપ્રિલે પોલીસે તેની ધરપકડ કરી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે અકસ્માતનો કિસ્સો જણાવ્યો હતો, પરંતુ અમુક હકીકતો શંકા જન્માવે તેવી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર જ્યારે ફાયરિંગ થયું ત્યારે આ દંપતી સ્ટોરના માલિક સાથે વાતચીત કરી રહ્યું હતું. અહીં ઘટના સમયે હાજર લોકોએ લોડેડ ગન જાહેર સ્થળે લાવવાના જોખમ સામે પણ સવાલો કર્યા હતા.

જિગિષાની ઈજાઓ ગંભીર હોવાનુ અને તેની સારવાર લાંબી હોવાનું તબીબોએ જણાવ્યું હતું. આ સાથે તે સંપૂર્ણ સાજી થઈ શકશે કે કેમ તે મામલે પણ તબીબોએ શંકા જતાવી હતી. આ દંપતીના ઈમિગ્રેશન સ્ટેટ્સ અંગે ઓથોરિટીએ માહિતી આપી નથી.

સારા જીવનના સપના સાથે મહિલા થોડા સમય પહેલા જ અમેરિકા આવી હતી. તેની સારવારમાં રૂ. એક કરોડ કરતા વધારે ખર્ચ આવે તેવી શક્યતા છે. હાલમાં સમુદાય દ્વારા ક્રાઉડ ફંડિંગ થઈ રહ્યું હોવાની માહિતી અહેવાલ દ્વારા મળી હતી. ■

# કોપીરાઈટ નિયમોના ભંગ બદલ 'આપ' ગુજરાતના સોશ્યલ મીડિયા એકાઉન્ટ્સ બ્લોક કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેના મતદાનના આગળના જ દિવસે આમ આદમી પાર્ટી (આપ) ગુજરાતના સોશ્યલ મીડિયા એકાઉન્ટ બ્લોક કરી દેવામાં આવ્યા હોવાના આક્ષેપથી રાજકીય માહોલ ગરમાયો હતો. મેટા કંપનીએ કોપીરાઈટ નિયમોના વારંવાર ઉલ્લંઘન બદલ આપ ગુજરાતના સત્તાવાર ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ બ્લોક કરી દીધા હોવાના અહેવાલ મળ્યા હતા. આ કાર્યવાહી કોઈ એક ઘટનાને કારણે નહીં, પરંતુ લાંબા સમયથી ચાલી રહેલી પૉલિસીના ભંગ બદલ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

મળતી વિગતો મુજબ, 'આપ' ગુજરાત દ્વારા તેના ચૂંટણી પ્રચાર માટે લોકપ્રિય ગુજરાતી ફિલ્મોના દ્રશ્યોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ પ્રચાર વીડિયોમાં જાણીતા કલાકારોના વીડિયોને મંજૂરી વગર ઍડિટ કરીને કે ડબ કરીને ભ્રામક રીતે રજૂ કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ થયો હતો. ક્રિયેટિવ સામગ્રીના આ પ્રકારે દુરુપયોગ અને કલાકારોના અધિકારોના હનનને કારણે આ વિવાદ વધુ વકર્યો હતો. આ વિવાદ મુદ્દે હિતેન કુમાર અને મલ્હાર ઠાકરે આ મુદ્દે નારાજગી વ્યક્ત કરી હતી, તેમણે તેમની મંજૂરી વગર જ તેમની ફિલ્મના કોઈ શૂટનો ઉપયોગ ન કરવાની ચીમકી આપી હતી. હિતેન કુમારે કહ્યું હતું કે કલાકારો દાયકાઓની મહેનતથી ફિલ્મો બનાવે છે, ત્યારે રાજકીય ફાયદા માટે ફિલ્મની ક્લિપ્સને ડબ કે ઍડિટ કરીને વાપરવી તે સંપૂર્ણપણે ખોટું છે. તેમણે ગુજરાત પોલીસના ક્રાઈમ વિભાગને આ પ્રકારના ગેરમાર્ગે દોરતા પ્રચાર સામે કડક પગલાં લેવા વિનંતી કરી હતી.

આપના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ આ અંગે કહ્યું હતું કે છેલ્લા ૨૮ દિવસમાં આમ આદમી પાર્ટીના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર ૮ કરોડ લોકો આવ્યા છે. છેલ્લા ૨૮ દિવસમાં ચૂંટણી પ્રચારના કારણે મોટી સંખ્યામાં ફોલોઅર્સ વધ્યા છે. જે આમ આદમી ઘરે બેઠા છે તે કદાચ રોડ પર નથી આવી શકતા કે આપના કાર્યકર્તા સાથે નથી આવી શકતા, તેઓ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર સરકારની નીતિઓ સામે ઈન્ટરએક્શન કરતા હતા. તેનાથી ભાજપ એટલી ડરી ગઈ કે ફેસબૂક અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ સસ્પેન્ડ કરાવી દીધા હોવાનો આક્ષેપ ઇસુદાન ગઢવીએ કર્યો હતો. ■

# અરવિંદ કેજરીવાલ પણ ભાજપમાં ભળી જાય તો નવાઈ નહીં!: ગુજરાત કૉંગ્રેસનો પ્રહાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્વે ગુજરાત કૉંગ્રેસે આમ આદમી પાર્ટી પર ગંભીર આક્ષેપ કર્યા હતા. અમદાવાદમાં રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ કહ્યું હતું કે ગુજરાતમાં ચૂંટણીઓનો માહોલ છે, બીજી તરફ દેશ ભાજપ અને આમ આદમી પાર્ટી લોકશાહી વ્યવસ્થાને મજાક બનાવી રહી છે. આખા દેશમાં અવસરવાદની રાજનીતિથી લોકશાહી પરંપરાઓ કલંકિત થઈ છે. ગુજરાતમાં ભાજપનું કટકી, કમિશન અને કમલમનું કૌભાંડ ખુલ્લું પડી ગયું છે. તેમણે કહ્યું હતું કે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની વિચારધારાથી બનેલી અને તેના મુજબ જ કામ કરતી અને ફંડિંગથી ચાલતી આમ આદમી પાર્ટીને પણ લોકો ઓળખી રહ્યા છે.

તાજેતરમાં આમ આદમી પાર્ટીના (આપ) સાંસદ રાઘવ ચઢ્ઢા સહિતના નેતાઓએ આપમાંથી રાજીનામું આપીને ભાજપમાં જોડાયા હતા, તે મુદ્દે ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ કમિટીના અધ્યક્ષ અમિત ચાવડાએ આપ પર આક્ષેપ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે આખા દેશમાં વર્ષ ૨૦૧૩થી લોકશાહીની હત્યા અને છેતરવાનું કામ ખુલ્લું પડી ગયું હતું. ભાજપ અને આપ ક્યારેય એકબીજાના વિરોધી હતા જ નહિ, ખાલી વિરોધી હોવાનું નાટક કરતાં હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે ૨૦૧૩માં ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન થયું તે ભાજપ અને આરએસએસનું ષડ્યંત્ર હતું, અન્ના હજારેને આગળ કરવામાં આવ્યા પણ પડદા પાછળ આરએસએસ હતું અને આખા દેશમાં કૉંગ્રેસને સત્તા પરથી દૂર કરવાનું આયોજન હતું.

તેમણે કહ્યું હતું કે આપનો જન્મ જ ભાજપ અને સંઘની વિચારધારાથી થયો છે, રાજ્યસભામાં આપના બે તૃતીયાંશ સાંસદોએ ભાજપમાં મર્જ થવાની જાહેરાત કરી એ કોઈ નવી વાત નથી, તે વર્ષો પૂર્વેનું આયોજન જ હતું. ભાજપના નેતાઓના નિવેદનો ટાંકીને તેમણે કહ્યું હતું કે આપમાંથી ચૂંટાનાર નેતા ટૂંક જ સમયમાં ભાજપમાં જોડાઈ જવાનો છે. કૉંગ્રેસના મત્ત તોડવા માટે ગુજરાતમાં આપને લોન્ચ કરવામાં આવી છે. બધા જ જાણી ચૂક્યા છે કે આમ આદમી પાર્ટી એ ભાજપની બી ટીમ છે, આગામી દિવસોમાં પંજાબના આપના બહુમતી ધારાસભ્યો ભાજપમાં મર્જ થવાના છે, તેમણે કહ્યું હતું કે એવું બને કે અરવિંદ કેજરીવાલ સહિત આખી આમ આદમી પાર્ટીનું ભાજપમાં વિલીનીકરણ થઈ જાય તો કોઈ આશ્ચર્યજનક નહિ હોય.

કૉંગ્રેસના રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલે કહ્યું હતું કે લોકોએ ભાજપને સંપૂર્ણ બહુમતી આપી તેમ છતાં વિનમ્ર બનવાને બદલે ભાજપ ભ્રષ્ટ બની ચૂકી છે. બ્રિજ લોકાર્પણ પહેલા જ તૂટી પડે અને તેને તોડી પાડવા માટેનું ટેન્ડર તેના બનાવવાના ખર્ચ કરતાં વધુ હોય , કારણ કે ભાજપને કમિશન મળે પછી જ કોન્ટ્રાકટરને વર્ક ઓર્ડર નથી મળતા. મોંઘવારી, પેપર ફૂટવા, રસ્તાના ખાડા, યુવાનોને રોજગારી, કરારી ભરતી, ફિક્સ પગાર જેવી અનેક સમસ્યાઓ છે, પણ તેને લોકોની પડી નથી તેમણે અપીલ કરી હતી કે આવતીકાલે પંજાના નિશાન પર આપનો મત આપી કૉંગ્રેસ પક્ષના ઉમેદવારોને વિજયી બનાવીને ભાજપને જાકારો આપીને શિક્ષા આપવાની અપીલ કરી હતી. ■

# ૪૨ ડિગ્રી તાપમાન વચ્ચે અમદાવાદની ૧૯૨ બેઠક માટે આજે મતદાન થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં શનિવારે ૪૨.૧ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. શહેરમાં છેલ્લા એકાદ અઠવાડિયાથી કાળઝાળ ગરમી અને બફારાનો અનુભવ થઈ રહ્યો છે. આજે પણ તાપમાન ઊંચું જ રહેવાની સંભાવના છે ત્યારે શહેરીજનોએ મતદાન માટે ગરમીને મ્હાત આપવી પડશે.

અમદાવાદ મહાનગરપાલિકામાં ૪૨૫૭, જિલ્લાઅને તાલુકા પંચાયતનાં ૧૧૨૫ કેન્દ્ર, જ્યારે નગરપાલિકાઓ માટે કુલ ૧૩૨ મતદાન મથક પર મતદાન યોજાશે. અમદાવાદના ૪૮ વોર્ડની ૧૯૨ બેઠક પર આજે મતદાન થશે.

અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ એમ બે વિભાગમાં વહેચાયેલું છે. જેમાં કુલ ૪૮૦.૮૮ ચોરસ કિમીમાંથી પશ્ચિમમાં ૨૩૩.૪૩ ચોરસ કિમી અને પૂર્વમાં ૨૪૭.૪૫ ચોરસ કિમીનો વિસ્તાર છે. પશ્ચિમમાં ૧૮ વોર્ડમાં ૭૨ બેઠકો છે, જ્યારે પૂર્વ ક્ષેત્રમાં ૩૦ વોર્ડમાં ૧૨૦ બેઠકો છે. ૨૦૨૧માં ભાજપે પૂર્વમાં ૧૨૦માંથી ૯૩ બેઠકો જીતી હતી જ્યારે કૉંગ્રેસે પૂર્વમાં ૨૨ બેઠકો મેળવી, એઆઈએમઆઈએમએ ચાર અને એક બેઠક અપક્ષ ઉમેદવારને મળી હતી. જ્યારે પશ્ચિમ અમદાવાદની ૭૨ બેઠકમાંથી ૬૭ પર ભાજપનો વિજય થયો હતો. કૉંગ્રેસના ભાગે માત્ર બે અને એઆઈએમઆઈએમએને ત્રણ બેઠક મળી હતી. એકંદરે, ભાજપે ૧૯૨ માંથી ૧૬૦ બેઠક જીતી, કૉંગ્રેસે ૨૪ બેઠક જીતી, એઆઈએમઆઈએમએ સાત બેઠક જીતી અને એક અપક્ષ ઉમેદવાર ચૂંટાયો હતો.

કુલ ૧૯૨ બેઠકમાંથી ૧૬૦ ભાજપે પોતાના નામે કરી હતી. આ ચૂંટણીમાં પણ ભાજપ મજબૂત પક્ષ તરીકે ઉભરી આવશે, તેવી નેતાઓએ આશા વ્યક્ત કરી હતી.

દરમિયાન સ્થાનિક તંત્રએ ચૂંટણીની વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. તેમણે આપેલી માહિતી અનુસાર જિલ્લામાં કુલ ૨૮ જેટલાં રિસીવિંગ-ડિસ્પેચિંગ કેન્દ્રો ઊભાં કરવામાં આવ્યાં છે. જેમાં અમદાવાદ મહાનગરપાલિકામાં ૧૬, જિલ્લા અને તાલુકા પંચાયત માટે ૯ અને નગરપાલિકાનાં ૩ કેન્દ્ર પરથી ઇવીએમ રિસીવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટર કાર્યરત છે.

આ સમગ્ર પ્રક્રિયાને સુચારુ રીતે પાર પાડવા માટે જિલ્લામાં ૨૭ હજારથી વધુ પોલિંગ સ્ટાફ સહિત કુલ અંદાજે ૩૦ હજારથી વધુ કર્મચારીઓ ચૂંટણી કામગીરીમાં જોડાયા છે.

આ અંગે જિલ્લા કલેક્ટર સુજીત કુમારે જણાવ્યું કે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ સ્તરે તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. મતદારો મુક્ત વાતાવરણમાં મતદાન કરી શકે અને આ સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તેના માટે જિલ્લા ચૂંટણી તંત્ર સજ્જ છે. ■

# રથયાત્રા પૂર્વે અમદાવાદ મનપા દ્વારા ₹૧૯.૫૯ કરોડના ખર્ચે રથયાત્રા રૂટની કાયાપલટ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગામી ભગવાન જગન્નાથની રથયાત્રા પૂર્વે શ્રદ્ધાળુઓની સુવિધા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રથયાત્રાના રૂટના આધુનિકીકરણની કામગીરી પુરજોશમાં શરૂ કરવામાં આવી છે. જમાલપુર ચાર રસ્તાથી દાણાપીઠ સુધીના રૂટને સુધારવા માટે તંત્ર દ્વારા અંદાજે રૂ. ૧૯.૫૯ કરોડનું બજેટની ફાળવણી કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત જમાલપુર દરવાજા, વૈશ્ય સભા અને ખમાસા જેવા મુખ્ય જંક્શનો પર ગ્રેનાઈટ અને કોટા સ્ટોનનું પેવમેન્ટ, સેન્ટ્રલ મીડિયન, ગ્રીન પેચ અને આધુનિક સ્ટ્રીટ લાઈટિંગની સુવિધા ઊભી કરવામાં આવી રહી છે. હાલ આ કામગીરી ૭૫ ટકા પૂર્ણ થઈ ચૂકી છે અને રથયાત્રા પૂર્વે તમામ કાર્ય પૂરું કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

ભક્તોના ધસારાને ધ્યાનમાં રાખીને મંદિરના મુખ્ય પ્રવેશદ્વારથી ગેટ નંબર ૨ સુધી એક ભવ્ય આર્ટિસ્ટિક પ્લાઝા વિકસાવવામાં આવી રહ્યો છે, જેમાં આકર્ષક રોશની અને આધુનિક પેવિંગની વ્યવસ્થા હશે. આ ઉપરાંત, જમાલપુર ચકલા અને ખમાસા ચાર રસ્તા જેવા વિસ્તારોમાં ટેબલટોપ, આઈલેન્ડ, સુંદર શિલ્પો અને હેંગિંગ લાઈટ્સ જેવી સુવિધાઓ દ્વારા રૂટને વધુ સુવ્યવસ્થિત અને આકર્ષક બનાવવામાં આવશે. અમદાવાદ મનપાના આ પ્રયાસથી રથયાત્રા દરમિયાન લાખો શ્રદ્ધાળુઓને વધુ સુરક્ષિત, સુવિધાજનક અને આહ્લાદક અનુભવ પ્રાપ્ત થશે. ■

# ખાણ-ખનિજની ટીમ પર રોફ જમાવનાર માણસાનો કુખ્યાત ભૂમાફિયા 'ડિગો' પાસા હેઠળ જેલભેગો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરના માણસાના પુંધરા ગામે ગેરકાયદે ખનિજ વહનની તપાસ કરીને પરત ફરી રહેલી ભૂસ્તરશાસ્ત્રીની ટીમનો ફિલ્મી ઢબે પીછો કરી જીવનું જોખમ ઊભું કરનાર કુખ્યાત ભૂમાફિયા દિગ્વિજયસિંહ ઉર્ફે ડિગો ચાવડાને આખરે પોલીસે પાસા હેઠળ જેલભેગો કર્યો હતો. ગત ફેબ્રુઆરી માસના રોજ ગાંધીનગર ભૂસ્તરશાસ્ત્રીની ટીમ તપાસ કરીને પરત ફરી રહી હતી ત્યારે ઈશ્વરપુરા પાસે નંબર પ્લેટ વિનાની ગાડીઓ દ્વારા અધિકારીઓનો પીછો કરવામાં આવ્યો હતો. આ ભૂમાફિયાએ રસ્તામાં વારંવાર હોર્ન મારવા છતાં સાઈડ ન આપી અધિકારીઓની ગાડી આગળ-પાછળ પોતાની કાર દોડાવી હતી, એટલું જ નહીં, તપાસ ટુકડીના મહિલા સુપરવાઈઝરનો છેક ઇન્ફોસિટી સુધી પીછો કરી અધિકારીઓની ફરજમાં રુકાવટ ઊભી કરી હતી.

આ ગંભીર ઘટના બાદ મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો અને દિગ્વિજયસિંહની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ જામીન પર મુક્ત થયા બાદ પણ તેની ગુનાહિત પ્રવૃત્તિઓ ચાલુ રહેતા પોલીસ માટે તે માથાનો દુખાવો બન્યો હતો. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને પોલીસ દ્વારા પાસાની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલવામાં આવી હતી. મેજિસ્ટ્રેટની મંજૂરી મળતા જ પોલીસે ડિગો ચાવડાની અટકાયત કરી તેને કચ્છની પાલારા ખાસ જેલમાં ધકેલી દેવામાં આવ્યો હોવાની વિગતો મળી હતી. ■

# મહેસાણામાં ચૂંટણી અદાવતમાં ભાજપ ઉમેદવારના સંબંધીની હત્યાથી ખળભળાટ

અમદાવાદઃ મહેસાણામાં ચૂંટણીના માહોલ વચ્ચે જૂથ અથડામણની ગંભીર ઘટના સામે આવી હતી, જેમાં એક ૨૨ વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું. પોલીસ ફરિયાદ અનુસાર, મહેસાણા શહેરના તાવડીયા ચોકડી રોડ પર શનિવારે રાત્રે હિંસક હુમલો થયો હતો. મહેસાણા મહાનગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર-૪ ના ભાજપના ઉમેદવાર મહેન્દ્રભાઈ ચૌધરીના પરિવારજનો પર આ હુમલો કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસ ફરિયાદની વિગતો અનુસાર, ફરિયાદી ધીમંત ચૌધરી અને તેના મિત્રો જ્યારે રોડ પર ઊભા હતા, ત્યારે આરોપીઓએ "તમે અહીં કેમ ઉભા છો?" તેમ કહીને ઝઘડો શરૂ કર્યો હતો. આ તકરાર ઉગ્ર બનતા ચાર મુખ્ય આરોપીઓ ભરતભાઈ માધુભાઈ ચૌધરી, ધવલ ચૌધરી, મયુર ચૌધરી અને યશ ચૌધરીએ અન્ય સાગરીતો સાથે મળીને હથિયારો વડે હુમલો કર્યો હતો. હુમલા દરમિયાન મિતેન રમેશભાઈ ચૌધરીને માથાના ભાગે ધોકો અને બરડામાં છરો મારવામાં આવતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે પોલીસે હત્યા, હત્યાનો પ્રયાસ અને રાયોટિંગ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. હુમલાખોરોએ ફરિયાદીની ગાડીના કાચ તોડયા હતા અને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપી હતી. ચૂંટણી ટાણે જ બનેલી આ ઘટનાથી સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી.

# કોમનવેલ્થ અને ઓલિમ્પિક્સ બાદ હવે ૨૦૩૮ની એશિયન ગેમ્સ માટેની રેસમાં પણ અમદાવાદ મોખરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સનું યજમાન છે, ત્યારે હવે વર્ષ ૨૦૩૮માં યોજાનાર એશિયન ગેમ્સના આયોજન માટે પણ અમદાવાદ પ્રબળ દાવેદાર હોવાના સંકેત છે. વર્ષ ૨૦૩૮માં યોજાનાર એશિયન ગેમ્સ માટે ભારતે સત્તાવાર રીતે પોતાની ઈચ્છા વ્યક્ત કરી છે. ઇન્ડિયન ઓલિમ્પિક એસોસિયેશનના સીઈઓ રઘુરામ અય્યરે પુષ્ટિ કરી હતી કે આ પ્રસ્તાવ ઓલિમ્પિક કાઉન્સિલ ઑફ એશિયાને મોકલી દેવામાં આવ્યો છે અને ચીનમાં મળેલી બેઠકમાં આ અંગે ચર્ચા પણ કરવામાં આવી હતી. નોંધનીય છે કે દક્ષિણ કોરિયા અને મોંગોલિયા જેવા દેશો પણ આ યજમાનીની રેસમાં છે, પરંતુ ભારતની મજબૂત દાવેદારીને જોતા વર્ષ ૨૦૨૮ સુધીમાં યજમાન શહેર અંગેનો અંતિમ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે.

ગુજરાત માટે આ સમાચાર અત્યંત મહત્ત્વના છે કારણ કે અમદાવાદ શહેર ૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સનું યજમાન છે અને ૨૦૩૬ના ઓલિમ્પિક બિડ માટે પણ ભારતનું મુખ્ય કેન્દ્ર છે. જો ભારતને ૨૦૩૮ની એશિયન ગેમ્સની યજમાની મળશે, તો અમદાવાદ ફરી એકવાર સૌથી પ્રબળ દાવેદાર શહેર તરીકે ઊભરી આવશે તેવા સંકેતો છે. ઉલ્લેખનીય છે કે એશિયન ગેમ્સ એ વિશ્વની સૌથી મોટી મલ્ટી-સ્પોર્ટ ઇવેન્ટ પૈકીની એક છે, જેમાં ઓલિમ્પિક કરતાં પણ વધુ ખેલાડીઓ ભાગ લેતા હોય છે. વર્ષ ૧૯૮૨ પછી ભારતે આ રમતોત્સવનું આયોજન કર્યું નથી, ત્યારે અત્યાધુનિક સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતું ગુજરાત આ ઐતિહાસિક તક ઝડપવા માટે સંપૂર્ણ રીતે સજ્જ દેખાઈ રહ્યું છે. ■

# રાજકોટમાં પૂરપાટ ઝડપે આવતી એસ.ટી. વોલ્વોની અડફેટે વૃદ્ધાનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરના વ્યસ્ત પારેવડી ચોક વિસ્તારમાં ગત ૧૭ એપ્રિલના રોજ એસ.ટી. નિગમની પૂરપાટ ઝડપે આવતી વોલ્વો બસે રસ્તો ઓળંગી રહેલા એક વૃદ્ધાને કચડી નાખતા અરેરાટી વ્યાપી ગઈ હતી. જંગલેશ્વરના હુસેની ચોક વિસ્તારમાં રહેતા હલુબેન અબ્દુલભાઇ ચાવડા પોતાના બહેનના ઘરે જવા નીકળ્યાં હતાં, ત્યારે કાળરૂપી આવેલી બસનું વ્હીલ તેમના પર ફરી વળતા તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયાં હતાં. લોહીલુહાણ હાલતમાં તેમને તુરંત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં, પરંતુ ટૂંકી સારવાર બાદ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. સમગ્ર અકસ્માતની આ ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી, જેમાં બસ ચાલકની ગંભીર બેદરકારી સ્પષ્ટપણે જોવા મળી હતી.

આ ગમખ્વાર અકસ્માત મામલે રાજકોટ 'બી' ડિવિઝન પોલીસે વોલ્વો બસના ચાલક રણજીતસિંહ વાઘેલા વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સીસીટીવી ફૂટેજના આધારે પોલીસ તપાસ કરી રહી છે કે વળાંક લેતી વખતે ચાલકે બ્રેક મારવામાં કેમ વિલંબ કર્યો હતો. બીજી તરફ, એસ.ટી. નિગમે પણ આ મામલે આંતરિક તપાસના આદેશ આપ્યા હોવાની વિગતો મળી હતી. શહેરમાં સતત વધી રહેલા અકસ્માતોને પગલે સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ■

# વલસાડ જીઆઈડીસીમાં ટેક્સટાઈલ્સ પ્લાન્ટમાં આગ

અમદાવાદઃ ગુજરાતમાં ઠેર ઠેર આગના બનાવ બનતા રહે છે. વાપીના જીઆઈડીસીમાં પણ આગ લાગ્યાનો બનાવ બન્યો હતો. અહીંના ટેક્સટાઈલ્સ પ્લાન્ટમાં ભીષણ આગ ભભૂકી ઊઠી હતી. આ ઘટના બહાર આવતા જ ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

આ અંગે મળેલી માહિતી અનુસાર વાપી જીઆઈડીસીમાં ટેક્સટાઈલ્સની ફેક્ટરીમાં કપડાં માટે કાચું મટિરિયલ રાખવામાં આવ્યું હતું. આ જગ્યાએ આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આખો પહેલો માળ ભડભડ બળી ગયો હતો. આકાશમાં કાળા ધુમાડા દેખાતા હતા. વાપી ફાયર બ્રિગેડની ચાર જેટલી ગાડીઓ દોડી આવી હતી. હાલ અહીં પાણીનો મારો ચલાવી ફાયર બ્રિગેડે આગ પર કાબૂ મેળવ્યો હતો.

દરમિયાન અહીં કામ કરતા કામદારો આગ લાગતા જ ફેક્ટરી બહાર નીકળી ગયા હતા. આ પહેલા પણ અહીં આગ લાગ્યાનો બનાવ બન્યો હોવાનું જાણવા મળ્યું હતું.

બે દિવસ પહેલા ભરૂચમાં પણ આગ લાગવાનો બનાવ બન્યો હતો, જેમાં ૧૫ જેટલા કામદાર દાઝી ગયા હતા. ફેક્ટરીઓમાં બનતી આગની ઘટના અહીં કામ કરતા કામદારોની સુરક્ષાવ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કરે છે. ■

# પત્નીની આત્મહત્યાના પગલે અમદાવાદમાં કોન્સ્ટેબલ સામે ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં પત્નીની કથિત આત્મહત્યાના કેસમાં અર્જુનસિંહ પુરોહિત નામનાં કોન્સ્ટેબલ સામે ગુનો નોધવામાં આવ્યો હતો. તેમની પત્ની ગીતા પુરોહિતનાં ભાઈએ નોંધાવેલી ફરિયાદ અનુસાર પરિવાર ગીતાને માનસિક અને શારીરિક ત્રાસ આપતો હતો. વાસાણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર બે સંતાનની માતા ૩૫ વર્ષીય ગીતાએ ૧૫મી એપ્રિલે તેનાં ઘરે ઊંઘની ગોળીઓ ખાઈ કથિત આત્મહત્યા કરી હતી. ગીતાનાં ભાઈ નથુસિંહ રાજપુરોહિતના જણાવ્યા અનુસાર અર્જુનસિંહ પત્નીને ખૂબ ત્રાસ આપતો હતો, તેથી કંટાળી તેની બહેને આ પગલું ભર્યું હતું. ગીતાનાં મોતના દિવસે ફરિયાદીને અર્જુનસિંહે ફોન કરી જણાવ્યું હતું કે દીકરીના મેડિકલ રિપોર્ટ્સ સારા ન આવ્યા હોવાથી ગીતાએ ઊંઘની ગોળીઓ ખાઈ લીધી છે. ત્યારબાદ તેની સાથે દિવસભર વાત થઈ શકી ન હતી અને સાંજે ગીતા મૃત્યુ પામી હોવાનું તેનાં સંબંધીએ ફોન દ્વારા જણાવ્યું હતું.

ગીતાનો પરિવાર અમદાવાદ દોડી આવ્યો હતો. અહીં સિવિલ હૉસ્પિટલમાં મૃતકનું પોસ્ટમોર્ટમ થયું હતું. જોકે પરિવારે પોસ્ટમોર્ટ્મ પહેલા ગીતાના મૃતદેની વીડિયોગ્રાફી થાય તેવો આગ્રહ રાખ્યો હતો. ફરિયાદીએ જણાવ્યું હતું કે અગાઉ પણ ગીતા પતિનાં ત્રાસને કારણે પિયર આવી ગઈ હતી. અર્જુનસિંહના ભત્રીજાએ ફરિયાદીને જણાવ્યું હતું કે ગીતા અને પતિ વચ્ચે સવારે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ કેસમાં પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સંસ્થા સમાચાર

## પ્રીમિયર લીગ ટૂર્નામેન્ટ

બોરીવલીમાં મંડપેશ્વરસિવિક ફેડરેશન દ્વારા પ્રીમિયર લીગ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ પિકલ બોલ ટુર્નામેન્ટમાં ૬૦ લોકોએ ભાગ લીધો હતો. વિજેતાઓને મેડલ અને ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. અગાઉ, સિનિયર સિટીઝન્સ પ્રીમિયર લીગ ટુર્નામેન્ટનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## નિવૃત્ત સૈનિકોને સહાય

રોટરી ક્લબ ઓફ કાંદિવલી, રોટરી ક્લબ ઓફ મરીન ડ્રાઇવના સહકારથી બાયોકેમિસ્ટ્રી એનલાઇઝર નિવૃત્ત સૈનિકો સહિત જવાનોના આરોગ્ય માટે લશ્કરના શસ્ત્રાગારને દાન આપવામાં આવ્યું હતું.

## કામાબાગ અગિયારીની ૧૫૬મી શુભ સાલગ્રેહ

કોર્નર ગ્રાન્ટ રોડ મધે આવેલી શેઠ પાલનજી ખરશેદજી કામા (કામાબાગ) અગિયારીની શુભ સાલગ્રેહ રોજ સરોશ માહ આદર ય.ઝ. ૧૩૯૫ તા. ૨૮-૪-૨૦૨૬ મંગળવારના દિને પડે છે જી. તે દિવસે સવારમાં હમા અંજુમનની માચી ચઢાવવામાં આવશેજી. તથા જશનની પવિત્ર ક્રિયા સ્ટા. ટા.૧૦ કલાકે ટ્રસ્ટી સાહેબોની હાજરીમાં કરવામાં આવશેજી. સર્વ હમદીનોને હમશરીફ થવા આમંત્રણ છે જી.

લિ. દસ્તૂરજી કેકી કાવસજી રાવજી મેહેરજીરાણા

તેમજ પંથકી- કેકી કાવસજી રાવજી

કામાબાગ અગિયારી.

## શેઠ આર. સી.સી. લોહાણા બાલાશ્રમની ૧૨૫મી વર્ષગાંઠ

શેઠ રણછોડદાસ ચત્રભુજ કચ્છી લોહાણા બાલાશ્રમ તેમની સ્થાપનાના ૧૨૫મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ૧૦ એપ્રિલે સંસ્થાએ તેમનો સ્થાપના દિવસ હર્ષોલ્લાસથી ઉજવ્યો હતો. એ દરમિયાન સત્યનારાયણ ભગવાનની પૂજા પણ કરવામાં આવી હતી.

## ગ્રંથ પાલખી શોભાયાત્રા

અક્ષય તૃતીયા એ અતિ પાવન દિવસ છે. એ સાથે જ શ્રી પરશુરામ જયંતી પણ ૧૯મી એપ્રિલે વસઈમાં આવેલી ન્યુ ઇંગ્લિશ હાઇસ્કૂલમાં હિંદુ સમ્મેલન સમિતિ દ્વારા મનાવવામાં આવી હતી. એ અગાઉ ગ્રંથ પાલખીની શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

## ડાયમંડ જ્યુબિલિ રિ-યુનિયન

અંધેરીની સૌથી જૂની શાળાઓમાં શેઠ એમ.એ. હાઇસ્કૂલ આવે છે. એ શાળાના ૧૯૮૧ના એસ.એસ.સી.ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું તાજેતરમાં ડાયમંડ જ્યુબિલિ રિ-યુનિયન ઉજવવામાં આવ્યો હતો. પોતાના જૂના મિત્રોને મળીને સૌના ચહેરા પર અનેરો આનંદ છવાઈ ગયો હતો. કાર્યક્રમની ખાસ વાત એ હતી કે આ મિત્રોની ઉંમર ૬૦ વર્ષની છે અને કુલ ૬૦ મિત્રોએ આ અવસરનો લાભ લીધો હતો.

# બેંગકોકથી લવાયેલો આઠ કરોડનો ગાંજો મુંબઈ એરપોર્ટ પર કરાયો જપ્તઃ માતા-પુત્રની ધરપકડ

મુંબઈઃ કસ્ટમ્સ વિભાગના એર ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) બેંગકોકથી લવાયેલો દાણચોરીનો આશરે આઠ કરોડ રૂપિયાનો ઉચ્ચ ગુણવત્તાનો ગાંજો જપ્ત કરીને માતા-પુત્રની ધરપકડ કરી હતી. બંનેની ઓળખ માતા દાયમ શબ્બીર હુસેન સુરતવાલા અને પુત્ર હુસૈની શબ્બીર સુરતવાલા તરીકે થઇ હતી, જેઓ નાલાસોપારા પૂર્વમાં રહે છે. બંનેને શનિવારે કોર્ટમાં લવાયાં ત્યારે તેમના વકીલ બિરેન્દ્ર યાદવ હાજર રહ્યા હતા. બિરેન્દ્ર યાદવે કોર્ટમાં દલીલ કરી હતી. કોર્ટે બાદમાં બંનેને અદાલતી કસ્ટડી ફટકારી હતી.

હુસૈની સુરતવાલા અને તેની માતા બેંગકોકથી વાયા કુઆલાલમ્પુર ફ્લાઇટમાં શુક્રવારે રાતે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવી પહોંચ્યા ત્યારે શંકાને આધારે તેમને આંતરવામાં આવ્યાં હતાં.

એઆઇયુના અધિકારીઓએ બંને જણની તલાશી લેતાં કશું મળી આવ્યું નહોતું, પરંતુ તેમના સામાનની તલાશી લેવાતાં ફૂડ પેકેટ્સ મળી આવ્યાં હતાં, જેને ખોલાયા ત્યારે તેમાંથી ૨૨ પ્લાસ્ટિક પેકેટ્સ મળ્યાં હતાં, જેમાં ગાંજો છુપાવાયો હતો. આથી બંને જણ સામે ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરવામાં આવી હતી.

બંનેએ વિદેશમાં ગાંજો કોની પાસેથી મેળવ્યો હતો અને તે કોને આપવા માટે લાવ્યા હતા, તેની તપાસ કરવામાં આવી રહી છે.

પહેલા પાનાનું ચાલુ

## એમએમઆર

નોંધાયો હતો. તો સમગ્ર રાજ્યમાં સૌથી હાઈએસ્ટ તાપમાન વિદર્ભના અકોલામાં ૪૫.૬ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગે સોમવાર બાદ ગરમીમાં થોડી રાહત મળવાની શક્યતા વ્યક્ત કરી છે.મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં ઓવરઓલ સરેરાશ ૪૧ ડિગ્રીની આસપાસ પારો નોંધાયો હતો, જેમાં મુંબઈમાં સૌથી ઊંચું તાપમાન પૂર્વ ઉપનગરમાં વિક્રોલીમાં ૩૯.૩ ડિગ્રી, વિદ્યાવિહાર ૩૬.૧ ડિગ્રી, પશ્ચિમ ઉપનગરમાં રામ મંદિર ૩૮.૫ ડિગ્રી, બાન્દ્રામાં ૩૭.૨ ડિગ્રી જેટલો ઊંચો પારો નોંધાયો હતો. મુંબઈ નજીકના શાહપુરમાં શનિવારે ૪૩.૪ ડિગ્રી, કર્જતમાં ૪૩.૧ ડિગ્રી, કલ્યાણમાં ૪૩.૦, અંબરનાથમાં ૪૨.૭, ઐરોલીમાં ૪૨.૩ ડિગ્રી, ડોંબિવલીમાં ૪૨.૨ ડિગ્રી, પનવેલમાં ૪૧.૪ ડિગ્રી, થાણેમાં ૪૧.૦ ડિગ્રી, કૌપરખૈરાણેમાં ૪૦.૯ ડિગ્રી અને વસઈમાં ૩૮.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

આ વર્ષે આકરો ઉનાળો જવાના વર્તારા વચ્ચે મુંબઈગરા માર્ચ મહિનાથી ગરમીમાં શેકાઈ રહ્યા છે. શનિવારે મુંબઈમાં કોલાબામાં મહત્તમ તાપમાન ૩૩.૭ ડિગ્રી અને લઘુતમ ૨૬.૦ ડિગ્રી તો વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૦ ટકા નોંધાયું હતું. સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૫.૮ ડિગ્રી અને લઘુતમ ૨૫.૦ ડિગ્રી તાપમાન સાથે ભેજનું પ્રમાણ ૬૮ ટકા નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ હોય તો બફારો અને ઉકળાટ વધુ રહે છે. તેથી આકરા તડકા વચ્ચે મુંબઈગરાએ અસહ્ય ઉકળાટનો પણ અનુભવ કર્યો હતો. મુંબઈમાં દિવસના આકરી ગરમી વચ્ચે જોકે શનિવારે વહેલી સવારના અમુક વિસ્તારમાં વરસાદના હળવા છાંટા પડ્યા હોવાનું હવામાન વિભાગે જણાવ્યું હતું.

મહારાષ્ટ્રનું હિલ સ્ટેશન માથેરાન તો ગરમીમાં મુંબઈને પણ વટાવી ગયું હતું. પારો ૩૭.૨ ડિગ્રી જેટલો ઊંચો નોંધાયો હોવાથી વેકેશન માણવા આવેલા પર્યટકોને ઉનાળાની ગરમીથી રાહત મળવાને બદલે ગરમીમાં શેકાવાની નોબત આવી હતી. પશ્ચિમ ઘાટમાં ડુંગરો વચ્ચે આવેલા રાજ્યના બીજા જાણીતા હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં પણ મુંબઈ જેટલું લગભગ ૩૩.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

### વિદર્ભ બન્યું ભઠ્ઠી

રાજ્યના વિદર્ભ રિજનમાં એપ્રિલ મહિનામાં જ ગરમીનો રેકોર્ડ તોડી રહી છે. શનિવારે સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચું તાપમાન અકોલા અને અમરાવતી બંને જગ્યાએ નોંધાયું હતું. અહીં દિવસ દરમ્યાન ૪૫.૬ ડિગ્રી ઊંચો પારો નોંધાયો હતો. એ બાદ વર્ધામાં ૪૫.૫ ડિગ્રી, ચંદ્રપુરમાં ૪૪.૨, નાગપુર અને ચંદ્રપુરમાં ૪૪.૨ ડિગ્રી, બ્રહ્મપુરીમાં ૪૪.૧ ડિગ્રી, ગોંડિયા અને ગઢચિરોલીમાં ૪૩.૬ ડિગ્રી, વાશિમ અને યવતમાળમાં ૪૩.૦ ડિગ્રી, બુલઢાણામાં ૪૨.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

### આવતી કાલથી રાહત મળશે

હાલ મહારાષ્ટ્રના વિદર્ભથી દક્ષિણ ભારતના તળિયે કન્યાકુમારી સુધી આકાશમાં ૦.૯ કિલોમીટરના અંતરે હવાના હળવા દબાણનો પટ્ટો સર્જાયો છે સાથે જ પવનોની આપસમાં ટક્કર થઈ રહી છે. ઉપરાંત હાલ મહારાષ્ટ્ર પર એન્ટિસાયકલોનની પણ અસર છે, તેને કારણે મહારાષ્ટ્રના મોટાભાગના વિસ્તારમાં ગાજવીજ તોફાની પવન સાથે વરસાદ પડી રહ્યો છે. જોકે સોમવાર બાદ મુંબઈ સહિત રાજ્યમાં ગરમીમાં થોડી રાહત વર્તાશે એવું હવામાન વિભાગે જણાવ્યું હતું.

# હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ જામસલાયા (બારાવાળા) હાલ નિવાસ કાંદિવલી કુંદા (કૃપા) મેહુલ ઠક્કર (બદીયાણી) (ઉં. વ. ૪૧) તે સૌ. મીતા પ્રવીણભાઇ ઠક્કરના પુત્રવધૂ. કીર્તનના માતા. ચેતન તથા ચિત્રા સંદીપકુમાર મશરૂના ભાભી. સુમન સુરેશ સાઠેના દીકરી. હેમંત, સ્વ. કિશોર, સુષમા, યમુના, મંદા, મંગલાના નાના બહેન. તા. ૨૪-૪-૨૬ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. ગોદાવરીબેન વીરજી ભીમજી ચંદે કચ્છ લાઇજા મોટા હાલે મુલુંડવાળાના પુત્ર ધરમશીભાઇ (ઉં. વ. ૮૨) તે સ્વ. કસ્તુરબાઇ રામદાસ ખીમજી ઠક્કર (નાગરેચા) ગામ બળદીયાવાળાના જમાઇ ગુરુવાર તા. ૨૩-૪-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. કૌશિક ચંદે, અ. સૌ. મોનિકા દેવાંશ રૂપારેલ તથા અ. સૌ. ભક્તિ સમીર પોપટના પિતાશ્રી. તથા અ. સૌ. અર્ચના ચંદેના સસરા. આયુષ, વંશીના દાદા. સ્વ. પ્રતાપભાઇ, જગદીશભાઇ (મંગળભાઇ) સ્વ. નારાયણભાઇ, વિજયભાઇ, સ્વ. રાધાબેન દામોદર, નિર્મળાબેન પ્રફુલકુમા, પુષ્પાબેન મહેન્દ્રકુમારના ભાઇ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૬-૪-૨૬ આર્ય નિવાસ ટ્રસ્ટ, વિકાસ સેન્ટર, છઠ્ઠે માળે, ઇન્ડસઇન્ડ બેન્કની ઉપર, એન. એસ. રોડ, મુલુંડ (વેસ્ટ) સાંજે ૫.૩૦થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ ભાટીયા**

અશ્વીનભાઇ (ઉં. વ. ૭૮) તે સ્વ. તારાબાઇ તુલસીદાસ ખટાઉ (વાલજી શામજી)ના પુત્ર. તે અંજનાબેનના પતિ. સ્વ. પુષ્પાબેન મથુરાદાસ તથા જયંતભાઇના ભાઇ. સ્વ. ઇન્દુમતી પુષ્પસેન કરસનદાસ વેદના જમાઇ. રાધીકા અને દિપેનના પિતાશ્રી. હિનાના સસરા. તા. ૨૪-૪-૨૬ના કલકતા મુકામે શ્રીજીનાચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૬-૪-૨૬ના સાંજે ૪થી ૫.૩૦. ઠે. લક્ષ્મીનારાયણ મંદિર ભવાનીપુર, કલકતા મધ્યે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિસલનગરા નાગર**

સોજા નિવાસી હાલ કાંદિવલી પ્રતિમાબેન પંડ્યા (ઉં. વ. ૭૭) તે રમેશભાઇના પત્ની. વિશાખા બોરે, શીતલ બુચના માતા. સ્વ. મનહરવદન ચીમનલાલ ભટ્ટના પુત્રી. નરસિંહા બોરે, મૌલિક બુચના સાસુ. રેખા (અવની) હોરા, પ્રબોધ પંડ્યાના ભાભી તા. ૨૨-૪-૨૬ બુધવારના હાટકેશ શરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૮૦૧, શાર્દુલ એપાર્ટમેન્ટ, ક્રોસ રોડ નંબર-૧, અશોક નગર, કાંદિવલી (પૂર્વ).

**હાલાઈ લોહાણા**

હાલ બોરીવલી વેસ્ટ, મૂળ નિવાસી રાજકોટ, રતિલાલ જોબનપુત્રા (ઉં.વ. ૮૮) તે સ્વ. જમનાદાસ જોબનપુત્રાના સુપુત્ર. ઉષાબેન જોબનપુત્રાના પતિ. હરિદાસ પોપટલાલ રાયઠઠ્ઠાના જમાઈ (ઓખા નિવાસી), તા. ૨૪-૪-૨૬, શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. મનીષા, સચિન અને બીનાના પિતાશ્રી. રામપ્રસાદ, અમૂલ અને નિશાના સસરા. આદિત્ય, હર્ષિકા અને હૃદયના નાનાજી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ ભાયંદર, સ્વ. ઈચ્છાબેન તથા સ્વ. હિંમતલાલ જગજીવનદાસ વોરાના સુપુત્ર અરુણભાઈ (ઉં.વ. ૭૫) તા. ૨૫/૪/૨૬ને શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે હર્ષાબેનના પતિ. સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. રમેશભાઈ તથા પ્રફુલભાઈ, સ્વ. ધર્મિષ્ઠાબેન હર્ષદરાય પારેખ, ગં.સ્વ. જોસનાબેન રજનીકાંત ચિતલીયાના ભાઈ. સ્વ. હેતલ રિતેશ મુનિ તથા હિરલ રાકેશ મહેતાના પિતાશ્રી. ક્રીશ, પાર્થ, શ્રેયાના નાના. સસુરપક્ષે જામકાવાળા હરગોવિંદદાસ છગનલાલ સંઘવીના જમાઈ. સર્વપક્ષીય પ્રાર્થનાસભા તા. ૨૬/૪/૨૬ને રવિવારના ૫ થી ૭. ભાયંદર કપોળવાડી ગીતાનગર.

**હાલાઈ લોહાણા**

જેનીલ (ઉં.વ. ૫૨), મુળ ગામ બળેજ, હાલ મુંબઈ, તે હેમા રમેશ ઠકરારના પુત્રી. સ્વ. લીલાવતીબેન ગોકલદાસ ઠકરારના પૌત્રી. તે સ્વ. ચંદ્રાવલીબેન મનસુખલાલના દોહિત્રી. ડિંકી સુધીર સીમરિઆ તથા વિજલ આનંદ શર્માના મોટાબહેન. શુભમ તથા પ્રિશાના માસી. શુક્રવાર, તા. ૨૪/૪/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દેસાઈ સઇ સુતાર જ્ઞાતિ**

ભાવનગર નિવાસી હાલ દહિસર, ગં.સ્વ. હીરાબેન તથા સ્વ. કરસનદાસ નારણભાઇ વાઘેલાના પુત્ર રમણીકભાઇ વાઘેલા (ઉં.વ. ૭૫) ૨૨/૪/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. દમયંતીબેનના પતિ. વિપુલ-શીતલ, નિલેશ-ઉમિતા તથા ડિમ્પલ રાજેશકુમાર ગોહિલના પિતા. ચુનીભાઇ, કનૈયાભાઈ, અમૃતલાલ, રમેશભાઈ, સવિતાબેન, ભાગ્યવંતીબેન, પ્રભાવતીબેનના ભાઈ. સાસરાપક્ષે ભાવનગરવાળા સ્વ. મનસુખભાઇ મુળજીભાઈ ગોહેલના જમાઈ. પ્રાર્થનાસભા ૨૭/૪/૨૬ના ૪ થી ૬. બી ૩૦૨, બીએપીએસ સ્વામિનારાયણ સંસ્કાર કેન્દ્ર, તન્વી ડાયમોડા ઇન્ડસ્ટ્રીઅલ, પેટ્રોલ પંપ પાસે, દહિસર ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પરજીયા પટ્ટણી સોની**

મૂળ ગામ મહુવા બોરીવલી, ગુણવંતભાઈ દામોદરભાઈ ધકાન (ઉં.વ. ૮૨) તા. ૨૪/૪/૨૬ શુક્રવારના શ્રીચરણ પામેલ છે. તે દામોદરભાઈ રામજીભાઈ ધકાનના સુપુત્ર. બાબુભાઈ લક્ષ્મીદાસ સાગરના જમાઈ. સ્વ. ઈન્દુબેનના પતિ. સ્વ. જયશ્રીબેન સુનીલભાઈ જગડા, રૂપાબેન કિશોરભાઈ સતીકુવર, શૈલેષભાઈના પિતાશ્રી. ગ્રીષ્મા, અભિજીત, ભવ્ય, દક્ષના દાદા. પ્રાર્થનાસભા તા. ૨૭/૪/૨૬ના સમય ૫ થી ૬. સોની વાડી, શિમ્પોલી રોડ, બોરીવલી પશ્ચિમ.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. જોશી ગૌરીબેન મહેન્દ્રકુમાર પાંધી (ઉં.વ. ૯૧), ગામ ટપ્પર સોનારવાળી, કચ્છ, હાલે મુલુંડ તા. ૨૩/૪/૨૬ના સ્વર્ગવાસ થયેલ છે. તે સ્વ. મહેન્દ્ર શિવદાસ માધવજી પાંધીના પત્ની. તે સ્વ. ભીમજી કરશનદાસ હરિયામાણેકની સુપુત્રી. તે સ્વ. ભાનુબેન ભરત રાડિયા, વિજય, દિપક અને રોહિણી શશીકુમાર વાડીકરના માતુશ્રી. તે સ્વ. જેષ્ટારામ, સ્વ. વાસુદેવ, સ્વ. પરશુરામ, સ્વ. રમેશ, સ્વ. દિનેશ, સ્વ. સુભાષ, સ્વ. જયાબેન દયારામ રત્નેશ્વર, સ્વ. નાથીબેન ગૌરીશંકર જોષી, સ્વ. ધનલક્ષ્મીબેનના ભાભી. તે સ્વ. બાબુભાઈ, શાંતિલાલભાઈ, તુલસીદાસભાઈ, અર્જુનભાઈ, સ્વ. મહાલક્ષ્મીબેન જગદીશ ધરાદેવ, સ્વ. જશવંતીબેન ગોવિંદકુમાર રત્નેશ્વર, સ્વ. લીલાવતીબેન જેષ્ટારામ જોષીના બહેન. તે પદ્મા વિજય, ભરત ભાઈલાલ રાડિયા, શશીકુમાર વાડીકરના સાસુમા. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૭/૪/૨૬ના સોમવારે સાંજે ૫ થી ૭ સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ વેસ્ટ મધ્યે રાખવામાં આવેલ છે.

**ભટ્ટમેવાડા બ્રાહ્મણ જ્ઞાતિ**

મૂળ વતન મહાદેવગ્રામ - બાકરોલ, હાલ મુંબઈ, શ્રીમતી જયાબેન ચંદ્રકાંત જોશી (ઉં.વ. ૮૩), તા. ૨૩-૪-૨૬ના શ્રી એકલિંગજી શરણ પામ્યા છે. તેઓ દર્શકભાઈ, મયંકભાઇ, જાગૃતિબેનના માતા. મેધાબેન, નિશાબેન, અંમરીશકુમારના સાસુ. તેજસ, વિવેક, સ્વ. હર્ષ પાયલ, પલકના દાદી. સોનાલી, ખુશાલીના દાદીસાસુ. યશવંતભાઇના બેન. પ્રાર્થનાસભા, તા.

# પારસી મરણ

રુસી કૈખશરૂ કોમીસેરીયત તે મરહુમ હેમા રુસી કોમીસેરીયતના ધની. તે મરહુમો શેહરુ કૈખશરુ કોમીસેરીયતની દીકરા. તે રતીના ભાઇ. તે હોમી રુસ્તમજી વાડીયાના ભારુત. (ઉં. વ. ૭૭) રે. ઠે. કનકીયા ભવન, 'એ' બ્લોક ૧લે માળે, રૂમ નં-૩, જે. એસ. એસ. રોડ, ચીરાબજાર, મુંબઇ-૪૦૦૦૦૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૭-૪-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે, ગોદાવરા અગિયારીમાં છેજી.

# જૈન મરણ

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

વાંકાનેર નિવાસી હાલ કાંદિવલી સ્વ. કાંતિલાલ વર્ધમાન ટોલિયાના ધર્મપત્ની વનિતાબેન (ઉં. વ. ૮૩) શુક્રવાર, તા. ૨૪-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે નિતીનભાઇ, સંજયભાઇ અને અલ્કાબેનના માતુશ્રી. હ નિષાના બહેન. સોનલબેન અને દેવેન્દ્રકુમાર અમૃતલાલ શાહનાં સાસુજી. કેતુલ અને કેતલ, આદિસ અને રિયા, યશ અને મિનીતા અને નાયશાનાં દાદી-નાની. સ્વ. નવનીતરાય અને હંસાબેન, રજનીકાત અને કલાબેન, સ્વ. ચંદ્રકળાબેન, વિજયાબેન, ચંદ્રીકાબેન, કુમુદબેન, મૃદુલાબેન, વર્ષાબેનના ભાભી. સ્વ. લાભકુંવરબેન અને નરોતમદાસ જસ્વીર કોઠારીની દીકરી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઝાલાવાડી દશા શ્રીમાળી મુ. જૈન**

નારીચાણા નિવાસી હાલ બોરીવલી ઇન્દુમતીબેન ધીરજલાલ શાહના સુપુત્ર નિલેષભાઇ ધીરજલાલ (ઉં.વ.૬૪) તા. ૨૪-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ભાવનાબેનના પતિ. હાર્દિકના પિતાશ્રી.ખુશ્બુના સસરા. તે પ્રવીણભાઇના નાનાભાઇ. તે બોટાદ નિવાસી પ્રવીણચંદ્ર હરગોવિંદદાસ બગડીયાના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પોરબંદર દશા શ્રીમાળી જૈન**

પોરબંદર નિવાસી હાલ બોરીવલી લીનાબેન અનિલકુમાર ભણશાલી (લીલુબેન) (ઉં. વ. ૮૬) તે સ્વ. પ્રભાવતી ચુનીલાલ શાહના સુપુત્રી. તે ગં.સ્વ. લલિતાબેન મધુરાદાસ ભણસાલીના પુત્રવધૂ. તે સ્વ. અનિલકુમાર મધુરાદાસ ભણસાલીના ધર્મપત્ની. તે યામિનીબેન, નિખિલભાઇ અને પૂજાબેનના માતુશ્રી. ઉદયભાઇ પ્રેમચંદ શાહ તથા બેલાબેન નિખિલ ભણસાલીના સાસુ તા. ૨૩-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ જૈન**

હાલ મુંબઇ મલાડ નિવાસી (ઝવેરીવાડો) દિલીપ મફતલાલ જેસંગલાલ શાહની સુપુત્રી રિદ્ધિ શાહ (ઉં. વ. ૩૫) તા. ૨૫-૪-૨૬ શનિવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે વર્ષાબેન તથા નયનાબેનની દીકરી. જેનીલની બહેન. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૨-બી, બ્લોક નંબર-૪. ઇન્દ્રપ્રસ્થ, જીતેન્દ્ર રોડ, મલાડ (ઇસ્ટ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

હસમુખલાલ ત્રિભુવનદાસ ખંધાર (ઉં.વ. ૮૧) ૨૪/૪/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. હંસાબેનના પતિ. સપના, પરાગ, કિંજલના પિતા. પ્રિતી તથા જીગ્નેશકુમારના સસરા. રમીલાબેન, સ્વ. ઉર્મિલાબેન, સ્વ. ભરતભાઈ, સ્વ. દિલીપભાઈ, સ્વ. વાસંતીબેનના ભાઈ. સ્વ. શાંતાબેન મનસુખલાલ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટા લાયજા હાલે બોરીવલીના કીરીટ વેલજી ખેરાજ શાહ (ગડા) (ઉં.વ. ૭૨) તા. ૨૪-૪-૨૬નાં અવસાન પામેલ છે. વેલબાઇ વેલજી ખેરાજના સુપુત્ર. હેમાબેનના પતિ. કુંતલ, કીન્નરીના પિતાશ્રી. માતુશ્રી વિમળાબેન ગાંગજી ગંગરના જમાઇ. લાયજાના સ્વ. જગદીશ, બેરાજાના સ્વ. ભારતી ઠાકરશી મામણીયા, મોટા આસંબીયાના કુંદન (કાદંબરી) ડો. વાડીલાલ શાહના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. હેમા કીરીટ શાહ, ખોત બંગલો, ૧લે માળે, જયા ટોકીઝ કંપાઉન્ડ, એસ.વી. રોડ, બોરીવલી (વે.).

બારોઇના અ.સૌ. નિર્મલાબેન મણીલાલ ગોગરી (ઉં.વ. ૭૪) તા. ૨૪-૪-૨૬ના અવસાન પામેલ છે. ભાણીબેન કુંવરજીના પુત્રવધૂ. મણીલાલના પત્ની. ભક્તિના માતુશ્રી. સાકરબેન ખીમજીના પુત્રી. હીરજી, ભવાનજી, શાંતિલાલ, ધીરજલાલ, વસંતલાલ, ચંચળબેનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. : મણીલાલ ગોગરી, ૮, ગાયત્રી દર્શન, ઝવેર રોડ, મુલુંડ (વે).

તલવાણાના ગંગાબાઈ લાલજી રવજી હરિયાના સુપુત્રી કેસર (બેબી) શંભુ ગોવિંદ (ઉં.વ. ૭૮) તા. ૨૪-૪-૨૬ના અવસાન પામ્યા છે. રત્નાગીરીના શંભુ ગોવિંદ અનભવનેના પત્ની. કિરણ, રક્ષાના માતુશ્રી. બિદડાના લક્ષ્મીબેન જીવરાજ, દેશલપુરના ઝવેરબેન ખિમજી, મગનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. શંભુ ગોવિંદ, ૪૦૩, ડેમ સીગનસ, સેક્ટર-૩, ચારકોપ, કાંદિવલી (વે.), મુંબઈ-૪૦૦૦૬૭.

મોટા લાયજાના મનસુખ વસનજી લખમશી (ઉં.વ. ૭૨) તા. ૨૩-૪-૨૬નાં કચ્છમાં અવસાન પામેલ છે. સાકરબેન વસનજીના પુત્ર. અરૂણાના પતિ. હેમાંગ, ભક્તિના પિતા. કોડાયના દમયંતી રતીલાલ, મહેન્દ્રના ભાઇ. રામાણીયાના ભાનુબેન ઠાકરશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : હેમાંગ છેડા, બીલ્ડીંગ નં. ૩૯, ફ્લેટ નં. ૧૦૪૧, આદર્શનગર, સેન્ચુરી બજાર, વરલી, મું. ૪૦૦૦૩૦.

કારાઘોઘાના વસનજી ડુંગરશી શેઠીયા (ઉં.વ. ૮૦) તા. ૨૩/૪ના અવસાન પામ્યા છે. ભાણબાઈ ડુંગરશી મુરજીના સુપુત્ર. કુસુમબેનના પતિ. ઉમંગ, સ્મિતાના પિતાશ્રી. દામજી, જેઠાલાલ, બારોઈ રતનબેન લાલજી શીવજી, કારાઘોઘા કસ્તુરબેન લાલજી નેણશી, ભુજપુર ભાવનાબેન અરવિંદ ખીમજી, દેશલપુર મીનાબેન મોહન પ્રેમજીના ભાઈ. કારાઘોઘા હાંસબાઈ મુલજી વિરમના જમાઈ. પ્રાર્થના : સુમતિનાથ જિનાલય, ગુજરાતી ક્લબની બાજુમાં, માટુંગા-સે.રે. (ટા. ૩.૩૦ થી ૫).

૨૬-૪-૨૬, રવિવાર, સાંજે ૫ થી ૭ વચ્ચે વનિતા વિશ્રામ સભાગૃહ, ૩૯૨, વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ ૪ (રિલાયન્સ હોસ્પિટલ ગેટ ક્રમાંક ૬ની બાજુમાં) રાખેલ છે. પિયરપક્ષ સ્વ. વલ્લભરામ દુર્લભરામ વ્યાસ તરફથી પણ સાથે જ પ્રાર્થના રાખેલ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ (ખંભાત)**

સાંતાક્રુઝ નિવાસી અ.સૌ. ઇન્દુબેન શાહ (બચીબેન) રમણલાલ શાહ (ઉં.વ. ૯૦) તે આશિષ અને ફાલ્ગુનીના માતુશ્રી. સોનલ અને પ્રકાશ કોટકના સાસુ. પરીતા, સ્મિત અને પાર્થના નાની/દાદી. પ્રખર અને હેલીના નાની સાસુ. સ્વ. જશોદાબેન પુરુષોત્તમદાસ કલકત્તવાળાના દીકરી શનિવાર, તા. ૨૫/૪/૨૬ના શ્રીજી ચરણ પામ્યા છે. પ્રાર્થના સભા તા. ૨૬/૪/૨૬ સાંજે ૫ થી ૭ રોટરી ક્લબ ઓફ બોમ્બે વેસ્ટ, જુહુ તારા રોડ, સાંતાક્રુઝ વેસ્ટ.

છેલ્લા પાનાનું ચાલુ

## આવા દાવાઓને

જવાબદારીપૂર્વક પ્રતિક્રિયા આપવી જોઈએ.

'પ્રતિક્રિયા કરતા પહેલા લોકોએ વસ્તુઓને યોગ્ય રીતે સમજવી જોઈએ. બિનજરૂરી અરાજકતા ઊભી કરવી યોગ્ય નથી,' એમ તેમણે કહ્યું હતું.

૧૭મી સદીના સંત-કવિ, સમર્થ રામદાસે સમાજના વિવિધ વર્ગોમાં ધર્મ અને આધ્યાત્મિકતાને પુનર્જીવિત કરવા માટે એક આધ્યાત્મિક ચળવળ શરૂ કરી હતી. લોકોનો એક વર્ગ માને છે કે તેઓ શિવાજી મહારાજના આધ્યાત્મિક ગુરુ હતા, પરંતુ કેટલાક ઇતિહાસકારો આ દાવાને નકારી કાઢે છે.

શાસ્ત્રીના અહેવાલ મુજબના નિવેદન કે લોકોએ ચાર બાળકોને જન્મ આપવો જોઈએ અને તેમાંથી એકને આરએસએસને સમર્પિત કરવું જોઈએ, તે અંગે પૂછવામાં આવતા, ફડણવીસે કહ્યું, 'ઘણા લોકો પોતાના વિચારો વ્યક્ત કરે છે, અને આપણે તેને યોગ્ય સંદર્ભમાં લેવું જોઈએ.'

'તેમનો (શાસ્ત્રી) કહેવાનો અર્થ એ હતો કે આરએસએસ હિન્દુ સંસ્કૃતિ અને સનાતન પરંપરાને જીવંત રાખવા માટે કામ કરી રહ્યું છે, તેથી ઘરના એક પુત્રએ સંઘમાં જોડાવું જોઈએ,' એમ ફડણવીસે કહ્યું હતું.

શાસ્ત્રીએ એક દિવસ પહેલા નાગપુરમાં શિલાન્યાસ સમારોહમાં આ કથિત ટિપ્પણીઓ કરી હતી.

ફડણવીસે એમ પણ કહ્યું હતું કે નાસિકમાં આગામી કુંભ મેળાને લગતું રાજ્ય સરકારનું ચાલુ કાર્ય સંતોષકારક રીતે આગળ વધી રહ્યું છે પરંતુ તેને ઝડપી બનાવવાની જરૂર છે.

તેમણે કહ્યું હતું કે ધાર્મિક નેતાઓ અને અખાડાઓ સાથે સંકલન બેઠકોની સંખ્યા અને આવર્તન વધારવું જોઈએ, ઉમેર્યું હતું કે સાંસ્કૃતિક જાગૃતિ સાથે જોડાયેલ નદીના પુનર્જીવન અને જળ સંરક્ષણ પહેલ માટે તૈયારીઓ ચાલી રહી છે.

## પોલીસ કર્મચારી

કચેરીમાં કાર્યરત અભિષેક સાતપુતે અને નવનાથ વચ્ચે છેલ્લાં ૧૦ વર્ષથી મિત્રતા હતી. દરમિયાન સાતપુતે છેલ્લા ઘણા સમયથી નવનાથ પાસે વારંવાર શારીરિક સંબધ રાખવાની માગણી કરી રહ્યો હતો. નવનાથે ઇનકાર કર્યો હોવા છતાં સાતપુતે તેને ત્રાસ આપી રહ્યો હતો. સાતપુતેની વારંવાર માગણીને કારણે નવનાથ તાણ હેઠળ હતો અને સાતપુતેના ત્રાસથી કંટાળીને નવનાથે આખરે જીવનનો અંત આણ્યો હતો.નવનાથની આત્મહત્યા બાદ કળમનુરી તાલુકામાં વાતાવરણ તંગ બન્યું હતું. નવનાથના પરિવારના સભ્યો, સગાંવહાલાં તથા વડગાંવના ગામવાસીઓ આખાડા બાળાપુર ગ્રામીણ હોસ્પિટલની બહાર એકઠા થયા હતા અને જ્યાં સુધી દોષી પોલીસ કર્મચારી સાતપુતે સામે ગુનો દાખલ ન થાય ત્યાં સુધી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવા ન દઇએ, એવી જીદ પકડી હતી. આથી ૨૨ કલાક સુધી મૃતદેહ હોસ્પિટલમાં પડ્યો રહ્યો હતો. આખરે પોલીસે નાગનાથ લાખાડેની ફરિયાદને આધારે સાતપુતે વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

## ભાજપ બકાસુરનો

એમ રાઉતે કહ્યું હતું. ચઢ્ઢાએ એક સમયે ભાજપને ગુંડાઓનો પક્ષ ગણાવ્યો હતો, જ્યારે મિત્તલને રાજ્યસભામાં આપના ઉપનેતા બનાવવામાં આવ્યા પછી (ચઢ્ઢાના સ્થાને) તેમના વ્યવસાયો પર દરોડા પાડવામાં આવ્યા હતા, એમ સંસદના ઉપલા ગૃહના સભ્ય રાઉતે જણાવ્યું હતું. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગયા અઠવાડિયે ફેમાની તપાસના ભાગ રૂપે પંજાબમાં મિત્તલ સાથે જોડાયેલી વ્યવસાયિક સંસ્થાઓ પર દરોડા પાડ્યા હતા. 'ભાજપના રાજકારણ વિશે દરેક વ્યક્તિ જાણે છે. તે બેશરમી છે,' એમ સેના (યુબીટી)ના નેતાએ કહ્યું હતું અને ઉમેર્યું હતું કે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને નર્કખાનું કહ્યું હતું અને ભાજપ બતાવી રહ્યું છે કે નર્ક કેવું દેખાય છે. રાઉતે ૨૦૨૨માં કથિત મની લોન્ડરિંગ કેસમાં તેમની ધરપકડનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, તેમણે પોતે તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ વેંકૈયા નાયડુને પત્ર લખ્યો હતો કે તેમના પર ભાજપમાં જોડાવાનું દબાણ હતું, પરંતુ તેમણે પોતાની પાર્ટી સાથે દગો કર્યો નહીં અને જેલમાં જવાનું પસંદ કર્યું. મહિનાઓ પછી તેમને આ કેસમાં જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા.

## મેટ્રો ટૂ-એ

૨૩.૬૪ કિલોમીટર લાંબી મેટ્રો ટૂ-બી રૂટનું કામ ત્રણ તબક્કામાં હાથમાં લીધું છે. મંડાલે-ડાયમંડ ગાર્ડન દરમ્યાન પહેલા તબક્કામાં આઠ એપ્રિલથી મેટ્રો રેલ શરૂ કરવામાં આવી હતી. તો ડાયમંડ ગાર્ડન-સારસ્વત નગર આ બીજા તબક્કામાં આવે છે અને તેનું કામ પૂરું થઈને મેટ્રો રેલ શરૂ થવામાં ૨૦૨૭ની સાલ થઈ જવાની છે. સારસ્વત નગર-અંધેરી પશ્ચિમ આ ત્રીજા તબક્કામાં શરૂ થવાની છે.

આ દરમ્યાન ડાયમંડ ગાર્ડન-સારસ્વત નગર વચ્ચે ૨૦૨૭માં મેટ્રો શરૂ થવાની છે પણ આ તબક્કામાં ચેમ્બુર મેટ્રો સ્ટેશનનો સમાવેશ થાય છે, તેને મે-જૂન સુધીમાં શરૂ કરી દેવાની યોજના છે. ચેમ્બુર મેટ્રો સ્ટેશનનું કામ ૧૦૦ ટકા પૂર્ણ થઈ ગયું હોવાથી સ્ટેશન માટે સેફ્ટી સર્ટિફિકેટ મળી જાય તો તેને સેવામાં દાખલ કરી દેવાની યોજના છે. જો મંજૂરી મળી જાય તો ચેમ્બુરથી મંડાલે સુધીનો પ્રવાસ હાર્બર લાઈનના રહેવાસીઓ કરી શકશે.

હાલ ડાયમંડ ગાર્ડન-મંડાલે વચ્ચે મેટ્રો દોડે છે પણ તેનો પ્રવાસીઓએ બહુ પ્રતિસાદ આપ્યો નથી. અહીં દિવસના માત્ર ૩૦૦ જેટલા પ્રવાસીઓ પ્રવાસ કરે છે. તેથી પ્રવાસીઓની સંખ્યા વધે તે માટે એમએમઆરડીએ ચેમ્બુર સુધી મેટ્રો સેવા શરૂ કરવામાં માગે છે.

## વાઢવાણ બંદર

સંપૂર્ણપણે પારદર્શક છે અને કોઈ અલગ કમિશન કે ફીની જરૂર નથી. દસ્તાવેજ સબમિટ કર્યા પછી રકમ સીધી સંબંધિત વ્યક્તિઓના વ્યક્તિગત બેંક ખાતામાં જમા કરવામાં આવશે,' એમ પણ પ્રકાશનમાં જણાવાયું છે.

સીધા વળતર ઉપરાંત, વારસદારની નોંધણી માટે દહાણુ અને પાલઘરમાં ૨૦ ખાસ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના પરિણામે ૩૫૦ વારસાના કેસોનું સમાધાન થયું હતું, એમ કલેક્ટર ઇન્દુ રાણી જાખડ દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જણાવાયું છે.

વહીવટની ઝડપી પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે વહીવટીતંત્રે તમામ અસરગ્રસ્ત નાગરિકોને આગામી સોમવાર સુધીમાં જમીન સંપાદન અધિકારી અથવા તેમની સંબંધિત તલાટી કચેરીઓમાં તેમના દસ્તાવેજો સબમિટ કરવા અપીલ કરી છે.

## કોર્ટે જામીન

કરવાને ઇરાદે ગ્રૂપમાં મેસેજ પોસ્ટ કરાયા હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો. ફરિયાદીની દીકરીઓ માટે પણ પોસ્ટમાં કથિત વાંધાજનક લખાણ હતું. આ કેસમાં બાદમાં પોક્સો એક્ટની સંબંધિત કલમો ઉમેરાઇ હતી અને સેશન્સ કોર્ટમાં આરોપનામું દાખલ કરાયું હતું.

ત્રણેય મહિલાએ સેશન્સ કોર્ટમાંથી જામીન મેળવ્યા હતા અને તેમને શરતી જામીન અપાયા હતા. જોકે પોલીસ અધિકારી સાથે ઉદ્ધતાઇથી વર્તન કરવું અને સાક્ષીને ફોન પર ધમકાવવાના આક્ષેપ થતાં પોલીસે ત્રણેયના જામીન રદ કરવાની અરજી કોર્ટમાં કરી હતી. સુનાવણી બાદ કોર્ટે ત્રણેયના જામીન રદ કરી તેમને સરન્ડર કરવાનો આદેશ આપ્યો હતો.

## સાંસદ સુપ્રિયા સુળે

પરિવારોના ઘરોમાં શરૂ થઈ ગઈ છે, અને સુપ્રિયા સુળે પોતે નજીકના મિત્રો અને રાજકીય નેતાઓને આમંત્રણ આપી રહ્યાં છે. આ પ્રસંગે, તેઓ ઠાકરે પરિવારને મળી અને તેમને ઔપચારિક રીતે લગ્નમાં આમંત્રણ આપ્યું હતું.

પવાર પરિવાર અને ઠાકરે પરિવાર વચ્ચે લાંબા અને ગાઢ સંબંધો છે. મહાવિકાસ આઘાડી દરમિયાન આ સંબંધો વધુ મજબૂત બન્યા. રાજકીય મતભેદો અને વિચારધારાઓને બાજુ પર રાખીને, બંને પરિવારો વચ્ચેનો સ્નેહ હંમેશા સ્પષ્ટ રહ્યો છે. આજની બેઠકમાં સુપ્રિયા સુળે અને ઉદ્ધવ ઠાકરેએ પણ અડધો કલાક ચર્ચા કરી હતી, જેમાં તેમણે મુખ્યત્વે પારિવારિક બાબતો પર ચર્ચા કરી હોવાનું માનવામાં આવે છે.રેવતી સુળે અને સારંગ લાખાણીનો લગ્ન સમારોહ ૨૦ જૂન, ૨૦૨૬ના રોજ મુંબઈમાં ખૂબ જ ધામધૂમથી યોજાશે. આ લગ્નમાં દેશભરના દિગ્ગજ નેતાઓ અને ઉદ્યોગપતિઓ હાજર રહેશે, અને મુંબઈમાં સમારોહ પછી દિલ્હીમાં પણ ખાસ સ્વાગત સમારોહનું આયોજન કરવામાં આવશે તેવી ચર્ચા છે.

## આજે હાર્બર લાઈનમાં

સાંજે ૫.૧૩ વાગ્યા સુધી લોકલ સેવાઓ સ્થગિત કરવામાં આવી છે.

મેગા બ્લોક સમયગાળા દરમિયાન પનવેલ-કુર્લા વચ્ચે દર ૨૦ મિનિટના અંતરાલે ખાસ લોકલ સેવાઓ ચલાવવામાં આવશે. હાર્બર લાઇન પર મુસાફરોને સવારે ૧૦.૦૦ થી સાંજે ૬ વાગ્યા સુધી મુખ્ય લાઇન અને પશ્ચિમ રેલવે લાઇન પર મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવશે.

## ચઢ્ઢા અને અન્ય

મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હશે, અને તેથી જ તેઓ પાર્ટી છોડી ગયા. 'જો પાર્ટી સાચી દિશામાં ગઈ હોત, તો તેઓ પાર્ટી છોડ્યા ન હોત,' એમ તેમણે ઉમેર્યું હતું.

'કોઈને કોઈ કારણ હોવું જોઈએ (તેમના આપ છોડવાનું). લોકશાહીમાં, દરેક વ્યક્તિનો પોતાનો મત હોય છે કે ક્યાં રહેવું અને ક્યાં જવું,' એમ હઝારેએ કહ્યું હતું.

## નાગપાડામાં ચાકુના ઘા

દીધા હતા અને તેઓ ધરપકડથી બચવા વિવિધ સ્થળે છુપાતા ફરતા હતા.

દરમિયાન ગુનાની સમાંતર તપાસ ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ કરી રહ્યા હતા અને બંને આરોપી નાગપુરમાં હોવાની તેમને માહિતી મળી હતી. આથી ક્રાઇમ બ્રાન્ચની ટીમ નાગપુર રવાના થઇ હતી અને શુક્રવારે બડા તાજબાગ વિસ્તારમાંથી બંને આરોપીને તાબામાં લીધા હતા.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે એક આરોપીના કાકા અને ગેન્ગસ્ટર સાદિક કાલિયા વર્ષ ૧૯૯૭માં અને આરિફ કાલિયા ૨૦૦૨માં એન્કાઉન્ટરમાં માર્યા ગયા હતા. તેમના એન્કાઉન્ટરમાં મૃતક મોહંમદ સલિયાએ ખબરી તરીકે ભૂમિકા ભજવી હોવાની આરોપીને શંકા હતી. આથી તેણે મિત્ર સાથે મળીને મોહંમદ સલિયાની હત્યા કરી હતી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|


# મુંબઈ સમાચાર માતૃભાષા ભાગવત સપ્તાહ





વિશ્વની સર્વ પ્રથમ માતૃભાષા ભાગવત સપ્તાહના મુંબઈ સમાચારના આયોજનમાં સમગ્ર વિશ્વમાં જેમની તોલે કોઈ ના આવી શકે એવા પૂજ્યભાઈશ્રી રમેશભાઈ ઓઝાના કંઠે સતત સાત દિવસ સુધી ભાગવત અને માતૃભાષા બંનેનો સમન્વય કરીને સનાતની સંસ્કૃતિ તેમ જ ભારતની તમામ માતૃભાષાઓનો વારસો જાળવી રાખવાનો, માતૃભાષાના સૈનિકો, આપણા મહાન સાહિત્યકારોને યાદ કરવાનો એક અનોખો પ્રયોગ બોરીવલી ખાતે થયો, જે અદ્ભુત રીતે સફળ થયો. પૂજ્યભાઈશ્રીના શબ્દોમાં કહીએ તો ન ભૂતો ન ભવિષ્યતિ. આ સપ્તાહના સાત દિવસમાં જે ૧૫૧ સાહિત્યકારો, જેમની પ્રતીકાત્મક પોથી મુંબઈ સમાચારે મૂકી હતી એ તમામ સાહિત્યકારોના ફોટો આ પૂર્તિમાં અહીં આપેલ છે. સાતેસાત દિવસનો માતૃભાષા અને ભાગવતનો સમન્વય કરીને જે કથાનું રસપાન લોકોએ કર્યું એ પણ જેઓ ત્યાં સુધી નહોતા પહોંચી શક્યા એમના માટે અહીં આપવામાં આવ્યું છે. વધુમાં આ ૧૫૧ સાહિત્યકારોની યાદી જે મુંબઈ સમાચાર અને તેના પ્રતિનિધિ મંડળોએ, પત્રકારો, લેખકોએ મળીને તૈયાર કરી છે એ વિશેનું એક વિસ્તૃત પુસ્તક પણ ટૂંક સમયમાં પ્રકાશિત થશે. એની પણ નોંધી લેવી. આ પૂર્તિ એવા લોકો માટે છે કે જે માતૃભાષા ભાગવત સપ્તાહનો લાભ નહોતા લઈ શક્યા. તેમ જ આ માતૃભાષાના આ જ્ઞાનયજ્ઞમાં એવા અનેક લોકો છે કે જેમણે પોતાનું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે યોગદાન આપ્યું છે. એ તમામનું ઋણ સ્વીકાર કરવા માટે આ પૂર્તિનું આયોજન કરવામાં આવ્યું છે. એ તમામ લોકો કે જેમણે કોઈ પણ રીતનું તન, મન, ધન કે કોઈ પણ રીતે આ કાર્યમાં સેવા આપી છે એ તમામનો અમે દિલથી આભાર માનીએ છીએ. સાત પાનાની આ પૂર્તિમાં આઠમા પાના પર એવા વિશેષ મહાનુભાવો છે કે જેમણે આ ભગીરથ કાર્યને સફળ કરવા માટે પોતાનું યોગદાન આપ્યું. મુંબઈ સમાચાર, માતૃભાષા પ્રતિષ્ઠાન, તેમ જ સમગ્ર સનાતની, સમગ્ર ભારતની ભાષાઓના સાધકો આવા અનેક લોકોની રાહ જોઈ રહ્યા છે જે ભાષા કે સંસ્કૃતિ કે સાહિત્યના કાર્યમાં પોતાના યોગદાનથી તેમને પ્રોત્સાહન આપે. ભવિષ્યમાં આમાં વધુને વધુ લોકો જોડાશે એવી ટીમ મુંબઈ સમાચારને આશા છે...



આદિલ મન્સુરી
જન્મ: ૧૮ મે ૧૯૩૬
સ્વર્ગવાસ: ૬ નવેમ્બર ૨૦૦૮




અખા ભગત
સત્તરમી સદી




અનિરુદ્ધ લાલજીભાઈ બ્રહ્મભટ્ટ
જન્મ: ૧૧ નવેમ્બર ૧૯૩૫
સ્વર્ગવાસ: ૩૧ જુલાઈ ૧૯૮૧




અરદેશર ફરામજી ખબરદાર
જન્મ: ૭ નવેમ્બર ૧૮૮૧
સ્વર્ગવાસ: ૩૦ જુલાઈ ૧૯૫૩




અશ્વિની હરપ્રસાદ ભટ્ટ
જન્મ: ૨૨ જુલાઈ ૧૯૩૬
સ્વર્ગવાસ: ૧૦ ડિસેમ્બર ૨૦૧૨




અવિનાશ વ્યાસ
જન્મ: ૨૧ જુલાઈ ૧૯૧૨
સ્વર્ગવાસ: ૨૦ ઓગસ્ટ ૧૯૮૪



બાલમુકુન્દ મણિશંકર દવે
જન્મ: ૭ માર્ચ ૧૯૧૬
સ્વર્ગવાસ: ૨૮ ફેબ્રુઆરી ૧૯૯૩



બળવંતરાય કલ્યાણરાય ઠાકોર
જન્મ: ૨૩ ઓક્ટોબર ૧૮૬૯
સ્વર્ગવાસ: ૨ જાન્યુઆરી, ૧૯૫૨



બરકત વીરાણી-બેફામ
જન્મ: ૨૫ નવેમ્બર ૧૯૨૩
સ્વર્ગવાસ: ૨ જાન્યુઆરી ૧૯૯૪



ભગવતીકુમાર હરગોવિંદભાઈ શર્મા
જન્મ: ૩૧ મે ૧૯૩૪
સ્વર્ગવાસ: ૫ સપ્ટેમ્બર, ૨૦૧૮

કથા પ્રારંભ ૨-૪-૨૦૨૬

મુંબઈ સમાચાર માતૃભાષા ભાગવત સપ્તાહ

૨ એપ્રિલથી ૮ એપ્રિલ

## ભાગવત - ભક્તિ - ભાષાનો ભાઈશ્રીએ રચ્યો ત્રિવેણી સંગમ

કોરોનાના કપરાકાળ પછી મુંબઈમાં પહેલી વાર આયોજિત પૂજ્ય રમેશભાઈ ઓઝા - ભાઈશ્રીની 'મુંબઈ સમાચાર'ના આયોજન હેઠળની ભાગવત સપ્તાહમાં ભક્તિ સાથે ભાષાના માહાત્મ્યને પ્રાધાન્ય આપવાનો અનન્ય પ્રયાસ કરવામાં આવ્યો હતો. એશિયાના સૌથી જૂના અને ૨૦૪ વર્ષથી પ્રકાશિત થતા અખબાર દ્વારા મુંબઈના ઉપનગર બોરીવલીના ચીકુવાડી વિસ્તાર સ્થિત સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડા સંકુલમાં બીજી એપ્રિલથી આઠમી એપ્રિલ દરમિયાન ભાઈશ્રીની અમૃતવાણીમાં ભાગવત - ભક્તિ - ભાષાનો ત્રિવેણી સંગમ રચાયો હતો. વિદ્વાન કથાકાર દ્વારા શુકદેવજી અને પરીક્ષિત રાજાના સંવાદના રૂપમાં આ કથા છે અને એ સાંભળવાથી મનુષ્યને મનની શાંતિ મોક્ષ મળે છે એવી માન્યતા છે. ભગવાન વિષ્ણુના વિવિધ અવતારો, ખાસ કરીને કૃષ્ણલીલાના વર્ણનથી માનવજીવનમાં ભક્તિભાવ અને ચેતના પ્રગટે એવો એનો ભાવ છે. અખબારના તંત્રી નીલેશ દવેએ ભાગવત કથામાં માતૃભાષાના મહત્ત્વને જોડી દેતા વિશ્વની સૌપ્રથમ માતૃભાષા ભાગવત સપ્તાહમાં ભાઈશ્રી રમેશભાઈએ પ્રત્યેક દિવસે ભગવાનની ભક્તિ સાથે ભાષાવૈભવ દ્વારા ભાવિકોને રસતરબોળ કરી માનવજીવનમાં ભક્તિભાવની સાથે ભાષાભાવ પ્રગટાવવાનું વિલક્ષણ કામ કર્યું હતું. આ ભાગવત સપ્તાહને મળેલા અકલ્પનીય પ્રતિસાદમાં ભાગવતનો પ્રભાવ અને ભાઈશ્રીની અમૃત વાણી સાથે દરરોજ વિશાળ ડોમ છલકાવી દેતા ભાવિકો ઉપરાંત મુખ્ય મનોરથી 'સ્કાયલાઈન ઈન્ફ્રા ફોર્જ'ના શ્રી સૌરભભાઈ મહેતા, 'ગંધાર ગ્રૂપ ઓફ કંપનીઝ'ના સહ મનોરથી શ્રી રમેશભાઈ પારેખ અન્ય મનોરથીઓ તેમજ સંપૂર્ણ આયોજનની વિવિધ જવાબદારીઓ ઉપાડી એને સુપેરે નિભાવનારા જીગ્નેશ ભૂતા, સંતોષ સિંહ, રાજુ સાવલા તેમજ 'મુંબઈ સમાચાર'ની ટીમનો ભગીરથ ફાળો રહ્યો છે. મુંબઈમાં આયોજિત ભાગવત સપ્તાહમાં આવું ભવ્ય આયોજન પહેલી જ વાર થયું હતું.

### દિવસ પહેલો: કથા પ્રારંભ

ચૈત્રી પૂનમ - હનુમાન જયંતીના અવસરે કથા પ્રારંભ પહેલા પોથી યાત્રાથી સપ્તાહનો શુભારંભ થયો હતો. ઉનાળાની ભર બપોર હોવા છતાં પોથી યજમાનો તેમના પરિવાર સાથે પોથીયાત્રામાં ગજબના ઉત્સાહથી સહભાગી થયા હતા. મનના ઉમળકા સામે મુંબઈની ઉષ્ણતા ગૌણ બની ગઈ હતી. નિયત સમયે ભાઈશ્રીનું આગમન થયું અને પરિસરમાં પ્રવેશ લેતી વખતે તેમણે મહાપ્રભુજીની ૮૪ બેઠકજીનું રસપૂર્વક અવલોકન કરી દર્શન કર્યા હતા. ત્યારબાદ ભાઈશ્રી વ્યાસપીઠ પર બિરાજમાન થયા ત્યારે પાર્શ્વભૂમિમાં મધ્યમાં બ્રહ્માંડની ઉત્પત્તિ અને સર્વોચ્ચ ચેતનાનું પ્રતીક ૐ, ભાઈશ્રીની જમણી બાજુએ સરસ્વતીની વીણા અને ડાબી બાજુએ શિવજીના ડમરુ સાથે ભાષાનું પ્રતિનિધિત્વ કરતા અક્ષરો 'મુંબઈ સમાચાર આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહ'ના ઉમદા હેતુને પ્રતિબિંબિત કરતા હતા. આ ભાગવત કથાનું બીજ કઈ રીતે રોપાયું એની સ્પષ્ટતા સાથે ભાઈશ્રીએ ઓમ નમઃ ભગવતે વાસુદેવાય અને સ્વસ્તીશ્રી ગણેશાય નમઃ અને શ્રી સરસ્વતેય નમઃના પવિત્ર ઉચ્ચારણ સાથે શ્રીમદભાગવત મહાપુરાણના પ્રથમ મંગલાચરણ શ્લોક **सच्चिदानन्दरुपाय विश्वोत्पत्पत्यादिहेतवो। तापत्रयविनाशाय श्रीकृष्णाय वयं नमः।।** નું પઠન કરી ભાગવત કથાનો પ્રારંભ કર્યો હતો. ભાગવત કથાનો મુખ્ય ઉદ્દેશ્ય ભગવાન શ્રીકૃષ્ણ પ્રતિ સમર્પણ અને એમના આશીર્વાદ મેળવી દુઃખનો વિનાશ કરવો એ શ્લોકનો ભાવાર્થ છે.


ભાગવત સપ્તાહના પ્રત્યેક દિવસે ભાવિકોને ઈશ્વર સ્તુતિના રસપાન સાથે માતૃભાષા વૈભવનો પરિચય પણ ભાઈશ્રી કરાવતા રહ્યા.

'પરમકારૂણ્ય ભગવાન શ્રી હરિના ચરણદ્વયમાં સદૈવ દંડવત' એવી રજૂઆત સાથે વાતાવરણ મંગલમય બની ગયું અને ચરણદ્વય (બંને ચરણ) એ આપણી ભાષાના સુંદર શબ્દથી ભાવિકો વાકેફ થયા. ઈલેક્ટ્રોનિક માધ્યમના આક્રમણ સામે પ્રિન્ટ મીડિયાએ પોતાનું મહત્ત્વ અને અસ્તિત્વ ટકાવી રાખ્યા છે એ વાત પર ભાર આપી ભાઈશ્રીએ જણાવ્યું કે 'ટીવી ચેનલ્સ કે સોશ્યલ મીડિયા પર સમાચાર બહુ જલદી આપણી પાસે પહોંચી જાય છે, પણ સમાચારની પ્રામાણિકતા માટે 'મુંબઈ સમાચાર' જેવા આપણાં દૈનિકો પર સામાન્ય વાચકવર્ગને ભરોસો છે.' માતૃભાષાનું માહાત્મ્ય અને એના અસ્તિત્વ વિશે એક સુંદર દ્રષ્ટાંત આપી ભાઈશ્રીએ જણાવ્યું કે 'બે બાળકની માતા એવી કોઈ બહેનનો નાની ઉંમરે ચાંદલો ભૂંસાઈ ગયો હોય (પતિના અવસાનનું આવું પ્રતીક માતૃભાષામાં જ મળી શકે) અને વિષમ પરિસ્થિતિમાં જીવતર અકળામણ લાગતું હોય ત્યારે નજર સામે રહેલાં બાળકો માટે જીવવાનો એ બહેનનો સંકલ્પ એકદમ દ્રઢ થતો જાય. મને એવું લાગે છે કે અત્યારના સમયમાં માતૃભાષા ટકી રહેવાનો પ્રયાસ કરે છે, કારણ કે એને એનાં બાળકો માટે જીવવું છે. એના બાળકો એટલે આપણે અને આ આપણી માતૃભાષા છે. ભાષા કેવળ ભાવની અભિવ્યક્તિનું માધ્યમ નથી, સંસ્કૃતિનું ઘર છે. એ ટકી રહે એ જરૂરી છે'.

માતૃભાષા ભાગવત સપ્તાહના મર્મને જાળવી રાખી ભાઈશ્રીએ વાયા વિરમગામ, હુરટીઓ, મેહાણાના લોકો જેવા તળપદા શબ્દોનો ઉલ્લેખ કરતા લોકોને મોજ પડી હતી અને ભાષાજ્ઞાનની સમજણનો વિસ્તાર પણ થયો હતો. ભાષા, ભૂષા, ભાવ, ભોજન અને ભૂમિને માતૃત્વ સાથે સાંકળી ભાઈશ્રીએ માતૃભાષાના મહત્ત્વનું સુંદર રીતે નિરૂપણ કર્યું હતું. આપણા શરીર માટે માત્ર પુષ્ટિકર નહીં, માત્ર તુષ્ટિકર નહીં પણ હિતકર પણ હોય એ આપણું માતૃભોજન. જમ્યા પછી આપણને માણ વળે (માણ વળે એટલે તૃપ્તિનો ઓડકાર) એ જ આપણો ખોરાક એમ જણાવી ભાઈશ્રીએ માતૃભાષા પણ આપણા માટે હિતકર છે એ વાત ભાવિકોને સમજાવી.

ભગવાન શ્રી કૃષ્ણના જીવનકાળને ભાષા સાથે જોડી ભાઈશ્રીએ જણાવ્યું કે 'બાળકૃષ્ણ ૧૧ વર્ષ ગોકુળમાં રહ્યા. ૧૪ વર્ષ મથુરામાં રહ્યા એટલે ગોકુળની ગામઠી બોલી થોડી નાગરી ભાષા બની હશે. ત્યારબાદ દ્વારકામાં તો ૧૦૦ વર્ષ રહ્યા. કલ્પના કરો કે એ સમયમાં સેલફોન હતા અને જો કૃષ્ણ દ્વારકાના મહેલમાંથી ગોકુળમાં ફોન કરે તો વ્રજ ભાષામાં જ વાત કરતા હશે ને. આ છે માતૃભાષાનો પ્રેમ અને પ્રભાવ. રામચરિત માનસ ગોસ્વામી તુલસીદાસજીએ સંસ્કૃતમાં ન લખ્યું, પણ ગ્રામ્ય ભાષામાં લખ્યું અને એટલે સામાન્ય માણસ સુધી પહોંચ્યું એ માતૃભાષાનો પ્રભાવ છે.'


કથા શ્રવણ પછી સાંજે મરાઠી ભાષામાં ભાવગીત અને ભક્તિગીતથી વાતાવરણને વધુ સમૃદ્ધ કર્યું હતું. ગુજરાતી ભાષાના ભાગવત સપ્તાહમાં સાંસ્કૃતિક કાર્યક્રમનો પ્રારંભ મરાઠી ભાષામાં થયો હોય એવો આ સંભવતઃ પહેલો જ પ્રસંગ હશે. ગુજરાતી ઉપરાંત દેશની સર્વ માતૃભાષાનો આદર કરવાની કોશિશ, એનો ભાવ અહીં ઉજાગર થઈ રહ્યો હતો. અભિનેતા અને સંચાલક હેમંત બર્વે તેમજ પાર્શ્વગાયિકા સંજીવની ભેલાંડે અને સાથીઓના સંગીત કાર્યક્રમને ભાવિકોએ રસપૂર્વક માણ્યો હતો.



ભોળાભાઈ પટેલ
જન્મ: ૭ ઓગસ્ટ, ૧૯૩૪
સ્વર્ગવાસ: ૨૦ મે, ૨૦૧૨



ચંદ્રકાંત બક્ષી
જન્મ: ૨૦ ઓગસ્ટ, ૧૯૩૨
સ્વર્ગવાસ: ૨૫ માર્ચ, ૨૦૦૬



ચંદ્રકાંત શેઠ
જન્મ: ૩ ફેબ્રુઆરી, ૧૯૩૮
સ્વર્ગવાસ: ૨ ઓગસ્ટ, ૨૦૨૪



**ચિનુ મોદી**
જન્મ: ૩૦ સપ્ટેમ્બર, ૧૯૩૯.
સ્વર્ગવાસ: ૧૯ માર્ચ, ૨૦૧૭



**ચુનીલાલ મડિયા**
જન્મ: ૧૨ ઓગસ્ટ, ૧૯૨૨
સ્વર્ગવાસ: ૨૯ ડિસેમ્બર, ૧૯૬૮




**દલપતરામ ડાહ્યાભાઈ ત્રવાડી**
જન્મ: ૨૧ જાન્યુઆરી ૧૮૨૦
સ્વર્ગવાસ: ૨૫ માર્ચ, ૧૮૯૮



**દયારામ પ્રભુરામ ભટ્ટ**
જન્મ: ૧૬ ઓગસ્ટ ૧૭૭૭
સ્વર્ગવાસ: ૨૮ ફેબ્રુઆરી ૧૮૫૩



**ધીરુબેન પટેલ**
જન્મ: ૨૫ મે, ૧૯૨૬
સ્વર્ગવાસ: ૧૦ માર્ચ, ૨૦૨૩



**ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી 'ધૂમકેતુ'**
જન્મ : ૧૨ ડિસેમ્બર, ૧૮૯૨
સ્વર્ગવાસ : ૧૧ માર્ચ, ૧૯૬૫



**ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી**
જન્મ : ૨૦ ઓક્ટોબર, ૧૮૫૫
સ્વર્ગવાસ : ૦૪ જાન્યુઆરી, ૧૯૦૭




**ગુલાબદાસ બ્રોકર**
જન્મ: ૨૦ સપ્ટેમ્બર,૧૯૦૯
સ્વર્ગવાસ: ૧૦ જૂન, ૨૦૦૬




**ગુણવંતરાય આચાર્ય**
જન્મ: ૯ સપ્ટેમ્બર, ૧૯૦૦
સ્વર્ગવાસ: ૨૫ નવેમ્બર, ૧૯૬૫



**હરીન્દ્ર દવે**
જન્મ: ૧૯ સપ્ટેમ્બર, ૧૯૩૦
સ્વર્ગવાસ: ૨૯ માર્ચ, ૧૯૯૫



**હરિપ્રસાદ મણિરાય વ્યાસ**
જન્મ: ૨૫ મે ૧૯૦૪
સ્વર્ગવાસ: ૧૩ જુલાઈ ૧૯૮૦




**હરિવલ્લભ ભાયાણી**
જન્મ: ૨૬.૫.૧૯૧૭
સ્વર્ગવાસ: ૧૧ નવેમ્બર.૨૦૦૦



**હરજી લવજી દામાણી 'શયદા'**
જન્મ: ૨૪ ઓક્ટોબર ૧૮૯૨
સ્વર્ગવાસ: ૩૧ મે ૧૯૬૨

દિવસ બીજો ૩-૪-૨૦૨૬




# આનંદ માટે આપણે આવલાં મારતા હોઈએ છીએ

માતૃભાષા ભાગવત સપ્તાહના બીજા દિવસે સમ્રાટ વૈષ્ણવાચાર્યશ્રી ૧૦૮ યદુનાથજી મહારાજએ શ્રીમદ ભાગવતજીને દંડવત પ્રણામ કરી માતૃભાષા ભાગવત સપ્તાહના અનોખા આયોજન બદલ 'મુંબઈ સમાચાર'ની સમગ્ર ટીમ અભિનંદનને પાત્ર હોવાનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે 'આનંદની વાત એ છે કે આ માતૃભાષા ભાગવત સપ્તાહમાં પોતપોતાની ભાષામાં સર્જન કરનારા સર્જકોની પણ અહીં વંદના કરવામાં આવી છે. એ રીતે માતૃભાષા ભાગવત સપ્તાહનો અર્થ અહીં સાર્થક થાય છે. વિવિધ ભાષાના આ સર્જકોને જનસમુદાય સમક્ષ મૂકી 'મુંબઈ સમાચાર'એ આ અનન્ય આયોજન કર્યું છે.

ભાષા માત્ર સંવાદ પૂરતી નથી હોતી એ હીલિંગ ટચ (રાહત આપતો સ્પર્શ)નું પણ કામ કરે છે. શ્રીમદ ભાગવત પણ અહીં હાજર ભાવિકોને પ્રેમનો એવો હીલિંગ ટચ આપે છે જેને પામી ભાવિકો ધન્યતાનો અનુભવ કરે છે.'

મુખ્ય મનોરથી સૌરભભાઈ મહેતા પરિવાર અને સહ મનોરથી પારેખ પરિવાર દ્વારા પોથી પૂજા પછી ભાઈશ્રીએ કથા કાનથી નહીં પણ મનથી સાંભળવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. કાનથી સાંભળેલી વાત બુદ્ધિ સ્વીકારે નહીં એમ જણાવી ભાઈશ્રીએ બ્રહ્માના નાકના નસકોરામાંથી વરાહ ભગવાન પ્રગટ્યા અને પૃથ્વીનું સર્જન થયું એ વાત બુદ્ધિથી સાંભળો તો અનેક પ્રશ્ન ઊભા થાય. આ વાત ગળે ન ઊતરે. ભાગવત અને પુરાણ બુદ્ધિથી સાંભળવા બેસો તો ઘણીવાર અશ્રદ્ધા ઉત્પન્ન થવાનો સંભવ છે. આ કથાને મનથી - શ્રદ્ધાથી સાંભળવાની હોય છે.

કથા શ્રવણને ભાષાના મહત્ત્વ સાથે જોડી ભાઈશ્રીએ Hearing - Listening એ બે શબ્દના ભાવને બહુ સુંદર રીતે સમજાવી કહ્યું કે 'હીયરિંગ કાનની ક્ષમતા છે પણ લિસનિંગ એટલે સાંભળેલી વાત હૃદય સોંસરવી ઊતરી જાય અને એનો ભાવ સમજાય.

માતૃભાષાના મહત્ત્વ તરફ ઈશારો કરી ભાઈશ્રીએ દરરોજ માતૃભાષામાં સહજ ઉપલબ્ધ ભાગવત વાંચન કરવા આગ્રહપૂર્વક વિનંતી કરી હતી કે દરરોજ એક કલાક મોબાઈલને આઘો રાખી સારાં પુસ્તકો વાંચશો એ માતૃભાષાની સેવા ગણાશે. તમને એનાથી જ્ઞાન મળશે. સમજ્યા વિના મોબાઈલના મેસેજ ફોરવર્ડ કરવાને બદલે સમજીને એકાદું પુસ્તક વાંચી કોઈને એ વાંચવાની ભલામણ કરશો તો માતૃભાષાનું માહાત્મ્ય જળવાશે.'

ભારતીય ફિલસૂફીના મહત્ત્વનાં સિદ્ધાંત અદ્વૈત-Non Dualism ને ટાંકી ભાઈશ્રીએ ગુજરાતી અને હિન્દીમાં એનું વિશ્લેષણ કરતા શ્રોતાઓ ભાવવિભોર થઈ ગયા અને માતૃભાષા ભાગવત સપ્તાહની ભાવના સાર્થક થઈ. અસ્ખલિત હિન્દીમાં તેમણે જણાવ્યું કે **या तो मैं को इतना फैला दो के दूसरा कोई बचे नहीं, या मैं को मिटा दो. मै को फैलाना ज्ञान का मार्ग है और मैं को मिटा देना भक्ति का मार्ग है.** જ્ઞાનનું વિસ્તરણ માતૃભાષામાં કેવી પ્રભાવી રીતે થાય એ વ્યાસપીઠ પરથી ભાઈશ્રીએ સમજાવ્યું.


શાંતિ માટેની માનવીની ખોજ વિશે ભાઇશ્રીએ મર્મભેદી વાત કરી હતી કે 'આપણે સુખ શોધીએ છીએ સંપત્તિમાં, મોટા ઘરમાં, મોંઘા આભૂષણોમાં - કપડામાં અને બીજી વસ્તુઓમાં. એ બધું મળે છે, પણ આનંદ નથી મળતો. પછી આનંદ માટે આપણે આવલાં મારતા હોઈએ છીએ. આવલાં મારવા એટલે તરફડિયાં મારવા. એક ઉદાહરણ પરથી જીવનનો મર્મ સમજાવી આપણી ભાષાના એક વિસરાઈ ગયેલા શબ્દથી ભાવિકોને પરિચિત પણ કર્યા. એવી જ રીતે કૃષ્ણ કુશલી ઓઢીને ચાલ્યા એનો ઉલ્લેખ કરી ભાઈશ્રીએ આજની યુવા પેઢીને કુશલી શબ્દનો અર્થ નહીં ખબર હોય એવી શંકા વ્યક્ત કરી હતી. એમની શંકા સાચી હતી. કુશલી એટલે રાહત અને સુરક્ષા પૂરી પાડતું વસ્ત્ર. આમ પ્રસંગોપાત ભક્તિ સાથે ભાષાનું મહત્ત્વ પણ ભાઈશ્રી દરરોજ સમજાવતા હતા.

'હે રંગલો જામ્યો કાલિંદીને ઘાટ'થી ખુરશીની કિંમત શૂન્ય બની ગઈ અને ખુશી અમૂલ્ય બની ગઈ.


માતૃભાષા ભાગવત સપ્તાહમાં પહેલે દિવસે રાજ્યની માતૃભાષામાં સંગીત કાર્યક્રમ રજૂ કરી બીજે દિવસે રાજભાષા હિન્દીમાં કૈલાશ ખેરના સંગીત જલસાની રજૂઆત કરવામાં આવી હતી. સૂફી અને લોકગીત માટે ખ્યાતિપ્રાપ્ત લોકલાડીલા ગાયક કૈલાશ ખેરએ ડમરુ વગાડતા વગાડતા ભક્તિમય બની કરેલી શિવજીની સ્તુતિમાં એવી રમઝટ બોલાવી કે બોરીવલીનો ડોમ કૈલાસ પર્વત બની ગયો હોય એવી અનુભૂતિ હાજર ભાવિકોને થઈ હોય એવું લાગી રહ્યું હતું. ત્રણ કલાક ભાગવત સપ્તાહમાં અમૃતવાણીનું આચમન કર્યા પછી ભાવિકોમાં સૂફી ગાયકના શ્રવણ માટે અસાધારણ ઉમંગ છલકાઈ રહ્યો હતો.

'કાગા સબ તન ખાઈઓ', 'મૈં તો તેરે પ્યાર મેં દીવાના હો ગયા' અને 'આઓજી આઓજી' એમ ત્રણ ગીતથી હાજર મેદનીને ઝૂમતી કરી પોતે સપનું સાકાર કરવા વીસેક વર્ષ પહેલા બોરીવલીના સ્ટેશને ઉતર્યા હતા અને એ જ બોરીવલીમાં માતૃભાષા ભાગવત સપ્તાહ જેવા સરાહનીય પ્રયાસમાં સહભાગી થવાનો મોકો મળ્યો એ બદલ રાજીપો વ્યક્ત કર્યો હતો.


સૂફી - પોપનું મિશ્રણ 'તૌબા તૌબા' અને પછી ફિલ્મી ગીત 'કૈસે બતાયેં ક્યોં તુજકો ચાહેં' રજૂ થયું ત્યારે ભાવિકો કોરસવૃંદ બની ગયા હતા. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાને પ્રિય સંત કબીરની 'નૈહરવા હમ કા ન ભાવે' રચના રજૂ કરી 'પ્રીત કી લત મોહે ઐસી લાગી'ના સૂર રેલાવતા રસિયાઓને સંગીતની લત લાગી હોય એવું લાગી રહ્યું હતું. શ્રોતાગણના ઉત્સાહની ચરમસીમાને ઓળખી ગુજરાતી ગીત 'હે રંગલો જામ્યો કાલિંદીને ઘાટ' શરૂ કરતા ખુરશીની કિંમત શૂન્ય બની ગઈ અને ખુશી અમૂલ્ય બની ગઈ.



**હરકિસન મહેતા**
જન્મ: ૨૫ મે, ૧૯૨૮
સ્વર્ગવાસ: ૩ એપ્રિલ, ૧૯૯૮



**હેમચંદ્રાચાર્ય**
જન્મ: ઈ. સ. ૧૦૮૯
અવસાન: ઈ. સ. ૧૧૭૩




**ઈન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક**
જન્મ: ૨૨ ફેબ્રુઆરી ૧૮૯૨
સ્વર્ગવાસ: ૧૭ જુલાઈ ૧૯૭૨




**ઈશ્વર પેટલીકર**
જન્મ: ૯ મે ૧૯૧૬
અવસાન: ૨૨ નવેમ્બર ૧૯૮૩




**જલન માતરી**
જન્મ: ૧ સપ્ટેમ્બર ૧૯૩૪
સ્વર્ગવાસ: ૨૫ જાન્યુઆરી ૨૦૧૮




**જીવરામ જોશી**
જન્મ: ૬ જુલાઈ, ૧૯૦૫
સ્વર્ગવાસ: ૨૦૦૪




**જ્યોતીન્દ્ર હરિહરશંકર દવે**
જન્મ : ૨૧ ઑક્ટોબર ૧૯૦૧
સ્વર્ગવાસ : ૧૧ સપ્ટેમ્બર ૧૯૮૦



**કંચનલાલ વસુદેવ મહેતા- મલયાનીલ**
જન્મ: ૧૮૯૨
અવસાન: ૨૪ જૂન, ૧૯૧૯



**કનૈયાલાલ મુનશી (ક. મા. મુનશી)**
જન્મ: ૩૦ ડિસેમ્બર ૧૮૮૭
સ્વર્ગવાસ: ૮ ફેબ્રુઆરી ૧૯૭૧



**કલાપી (સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ)**
જન્મ: ૨૬ જન્યુઆરી, ૧૮૭૪
સ્વર્ગવાસ: ૯ જૂન, ૧૯૦૦



**મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત'**
જન્મ : ૨૦ નવેમ્બર, ૧૮૬૭
સ્વર્ગવાસ : ૧૬ જૂન, ૧૯૨૩




**કવિ ન્હાનાલાલ દલપતરામ**
જન્મ: ૧૬ માર્ચ ૧૮૭૭
સ્વર્ગવાસ: ૯ જાન્યુઆરી ૧૯૪૬




**કુંદનિકા કાપડિયા**
જન્મ: ૧૧ જાન્યુઆરી, ૧૯૨૭
અવસાન: ૩૦ એપ્રિલ, ૨૦૨૦




**લાભશંકર ઠાકર- પુનર્વસુ**
જન્મ: ૧૪ જાન્યુઆરી, ૧૯૩૫
અવસાન: ૬ જાન્યુઆરી, ૨૦૧૬




**મહાત્મા ગાંધી**
જન્મ: ૨ ઓક્ટોબર ૧૮૬૯
સ્વર્ગવાસ: ૩૦ જાન્યુઆરી ૧૯૪૮




**મકરંદ દવે**
જન્મ: ૧૩ નવેમ્બર, ૧૯૨૨
સ્વર્ગવાસ: ૩૧ જાન્યુઆરી, ૨૦૦૫




**મનોજ ખંડેરિયા**
જન્મ: ૬ જુલાઈ, ૧૯૪૩
સ્વર્ગવાસ: ૨૭ ઑક્ટોબર, ૨૦૦૩



**મનુભાઈ પંચોળી**
જન્મ : ૧૫ ઑક્ટોબર , ૧૯૧૪
સ્વર્ગવાસ : ૨૯ ઑગસ્ટ, ૨૦૦૧



**અબ્બાસ અબ્દુલ અલી વસી- મરીઝ**
જન્મ: ૨૨ ફેબ્રુઆરી ૧૯૧૭
સ્વર્ગવાસ: ૧૯ ઑક્ટોબર ૧૯૮૩



**મીરાંબાઈ**
જન્મ: ૧૪૯૮
સ્વર્ગવાસ: ૧૫૪૭



**નર્મદાશંકર લાલશંકર દવે 'નર્મદ'**
જન્મ : ૨૪ ઓગસ્ટ, ૧૮૩૩
સ્વર્ગવાસ : ૨૬ ફેબ્રુઆરી, ૧૮૮૬



**નરસિંહ મહેતા**
જન્મ: ૧૪૧૪
અવસાન: ૧૪૮૮



**નીનુ મઝુમદાર**
જન્મ: ૯ સપ્ટેમ્બર ૧૯૧૫
સ્વર્ગવાસ: ૩ માર્ચ ૨૦૦૦

દિવસ ત્રીજો ૪-૪-૨૦૨૬

મુંબઈ સમાચાર માતૃભાષા ભાગવત સપ્તાહ

૨ એપ્રિલથી ૮ એપ્રિલ

# જિજ્ઞાસા પ્રશ્ન કરાવે છે અને ઉત્તરથી પ્રગતિ થાય છે

'મુંબઈ સમાચાર' આયોજિત 'માતૃભાષા ભાગવત સપ્તાહ' પ્રભુપાઠ પૂરતું સીમિત નથી, પરંતુ ભાગવત વાંચનના માધ્યમથી ભાષાના મહત્ત્વને પ્રાધાન્ય આપવાનો અને મનુષ્ય જીવનને સ્પર્શવાનો પ્રયાસ પણ છે એ પહેલા બે દિવસમાં સ્પષ્ટ થઈ ગયું અને ત્રીજે દિવસે પણ એ ક્રમ ચાલુ રહ્યો. ભાઈશ્રી ભક્તિરસના પાન સાથે ભાષારસનો આસ્વાદ પણ કરાવી રહ્યા હતા. સનાતન ધર્મ માટેની ધરબાઈ ગયેલી આસ્થા છેલ્લા કેટલાક વર્ષથી ફરી મોહરી ઉઠી છે અને એ ધ્યાનમાં રાખીને જ કથાસ્થળને સનાતન નગરી નામ આપવામાં આવ્યું હતું.

ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ સનાતન ધર્મમાં પ્રશ્ન પૂછવાની છૂટ છે એ મહત્ત્વના મુદ્દાનો ઉલ્લેખ કર્યો હતો. જિજ્ઞાસા પ્રશ્ન કરાવે છે અને એ પ્રશ્નના ઉત્તરથી પ્રગતિ થાય છે એનો અનુભવ જગત આખાએ કર્યો છે. 'ભાગવતનો પ્રારંભ પ્રશ્નથી થયો' એ જણાવી ભાઈશ્રીએ કહ્યું કે 'પ્રશ્ન ન પૂછાયો હોત તો ગ્રંથોની રચના જ ન થઈ હોત.' આ સંદર્ભમાં ભાઈશ્રીએ લંકામાં નાગપાશમાં જકડાયેલા રામ - લક્ષ્મણની વાત કરી. રામાયણના યુદ્ધકાંડમાં એક પ્રસંગ નાગપાશનો છે. ભગવાન રામ અને લક્ષ્મણજીને જકડી લેવામાં આવ્યા હતા. આ નાગપાશમાંથી મુક્ત થવું લગભગ અશક્ય હતું. સંકટ સમયે દેવર્ષિ નારદની પ્રેરણાથી પક્ષીરાજ ગરુડ (વિષ્ણુ ભગવાનનું વાહન) ત્યાં આવી પહોંચ્યા. ગરુડને જોતા જ નાગપાશના સાપ ડરીને ભાગી ગયા અને રામ-લક્ષ્મણ મુક્ત થયા. ગરુડએ તો પોતાની ફરજ બજાવી પણ એને પ્રશ્ન થયો કે જે ભવ બંધનથી છોડાવે એવા ભગવંતને નાગપાશથી છોડાવવા મારે દોડવું પડે? ટૂંકમાં પ્રશ્ન એ છે કે રામ કોણ છે? એક આદર્શ મનુષ્ય કે ઈશ્વર છે? આવા સવાલ પૂછી શકાય છે.

નરસિંહ મહેતાના પદનો ઉલ્લેખ કરી ભાઈશ્રીએ ભાષા વૈભવને રજૂ કર્યું. ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે પંક્તિ નરસિંહ મહેતાના પ્રખ્યાત ભજન ''અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ''નો એક ભાગ છે. સોનામાંથી બનેલા આભૂષણો (હાર, વીંટી, કુંડળ) ના ઘાટ અને નામ ભલે જુદાં હોય, પણ અંતે તો તે બધું 'સોનું' (હેમ) જ છે. એ જ પ્રમાણે આ સૃષ્ટિમાં બધું ભલે અલગ-અલગ દેખાય, અંતે તો તે એક જ પરમાત્માનું સ્વરૂપ છે. જીવનમાં ભ્રમ અને દેખાવથી પરે જઈને મૂળભૂત સત્યને ઓળખવું જોઈએ. જે રીતે હેમનું હેમ હોય છે, તે રીતે આપણું મૂળ સ્વરૂપ અને ઓળખ પણ અખંડિત અને અવિનાશી છે. શ્રુતિ અને સ્મૃતિનો ભેદ પણ ભાઈશ્રીએ સમજાવ્યો. શ્રુતિ (વેદ, ઉપનિષદ) એટલે સાંભળેલું, જે ઋષિઓએ પ્રભુ પાસેથી સીધું સાંભળેલું અપૌરુષેય જ્ઞાન છે. સ્મૃતિ (પુરાણ, રામાયણ, ગીતા) એટલે યાદ રાખેલું, જે ઋષિઓ દ્વારા રચિત પરંપરાગત ગ્રંથો છે.

# માતૃભાષા ભાગવત સપ્તાહ આંદોલન છેઃ નમ્રમુનિ


ભાગવત સપ્તાહના મંચ પર જૈન મુનિની હાજરી ધર્મમાં આસ્થા ધરાવતા લોકોનો હરખ વધારનારી હોય એ સ્વાભાવિક છે. માતૃભાષા ભાગવત સપ્તાહના અનોખા અને અનન્ય પ્રયાસની પ્રશંસા કરતા જૈન મુનિ નમ્રમુનિએ 'સાચી રાહ પર લઈ જાય એ જ સાચું શાસ્ત્ર અને 'મુંબઈ સમાચાર'ની આ કોશિશ એક ઉત્તમ આયોજનની સાથે સાથે એક આંદોલન પણ છે' એવી રજૂઆત કરતા હજારો ભાવિકોએ આ નિવેદનને તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું. ભાગવતનો એક પ્રસંગ ટાંકી મુનિએ જણાવ્યું હતું કે 'કૃષ્ણ રથમાં બેસી જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાંથી ભારે પથ્થર ખસેડવામાં તકલીફ અનુભવતી એક વૃદ્ધ વ્યક્તિ પર એમની નજર પડી. બળબળતા તાપમાં વડીલે આખો દિવસ પરિશ્રમ કરવો પડશે અને એ બીમાર પડશે એનો ખ્યાલ આવી જતા કૃષ્ણ રથમાંથી ઉતરી પથ્થર ખસેડવા મદદ કરવા લાગ્યા.

કૃષ્ણને સવાલ કરવામાં આવતા તેમણે એટલું જ કહ્યું કે આ મારી ફરજ છે. કોઈ એમની સેવા કરે એની બદલે પોતે સેવારત થાય એવી કૃષ્ણની ભાવના હતી. એ જ રીતે નીલેશભાઈનો આ પ્રયાસ અનેક લોકો સુધી પહોંચાડવો એ મારું કર્તવ્ય છે. આ સપ્તાહમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકોની હાજરી જોતા માતૃભાષા અને સાહિત્ય માટે 'મુંબઈ સમાચાર'ના માધ્યમથી કરવામાં આવેલી મહેનત લેખે લાગી હોવાનું પ્રતીત થાય છે.' એક જ મંચ પરથી બે વિદ્વાનોએ માતૃભાષાના મહત્ત્વને બિરદાવ્યું એ અનોખી ઘટના કહેવાય.


## પ્રેમે ભક્તોએ બાંધી લીધા નંદલાલાને : ગીતા રબારી

ભાઈશ્રીની અમૃતવાણી અને નમ્રમુનિના આશીર્વચન સાંભળી ધન્ય થયેલા ભાવિકોને શનિવારની સાંજે બોરીવલીના એસી ડોમમાં કચ્છની કોયલ તરીકે ઓળખાતી ગીતા રબારીના મીઠા ટહુકાનો કર્ણસ્વાદ મળ્યો હતો. માતૃભાષા સાચવવાના આ પ્રયાસની અને ઉત્કૃષ્ટ આયોજનની પ્રશંસા કરી ગીતા રબારીએ 'અચ્યુતમ કેશવમ'ની ધૂન બોલાવી અને 'ઓમ નમઃ શિવાય'ના સૂર રેલાવતા બોરીવલીનું ક્રીડા સંકુલ ભક્તિ નગરી બની ગયું હતું. દુહાથી પ્રારંભ કરી ભાવિકોના ઉત્સાહથી પોરસાઈ ગયેલી ગીતા રબારીએ પીયૂષ મિશ્રાના પ્રસિદ્ધ ગીત 'આરંભ હૈ પ્રચંડ'ની પંક્તિઓ 'કૌરવોં કી ભીડ હો યા પાંડવોં કા નીડ હો, જો લડ સકા વો હી મહાન હૈ' રજૂ કરતા મેદની ઝૂમી ઊઠી હતી.


માતૃભાષાના ગીતો સાંભળીએ એવી રજૂઆત કરી ગીતાએ 'નયનને બંધ રાખી...', 'નાગર નંદજીના લાલ' અને 'તારી આંખનો અફીણી' રજૂ કર્યું ત્યારે લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. માહોલમાં જમાવટ ધ્યાનમાં આવતા 'મેરી ઝોંપડી કે ભાગ આજ ખૂલ જાએંગે, રામ આએંગે' રજૂ થતા ભાવિકો શબરી બની ભગવાન શ્રી રામની જાણે પ્રતીક્ષા કરતા હોય એવો ભાવ જોવા મળી રહ્યો હતો. ત્યારબાદ 'કન્હૈયા જા જા જા, કાનુડાનું માગું નાખ્યું રાધાજીની સાથે' અને 'પ્રેમે ભક્તોએ બાંધી લીધા નંદલાલાને'ના ગુંજારવથી સનાતન નગરી રૂઢ અર્થમાં ભક્તિમય બની ગઈ હતી.




**નિરંજન નરહરિ ભગત**
જન્મ: ૧૮ મે ૧૯૨૬
સ્વર્ગવાસ: ૧ ફેબ્રુઆરી ૨૦૧૮




**પન્નાલાલ પટેલ**
જન્મ : ૭ મે, ૧૯૧૨
સ્વર્ગવાસ : ૬ એપ્રિલ, ૧૯૮૯




**પ્રેમાનંદ ભટ્ટ**
જન્મ: ૧૬૪૯
અવસાન: ૧૭૧૪



**રાજેન્દ્ર શાહ**
જન્મ: ૨૮ જાન્યુઆરી, ૧૯૧૩
સ્વર્ગવાસ: ૨ જાન્યુઆરી, ૨૦૧૦




**રમણભાઈ મહીપતરામ નીલકંઠ**
જન્મ: ૧૩ માર્ચ ૧૮૬૮
સ્વર્ગવાસ: ૬ માર્ચ ૧૯૨૮




**રમણલાલ વસંતલાલ દેસાઈ**
જન્મ : ૧૨ મે, ૧૮૯૨
સ્વર્ગવાસ : ૨૦ સપ્ટેમ્બર, ૧૯૫૪



**રમેશ પારેખ**
જન્મ: ૨૭ નવેમ્બર,૧૯૪૦
સ્વર્ગવાસ: ૧૭ મે, ૨૦૦૬



**રામનારાયણ વિશ્વનાથ પાઠક**
જન્મ: ૮ એપ્રિલ ૧૮૮૭,
સ્વર્ગવાસ: ૨૧ ઓગસ્ટ ૧૯૫૫




**રસકવિ રઘુનાથ ત્રિભુવનદાસ બ્રહ્મભટ્ટ**
જન્મ: ૧૩ ડિસેમ્બર ૧૮૯૨
અવસાન: ૧૧ જુલાઈ ૧૯૮૩



**રાવજી પટેલ**
જન્મ: ૧૫ નવેમ્બર, ૧૯૩૯
અવસાન: ૧૦ ઓગસ્ટ, ૧૯૬૮


**સૈફ પાલનપુરી**
જન્મ : 30 ઑગસ્ટ, ૧૯23
સ્વર્ગવાસ: ૭મી મે, ૧૯૮૦



**સરોજ પાઠક**
જન્મ: ૧લી જૂન, ૧૯૨૯
સ્વર્ગવાસ: ૧૬ એપ્રિલ, ૧૯૮૯



**શેખાદમ આબુવાલા**
જન્મ:૧૫ ઑક્ટોબર ૧૯૨૯
સ્વર્ગવાસ: ૨૦ મે ૧૯૮૫



**શૂન્ય પાલનપુરી**
જન્મ: ૧૯ ડિસેમ્બર, ૧૯૨૨
સ્વર્ગવાસ: ૧૭ માર્ચ, ૧૯૮૭



**સુરેશ જોષી**
જન્મ : 30 મે, ૧૯૨૧
સ્વર્ગવાસ : 0૬ સપ્ટેમ્બર, ૧૯૮૬


**તારક મહેતા**
જન્મ: ૨૬ ડિસેમ્બર, ૧૯૨૯
સ્વર્ગવાસ: ૧ માર્ચ, ૨0૧૭


**ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર-'સુન્દરમ્'**
જન્મ: ૨૨ માર્ચ ૧૯0૮
અવસાન: ૧3 જાન્યુઆરી ૧૯૯૧


**ઉમાશંકર જોશી**
જન્મ: ૨૧ જુલાઈ, ૧૯૧૧
સ્વર્ગવાસ: ૧૯ ડિસેમ્બર, ૧૯૮૮


**વેણીભાઈ જમનાદાસ પુરોહિત**
જન્મ:૧ ડિસેમ્બર ૧૯૧૬
સ્વર્ગવાસ: 3 જાન્યુઆરી ૧૯૮0


**વિનોદ ભટ્ટ**
જન્મ: ૧૪ જાન્યુઆરી, ૧૯3૮
સ્વર્ગવાસ: 23 મે, ૨0૧૮

દિવસ ચોથો ૫-૪-૨૦૨૬

મુંબઈ સમાચાર
માતૃભાષા ભાગવત સપ્તાહ
૨ એપ્રિલથી ૮ એપ્રિલ

હાથી ઘોડા પાલખી જય કનૈયાલાલ કી

# ભાવિકોના રોમેરોમમાં લાલાના જન્મનો આનંદ વ્યાપી રહ્યો હતો

'મુંબઈ સમાચાર' આયોજિત 'માતૃભાષા ભાગવત સપ્તાહ'ના ચોથા દિવસે કૃષ્ણ જન્મ હોવાથી અને દિવસ રવિવારનો હોવાથી ભાવિકોનું પૂર ઉમટશે એવો અંદાજ હતો. જોકે, આ અંદાજ અધૂરો સાબિત થયો, કારણ કે મેદનીનો મહાસાગર ઉમટ્યો હતો. પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા કથા વાંચનમાં કૃષ્ણ જન્મની ભૂમિકા તૈયાર કરતી વખતે ભાગવતમાં વર્ણવેલા ૨૪ અવતારની વાત એક પછી એક કરી રહ્યા હતા. કથામાં વામન અવતાર અને નૃસિંહ અવતારનું રસપાન કર્યા પછી ભાઈશ્રીના મુખમાંથી કૃષ્ણ જન્મની ઘોષણા થતાની સાથે 'નંદ ઘેર આનંદ ભયો જય કનૈયાલાલ કી, હાથી ઘોડા પાલખી જય કનૈયા લાલ કી'ના નાદસ્વર સાથે સમસ્ત સનાતન નગરીએ ગોકુળનું સ્વરૂપ ધારણ કરી લીધું. કૃષ્ણમય બનેલા અમુક ભક્તો તો આગળ પણ ગાઈ રહ્યા હતા 'જશોદા કી કુખ ભયો જય કનૈયા લાલ કી, લડ્ડુ ગોપાલ આયો જય કનૈયા લાલ કી.' બીજી તરફથી 'ઢોલ વાગે મૃદંગ વાગે જય કનૈયા લાલ કી, બાજા બજે તબલાં બજે જય કનૈયાલાલ કી' પણ સંભળાઈ રહ્યું હતું. કણકણ મેં ભગવાનની જેમ સનાતન નગરીમાં હાજર ભાવિકોના રોમેરોમમાં લાલાના જન્મનો આનંદ વ્યાપી રહ્યો હતો. રવિવારે બપોરે સાડા ત્રણ વાગ્યે શરૂ થયેલી કથામાં આસનસ્થ થયેલા ભાવિકો સાડા આઠ થયા હોવા છતાં કૃષ્ણ જન્મના આનંદમાં ઝૂમી રહ્યા હતા. હાજર દરેક ભાવિકના ઘરમાં કૃષ્ણ જન્મ થયો હોય એવું ઉત્સાહ - આનંદનું ઘોડાપુર જોવા મળ્યું હતું.

શ્રીકૃષ્ણ જન્મના મનોરથી સૌરભ મહેતા પરિવાર અને શીતલ બીરેન સંઘવી પરિવાર ઉત્સાહ - આનંદમાં તરબોળ થઈ ગયા હતા. નાચતા-ગાતા ધૂમધામથી તેમણે જન્મોત્સવની ઉજવણી કરી. કથાવાચન અને વિશેષ તો કૃષ્ણજન્મનું વર્ણન કરતી વખતે ભાવવિભોર થઈ ગયેલા ભાઇશ્રીએ મનોરથી પરિવાર અને સહ મનોરથી રમેશ પારેખ પરિવાર અને વીસ હજારથી વધુ સંખ્યામાં હાજર રહેલા ભાવિકોને કૃષ્ણ જન્મના વધામણાં કર્યાં હતા. મથુરાની જેલમાંથી વાસુદેવ જે રીતે બાળકૃષ્ણને ટોપલામાં રાખીને ગોકુળ લઈ ગયા હતા એ જ રીતે મહેતા પરિવારના બાળકને એક શણગારેલા ટોપલામાં લાવવામાં આવ્યો ત્યારે ભાવિકોમાં હર્ષોલ્લાસ વ્યાપી ગયો હતો. વામન અવતારના મનોરથી પરિવાર શ્રીમતી ભદ્રાબહેન ચિતલિયા તેમજ વિરલ ચિતલિયા - મિલન ચિતલિયા અને નૃસિંહ પરિવારના મનોરથી રિતેશ રૂપાણી અને શ્રીમતી રાધિકા રૂપાણી હતા.

'માતૃભાષા ભાગવત સપ્તાહ' નિમિત્તે ભાષાવૈભવની વાત આગળ વધારી ભાઇશ્રીએ કહ્યું કે શ્રીમદ ભાગવત મહાપુરાણ એ સંવાદ છે, રામકથા પણ સંવાદ છે. મહાભારત પણ સંવાદ છે. આપણા તમામ પુરાણો પણ સંવાદ છે. ભાષા એ પણ સંવાદ માટેનું માધ્યમ છે. ભાષા દ્વારા ભાવ, વિચારો પ્રગટ થાય. આપણે સામેવાળા સાથે સંવાદ સાધી શકીએ. ભાષા સાંકેતિક હોય અને ભાવની પણ હોય. તમે કશું પણ બોલ્યા નહોવા છતાં તમારા ચહેરાના હાવભાવ પરથી ખ્યાલ આવી જાય કે તમે આનંદમાં છો કે ગ્લાનિ અનુભવી રહ્યા છો. તમારા મોઢામાંથી એક અક્ષર પણ ન નીકળે છતાં તમારી આંખમાં ભીતરના ભાવ ડોકિયાં કરી જ જાય. કોઈવાર એક શબ્દ કે સાધન સમગ્ર પ્રવૃત્તિની ઓળખ બની જાય એનું એક સુંદર દ્રષ્ટાંત રમેશ ભાઈજીએ આપ્યું. 'એકવાર ઉત્તર ગુજરાતમાં કથા કરવા ગયો હતો ત્યારે અમે બે ચાર જણ વહેલા પહોંચી ગયા. અમારું સ્વાગત કરતી વખતે યજમાન બોલ્યા કે 'તમારા પિપૂડીવાળા નહીં આવ્યા?' બે ઘડી તો કંઈ હમજાણું નહીં. મારા ચહેરા પર પ્રશ્નાર્થ જોઈ એક ભાઈએ કહ્યું કે તમારું સંગીતવૃંદ નથી આવ્યું એમ પૂછે છે. પિપૂડી એટલે ફૂંકીને વગાડવાની ભૂંગળી અથવા પાવો. દલપતરામના કાવ્યની એ પંક્તિ છે ને કે 'પિપૂડી વગાડી એમાં કરી તે શું કારીગરી?' જોકે, પિપૂડી વગાડવી ભાષા પ્રયોગ પણ છે જેનો અર્થ થાય છે એકની એક વાત કહ્યા કરવી અથવા ગાયા કરવી. ખુશામત કરવી કે હામાં હા ભણવી. વાદ, વિવાદ અને સંવાદ વિશે સમજાવતા ભાઈશ્રીએ કહ્યું કે 'બે વિદ્વાન વચ્ચે ચર્ચા થાય એ વાદ કહેવાય, જિજ્ઞાસુ અને જાણકાર વચ્ચે થાય એ સંવાદ કહેવાય પણ જો એમાં વિવેકબુદ્ધિનો અભાવ હોય તો એ વિવાદ બની જાય છે.

## તુષાર ત્રિવેદીએ ભાવિકોને તરબતર કરી દીધા


ભાઈશ્રીની અમૃતવાણીમાં કૃષ્ણજન્મનું રસપાન કર્યા પછી ભાવવિભોર થયેલા ભાવિકોને એ ભક્તિભાવનું અનુસંધાન જોડી આપનારો કાર્યક્રમ તુષાર ત્રિવેદી અને ગ્રૂપના સાનિધ્યમાં માણવાનો આનંદ મળ્યો. રવિવારનો દિવસ જાણે કે શ્રાવણ વદ આઠમનો ઉત્સવ દિન બની ગયો. કૃષ્ણ જન્મની વધાઈનું પદ રજૂ કરી તુષાર ત્રિવેદીએ 'હે ગોપાલ રાધા કૃષ્ણ ગોવિંદ ગોવિંદ' ભજનની ધૂન બોલાવી અને ભાવિકો ફરી કૃષ્ણ જન્મના ઉત્સવમાં મગ્ન થઈ ગયા. કૃષ્ણ સાથે વાંસળીનું અતૂટ જોડાણ છે. ભજન પછી વાંસળીના સૂર સાથે હે રે શ્રીજી તને સમરું બારે માસ રજૂ થયું ત્યારે ભાવિકોએ રાધે રાધે કહીને સૂર પુરાવતા સમગ્ર વાતવરણમાં જન્મોત્સવનો રંગ છવાઈ ગયો હતો. 'ઘણી ઘણી ખમ્મા,મારા શ્રીજી બાવાને ઘણી ખમ્મા'ની રજૂઆતથી બધા ફરી ભક્તિમય બની ગયા હતા. લાલાના ઓવારણાં પણ હોંશે હોંશે લેવાઈ રહ્યા હતા. સાક્ષાત્ લાલો આંગણે આવ્યો હોય ત્યારે જીવન ઉત્સવ બની ગયું હોવાથી એનો આનંદ માણવા 'આંગણે ઉત્સવ બની આવો શ્રીનાથજી' રજૂ કરવામાં આવતા ભાવિકો રાજી થઈ ગયા હતા.


ભક્તિનો રંગ અનોખો હોય છે. બીજા બધા રંગ કાચા હોય છે. ઈશ્વર પ્રત્યેના સમર્પણ અને ગહન પ્રેમને વ્યક્ત કરતો ભક્તિનો રંગ અવિનાશી હોય છે. રંગાઈ જા ને રંગમાં જ્યારે પંક્તિ મટી અનુભૂતિ બની જાય ત્યારે બેડો પર થઈ જાય. 'મુંબઈ સમાચાર' આયોજિત 'માતૃભાષા ભાગવત સપ્તાહ'ના ચોથા દિવસે રવિવારે કૃષ્ણ જન્મના આનંદોત્સવ પછી ભાવિકોને તુષાર ત્રિવેદી અને ગ્રૂપના કાર્યક્રમમાં શ્રીકૃષ્ણના ભજન - પદ ઉપરાંત પ્રભુભક્તિની અન્ય રચનાનો લ્હાવો હાજર લોકોને મળ્યો ત્યારે તેમને પણ બેડો પાર થઈ ગયો હોવાની લાગણી થઈ હશે. ત્યારબાદ 'આજ મારા મંદિરીયામાં મ્હાલે શ્રીનાથજી' તેમજ અન્ય જન્મોત્સવના ગીત રજૂ થતા મનોરથી પરિવાર પણ આનંદવિભોર થઈ ગયા હતા. કૃષ્ણ ભક્તિના ભજન - પદ સંભળાવ્યા પછી તુષારભાઈએ ભાવિકોને કૃષ્ણ જન્મના ઉત્સવમાં સહભાગી થવાનું આમંત્રણ આપ્યું અને 'નંદ ઘેર આનંદ ભયો' 'બધાઈ હો બધાઈ હો બધાઈ હો', 'યશોદા કો લાલો ભયો' 'બધાઈ હો બધાઈ હો બધાઈ હો'ના નારાથી સમગ્ર એસી ડોમ ગૂંજી ઊઠ્યો. ત્યારબાદ ભગવાનના પ્રાગટ્યના ઉત્સવનું વર્ણન કરતું 'બાળકૃષ્ણ પ્રગટ થયા રે' રજૂ કરતા જ શ્રોતાગણમાં જન્મ વધાઈનો માહોલ રચાઈ ગયો. આ સિવાય 'મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી, યમુનાજી, મહાપ્રભુજી'ની પહેલી પંક્તિ રજૂ થતાની સાથે શ્રોતાગણના બે હાથના વંદન અને શીશ નમન જોવા મળ્યા અને બીજી પંક્તિ 'મારું મનડું છે ગોકુળ વનરાવન' રેલાતાની સાથે વાતાવરણ કૃષ્ણમય બની ગયું હતું. તુષાર ત્રિવેદી અને ગ્રૂપે એમની ભક્તિભાવથી ભરેલી રચનાઓથી કૃષ્ણ જન્મના આનંદને વધારી ભાવિકોને તરબતર કરી દીધા.



**ઝવેરચંદ કાલિદાસ મેઘાણી**
જન્મ : ૨૮ ઑગસ્ટ, ૧૮૯૬
સ્વર્ગવાસ : ૯ માર્ચ, ૧૯૪૭


**અમૃતલાલ નાગર**
જન્મ: ૧૭ ઑગસ્ટ, ૧૯૧૬
સ્વર્ગવાસ: 23 ફેબ્રુઆરી, ૧૯૯૦


**ભગવતીચરણ વર્મા**
જન્મ: 30 ઑગસ્ટ, ૧૯03
સ્વર્ગવાસ: ૫ ઑક્ટોબર, ૧૯૮૧



**ભારતેન્દુ હરીશચંદ્ર**
જન્મ: ૯ સપ્ટેમ્બર, ૧૮૫0
સ્વર્ગવાસ: ૬ જાન્યુઆરી, ૧૮૮૫


**ભીષ્મ સહાની**
જન્મ: ૮ ઑગસ્ટ ૧૯૧૫
સ્વર્ગવાસ: ૧૧ જુલાઈ, 2003



**ધર્મવીર ભારતી**
જન્મ: ૨૫ ડિસેમ્બર, ૧૯૨૬
સ્વર્ગવાસ: ૪ સપ્ટેમ્બર, ૧૯૯૭


**ફણિસ્વર નાથ 'રેણુ'**
જન્મ: ૪ માર્ચ ૧૯૨૧
સ્વર્ગવાસ ૧૧ એપ્રિલ ૧૯૭૭


**હજારી પ્રસાદ દ્વિવેદી**
જન્મ: ૧૯ ઑગસ્ટ, ૧૯0૭
સ્વર્ગવાસ: ૧૯ મે, ૧૯૭૯


**હરિશંકર પરસાઇ**
જન્મ: ૨૨ ઑગસ્ટ ૧૯૨૪
સ્વર્ગવાસ: ૧0 ઑગસ્ટ, ૧૯૯૫


**હરિવંશરાય બચ્ચન**
જન્મ: ૨૭ નવેમ્બર ૧૯0૭
સ્વર્ગવાસ: ૧૮ જાન્યુઆરી 2003



**જયશંકર પ્રસાદ**
જન્મ: 30 જાન્યુઆરી, ૧૮૮૯
સ્વર્ગવાસ: ૧૫ નવેમ્બર, ૧૯3૭


**કમલેશ્વર**
જન્મ: ૬ જાન્યુઆરી, ૧૯3૨
સ્વર્ગવાસ: ૨૭ જાન્યુઆરી, ૨00૭


**કૃષ્ણા સોબતી**
જન્મ: ૧૮ ફેબ્રુઆરી, ૧૯૨૫
સ્વર્ગવાસ: ૨૫ જાન્યુઆરી, ૧૯૧૯



કુંવર નારાયણ
જન્મ: ૧૯ સપ્ટેમ્બર, ૧૯૨૭
સ્વર્ગવાસ: ૧૫ નવેમ્બર, ૨૦૧૭




લક્ષ્મી નારાયણ મિશ્ર
જન્મ: ૧૭ ડિસેમ્બર, ૧૯૦૩
સ્વર્ગવાસ: ૧૯ ઑગસ્ટ ૧૯૮૭



મહાદેવી વર્મા
જન્મ: ૨૬ માર્ચ, ૧૯૦૭
સ્વર્ગવાસ: ૧૧ સપ્ટેમ્બર ૧૯૮૭



મૈથિલીશરણ ગુપ્ત
જન્મ: ૩ ઑગસ્ટ, ૧૮૮૬
સ્વર્ગવાસ: ૧૨ ડિસેમ્બર,૧૯૬૪




માખનલાલ ચતુર્વેદી
જન્મ: ૪ એપ્રિલ, ૧૮૮૯
સ્વર્ગવાસ: ૩૦ જાન્યુઆરી, ૧૯૬૮




મનુ ભંડારી
જન્મ: ૩ નવેમ્બર ૧૯૩૧
સ્વર્ગવાસ: ૧૫ નવેમ્બર ૨૦૨૧



મોહન રાકેશ
જન્મ: ૮ જાન્યુઆરી ૧૯૨૫
સ્વર્ગવાસ: ૩ ડિસેમ્બર ૧૯૭૨



મુન્શી પ્રેમચંદ
જન્મ: ૩૧ જુલાઈ, ૧૮૮૦
સ્વર્ગવાસ: ૮ ઑક્ટોબર, ૧૯૩૬




નિર્મલ વર્મા
જન્મ: ૩ એપ્રિલ ૧૯૨૯
સ્વર્ગવાસ: ૨૫ ઑક્ટોબર ૨૦૦૫



રામધારી સિંહ-દિનકર
જન્મ: ૨૩ સપ્ટેમ્બર, ૧૯૦૮
સ્વર્ગવાસ: ૨૪ એપ્રિલ, ૧૯૭૪

દિવસ પાંચમો ૬-૪-૨૦૨૬




# ‘ગુજરાતી થઈ, ગુજરાતી કોઈ બોલે નહીં બરાબર’

‘મુંબઈ સમાચાર’ આયોજિત ‘માતૃભાષા ભાગવત સપ્તાહ’ના પાંચમા દિવસે ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ ભાગવત કથાનું મહત્ત્વ અને માહાત્મ્ય સમજાવ્યું. સૌપ્રથમ આદિનાથ ભગવાને બ્રહ્માને કથા સંભળાવી હતી એનો ઉલ્લેખ કરી ભાગવત કથાને ગંગા સાથે સરખાવી જણાવ્યું કે ‘ગંગા નદી હોય કે કથા ગંગા હોય, બંનેના મૂળમાં સત્ત્વ હોવું જોઈએ. ગંગા નદી ભગવાન આદિનાથના ચરણ કમળમાંથી પ્રગટ થઈ અને ભાગીરથી ગંગા તરીકે ઓળખાઈ. એ જ રીતે ભગવાનના મુખ કમળમાંથી પ્રગટ થઈ આ ભાગવતી ગંગા. બંને ગંગાનું ઉદ્‌ગમ સ્થાન ભગવાન આદિનારાયણ છે. ક્યારેય સૂકાય નહીં, ક્યારેય એનું મહત્ત્વ ઓછું થાય નહીં. ગંગા નદીનાં જળને ઔષધ પણ ગણવામાં આવ્યું છે અને ભાગવતી ગંગા પણ ભવ રોગ દૂર કરતી ઔષધિ છે. આમ ભાગવત કથા અને ભાષાનો સેતુ ભાઈશ્રીએ બહુ સરસ રીતે બાંધી આપ્યો.

ભાઈશ્રીએ કથા વાંચન દરમિયાન સંપત્તિ - ધનને કેન્દ્રમાં રાખી શેઠ અને ચોકીદાર વચ્ચેનો ફરક બહુ સરસ રીતે સમજાવી માતૃભાષાની બારીકીઓથી હાજર શ્રોતાઓને વાકેફ કર્યા હતા. પૈસા - ધનની સંપત્તિ તો અનેક લોકો પાસે હોય છે. જોકે, કેટલાક લોકો એ પૈસાનો સંગ્રહ કરવામાં માનતા હોય છે. પૈસાની ચોકી કરે છે એટલે આવા લોકો પૈસાના ચોકીદાર કહેવાય. બીજી તરફ એવા પણ કેટલાક ધનવાન છે જે પૈસાને કામે લગાડે છે. મતલબ એ પૈસાનો ઉપયોગ જનહિતની પ્રવૃત્તિમાં કરે છે જે ધર્મ, શિક્ષણ, આરોગ્ય કે બીજા કોઈ ક્ષેત્રમાં હોઈ શકે છે. પૈસાને આ રીતે લોકોપયોગી પ્રવૃત્તિમાં કામે લગાડતા લોકો શેઠ કહેવાય.

આજની યુવા પેઢીમાં ગુજરાતી વાંચનના ઘટી રહેલા પ્રમાણની વાત કરી ભાઈજીએ માતૃભાષાના ખોટા ઉચ્ચારણ બદલ ચિંતા વ્યક્ત કરી હતી. ઉદાહરણ સાથે ભાઈશ્રીએ કહ્યું કે ‘આજના મોટાભાગના બાળકો માતૃભાષામાં ભણતર મેળવવાને બદલે ઈંગ્લિશ મીડિયમમાં એજ્યુકેશન લઈ રહ્યા છે. એટલે એમનું મોટાભાગનું વાંચન અંગ્રેજીમાં થતું હોય એ સ્વાભાવિક છે. પરિણામે આ લોકો શુદ્ધ ગુજરાતી નથી બોલી શકતા. સુરેશ દલાલે આ બાબતે વ્યંગ કરી કહ્યું હતું કે અંગ્રેજી માધ્યમમાં ભણતા બાળકો ‘મારે આકાશમાં કાઈટ ફ્લાય કરવો છે’ એમ બોલે છે, કારણ કે આકાશમાં પતંગ ચગાવવો છે એ બોલી શકવા માટે ભાષા ભંડોળ એમની પાસે નથી. મેં વિચાર્યું છે એમ નથી બોલતા પણ મેં સોચ્યું છે એમ કહેતા હોય છે.’ આ રજૂઆત પછી અવિનાશ વ્યાસએ સ્વરબદ્ધ કરેલું અને પુરુષોત્તમ ઉપાધ્યાયના સ્વરમાં રજૂ થયેલા ‘ગુજરાતી થઈ, ગુજરાતી કોઈ બોલે નહીં બરાબર’ ગીત દ્વારા ભાવિકોને માતૃભાષાનું મહત્ત્વ સમજાવ્યું હતું.

## વિશ્વની પહેલી ભાગવત સપ્તાહ જેનું શીર્ષક માતૃભાષા ભાગવત સપ્તાહ છેઃ વૈષ્ણવાચાર્ય


માતૃભાષા ભાગવત સપ્તાહના અનોખા અને અનન્ય પ્રયાસમાં સહભાગી થવા પાંચમા દિવસે શ્રી અનંત વિભૂષિત વલ્લભકુળભૂષણ વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રી હાજર રહ્યા હતા. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની કથાનું શ્રવણ લોકો શ્રદ્ધા, ઉત્સાહ, પ્રેમ અને આનંદથી કરી રહ્યા હતા એ અંગે રાજીપો વ્યક્ત કરી ‘મુંબઈ સમાચાર’ના તંત્રી નીલેશ દવેના પ્રયાસની પ્રશંસા કરી મુખ્ય મનોરથી સૌરભ મહેતા અને સહ મનોરથી રમેશભાઈ પારેખ, મુંબઈ સમાચારની ટીમ અને હાજર વૈષ્ણવોના સહભાગને આવકાર્યો હતો.

મહારાજશ્રીએ ‘માતૃભાષા ભાગવત સપ્તાહ’ની કલ્પનાનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે ‘આખા વિશ્વમાં કદાચ આ પહેલી ભાગવત સપ્તાહ હશે જેનું શીર્ષક માતૃભાષા ભાગવત સપ્તાહ છે.’ એમની આ રજૂઆતને હાજર રહેલા વૈષ્ણવોએ તાળીઓના જોરદાર ગડગડાટથી વધાવી લીધી હતી. માતૃભાષા એટલે માતાની ભાષા, આપણા દેશની ભાષા એમ જણાવી મહારાજશ્રીએ આગળ ઉમેર્યું હતું કે ‘ભારતમાં આપણે વિદેશી ભાષાને - અંગ્રેજીને વધુ પડતું પ્રાધાન્ય આપી રહ્યા છીએ, જ્યારે વિદેશના પરિવારોમાં બાળકો ગુજરાતી બોલવાને મહત્ત્વ આપી રહ્યા છે. ભણતર માતૃભાષાને બદલે અંગ્રેજીમાં કરવાનો મોહ વધી રહ્યો છે. પરિણામે નવી પેઢી આપણી સંસ્કૃતિથી, આપણાં મૂળિયાથી દૂર થતી જાય છે.’

## બાંકે બિહારીના ભક્તિપાન પછી બિહારી બેટીનો ભાષાવૈભવ

માતૃભાષા ભાગવત સપ્તાહમાં ભગવાનની ભક્તિની સાથે સાથે ભાષાવૈભવનો લ્હાવો પણ હાજર લોકોને મળી રહ્યો હતો. બપોરે ભાગવત કથામાં ભાઈશ્રી વિવિધ ઉદાહરણ આપી ભાષાની ભવ્યતાનું રસપાન ભાવિકોને કરાવતા હતા તો સાંજના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાષાનું અનુસંધાન જોડી રજૂઆત થઈ રહી હતી. બાંકે બિહારી (વૃંદાવન સ્થિત ત્રિભંગી મુદ્રાવાળું શ્રીકૃષ્ણનું સ્વરૂપ)ના કથા શ્રવણ પછી ભારતની સૌથી યુવા વયની વિધાનસભ્ય બિહારની પચીસ વર્ષની મૈથિલી ઠાકુરએ ગુજરાતી - મરાઠી - હિન્દી ઉપરાંત વ્રજ અને મારવાડી ભાષામાં પ્રભુભક્તિની માયા એવી લગાડી કે બે કલાક ચાલેલા કાર્યક્રમ પછી પણ ભાવિકોના મુખ પર થાક નહીં, ઉલ્લાસ અને ઉમંગ દેખાઈ રહ્યા હતા. સંગીતના કાર્યક્રમમાં પણ માતૃભાષા ભાગવત સપ્તાહ વિશાળ સ્વરૂપમાં સાર્થક થતી નજરે પડી હતી. સંગીત જલસાના પ્રારંભમાં નિર્મળ - હસમુખ મુખારવિંદ સાથે મૈથિલીએ ભાગવત સપ્તાહના આયોજનમાં માતૃભાષા - સાહિત્યને જોડી આપણી સંસ્કૃતિને ઉત્તેજન આપવાના અનોખા પ્રયાસને બિરદાવી કહ્યું કે ‘આવા આ અનોખા કાર્યક્રમમાં મને બોલાવી એ બદલ હું આભારી છું. મને આશા છે કે આજે આપ સર્વને બહુ આનંદ આવશે. મારું નમ્ર નિવેદન છે કે તમે બધા મારી સાથે ગાવાનું રાખજો અને આનંદને વહેંચી એનો ગુણાકાર કરજો.’ કાર્યક્રમ પૂરો થયો ત્યારે મૈથિલીનો એક એક શબ્દ સો ટકા સિદ્ધ થયો હોવાનું પ્રમાણપત્ર હાજર લોકોના ચહેરા આપી રહ્યા હતા. બિહારની બહાર જેની ઓળખ સીમિત છે એવી મૈથિલીની ઓળખનો વિસ્તાર ‘મુંબઈ સમાચાર’ના આયોજનમાં હાજર રહેવાથી થયો છે એ આનંદની વાત છે.

સાદગીપૂર્ણ નાનકડી રજૂઆત પછી મૈથિલીએ ‘કરતે હો તુમ કન્હૈયા મેરા નામ હો રહા હૈ, મેરા આપકી દયા સે સબ કામ હો રહા હૈ’ ગાયું અને પહેલી જ રજુઆતમાં ભાવિકોને મુગ્ધ કરી દીધા. સમા બંધાઈ ગયા પછી મૈથિલીએ કહ્યું કે ‘મારી માતૃભાષા સિવાય અન્ય જે ભાષાઓ મને પ્રિય છે એમાં ગુજરાતી અને મરાઠી અગ્રક્રમે છે. કેવો સંયોગ રચાયો છે કે હું ગુજરાતીઓની વચ્ચે મહારાષ્ટ્રમાં બેઠી છું.’ આટલી રજૂઆત પછી મૈથિલીએ ‘મોરલી વેરણ થઈ’ અને ‘નાગર નંદજીના લાલ, રાસ રમંતા મારી નથડી ખોવાણી’ રજૂ કરતા ભાવિકો મોજમાં આવી ગયા હતા. સમગ્ર ડોમમાં એક પછી એક વર્તુળ રચાતા ગયા અને ગરબા - નૃત્યથી રસિકો સહભાગી થઈ રહ્યા હતા. એના પછી ‘દ્વારિકાનો નાથ મારો રાજા રણછોડ છે એણે મને માયા લગાડી રે’ રજૂ થતા માતૃભાષા ભાગવત સપ્તાહમાં મૈથિલીના ગીત - સંગીતએ ભાવિકોને માયા લગાડી હોવાનું વર્તાઈ રહ્યું હતું. મરાઠીને પ્રિય ભાષા ગણાવનારી મૈથિલીએ રાષ્ટ્રસંત તુકડોજી મહારાજનું ભક્તિગીત ‘મની નાહી ભાવ મ્હણે દેવા મલા પાવ, દેવ અશાનં ભેટાયચા નાહી રે, દેવ બાજારચા ભાજીપાલા નાહી રે’ (મનમાં નથી ભાવ અને કહે છે દેવ મને દર્શન દે, ભગવાન આમ થોડા મળે, ભગવાન કંઈ બજારના શાકભાજી નથી) જે શુદ્ધતા અને ભાવથી રજૂ કર્યું એ સાંભળી બધા ઓવારી ગયા હતા. લગભગ બે કલાક ચાલેલા આ સંગીત જલસામાં માત્ર સાત જ વાજિંત્ર (મૈથિલીની સાથે દેશી હાર્મોનિયમ, બે અલગ અલગ ઢોલક, તબલા, પાવો, બેન્જો અને સામાન્ય - નાનકડું ઓર્ગન)ની સંગતમાં મૈથિલીની ગાયકી અને એનું પરફોર્મન્સ મંત્રમુગ્ધ કરી દેનારું હતું.




સચ્ચિદાનંદ હીરાનંદ વાત્સ્યાન-અજ્ઞેય
જન્મ: ૭ માર્ચ,૧૯૧૧
સ્વર્ગવાસ: ૪ એપ્રિલ, ૧૯૮૭



શરદ જોશી
જન્મ: ૨૧ મે, ૧૯૩૧
સ્વર્ગવાસ: ૩ સપ્ટેમ્બર,૧૯૯૧



સુમિત્રાનંદન પંત
જન્મ: ૨૦ મે, ૧૯૦૦
સ્વર્ગવાસ: ૨૮ ડિસેમ્બર ૧૯૭૭




સૂર્યકાંત ત્રિપાઠી-નિરાલા
જન્મ: ૨૧ ફેબ્રુઆરી, ૧૮૯૯
સ્વર્ગવાસ: ૧૫ ઑક્ટોબર, ૧૯૬૧



ઉપેન્દ્રનાથ શર્મા- અશ્ક
જન્મ: ૧૪ ડિસેમ્બર, ૧૯૧૦
સ્વર્ગવાસ: ૧૯ જાન્યુઆરી, ૧૯૯૬



વિનોદકુમાર શુક્લ
જન્મ: ૧ જાન્યુઆરી ૧૯૩૭
સ્વર્ગવાસ: ૨૩ ડિસેમ્બર ૨૦૨૫




વિષ્ણુ ખરે
જન્મ: ૯ ફેબ્રુઆરી, ૧૯૪૦
સ્વર્ગવાસ: ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૮




યશપાલ સિંહ
જન્મ: ૩ ડિસેમ્બર, ૧૯૦૩
સ્વર્ગવાસ: ૨૬ ડિસેમ્બર, ૧૯૭૬



આચાર્ય પ્રહલાદ કેશવ અત્રે
જન્મ: ૧૩ ઑગસ્ટ, ૧૮૯૮
સ્વર્ગવાસ: ૧૩ જૂન, ૧૯૬૯




અન્નાભાઉ સાઠે
જન્મ: ૧ ઑગસ્ટ, ૧૯૨૦
સ્વર્ગવાસ: ૧૮ જુલાઈ, ૧૯૬૯



અરુણ માર્તંડરાવ સાધુ
જન્મ: ૧૭ જૂન, ૧૯૪૧
સ્વર્ગવાસ: ૨૫ સપ્ટેમ્બર ૨૦૧૭



બળવંત મોરેશ્વર પુરંદરે - બાબાસાહેબ પુરંદરે
જન્મ : ૨૯ જુલાઈ, ૧૯૨૨
સ્વર્ગવાસ : ૧૫ નવેમ્બર, ૨૦૨૧



બહિણાબાઈ ચૌધરી
જન્મ: ૨૪ ઑગસ્ટ, ૧૮૮૦
સ્વર્ગવાસ: ૩ ડિસેમ્બર, ૧૯૫૧



**ચિંતામણિ જોશી - ચિં. વિ. જોશી**
જન્મ : ૧૯ જાન્યુઆરી, ૧૮૯૨
સ્વર્ગવાસ : ૨૧ નવેમ્બર, ૧૯૬૩



**ચિંતામણિ ત્ર્યંબક ખાનોલકર**
જન્મ: ૮ માર્ચ, ૧૯30
સ્વર્ગવાસ: ૨૬ એપ્રિલ, ૧૯૭૬



**દયા મારુતિ પવાર**
જન્મ: ૧૫ સપ્ટેમ્બર, ૧૯3૫
સ્વર્ગવાસ: ૨૦ સપ્ટેમ્બર, ૧૯૯૬



**દુર્ગા નારાયણ ભાગવત**
જન્મ: ૧૦ ફેબ્રુઆરી, ૧૯૧૦
સ્વર્ગવાસ: ૭ મે, ૨૦૦૨



**ગુરુનાથ આબાજી કુલકર્ણી**
જન્મ: ૧૦ જુલાઈ ૧૯૨3
સ્વર્ગવાસ: ૧૧ ડિસેમ્બર, ૧૯૮૭



**ગજાનન દિગંબર માડગૂળકર**
જન્મ: ૧ ઑક્ટોબર, ૧૯૧૯
સ્વર્ગવાસ: ૧૪ ડિસેમ્બર ૧૯૭૭



**ગંગાધર ગોપાલ ગાડગીળ**
જન્મ: ૨૫ ઑગસ્ટ, ૧૯૨3
સ્વર્ગવાસ: ૧૫ સપ્ટેમ્બર, ૨૦૦૮


**ગોવિંદ વિનાયક કરંદીકર**
જન્મ: ૨3 ઓગસ્ટ, ૧૯૧૮
સ્વર્ગવાસ: ૧૪ માર્ચ, ૨૦૧૦


**જયવંત દ્વારકાનાથ દળવી**
જન્મ :૧૪ ઓગસ્ટ, ૧૯૨૫
સ્વર્ગવાસ : ૧૬ સપ્ટેમ્બર, ૧૯૯૪



**કેશવસુત - કૃષ્ણજી કેશવ દામલે**
જન્મ: ૭ ઑક્ટોબર, ૧૮૬૬
સ્વર્ગવાસ: ૭ નવેમ્બર, ૧૯૦૫


**મંગેશ કેશવ પાડગાવકર**
જન્મ: ૧૦ માર્ચ, ૧૯૨૯
સ્વર્ગવાસ: 30 ડિસેમ્બર, ૨૦૧૫


**નારાયણ સીતારામ ફડકે**
જન્મ: ૪ ઑગસ્ટ ૧૮૯૪
સ્વર્ગવાસ: ૨૨ ઑક્ટોબર, ૧૯૭૮


**ડો નારાયણ ગોવિંદ કાલેલકર**
જન્મ : ૧૧ ડિસેમ્બર ૧૯૦૯
સ્વર્ગવાસ : 03 માર્ચ, ૧૯૮૯

દિવસ છઠ્ઠો ૭-૪-૨૦૨૬




# હરિ અનંત, હરિકથા અનંતા

માતૃભાષા ભાગવત સપ્તાહમાં ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ દરરોજ ભાષાવૈભવની વાત ઉદાહરણ સાથે કરી ભાવિકોની ભાષા સમજણનો વિસ્તાર કર્યો. છઠ્ઠા દિવસે કથા વાંચન દરમિયાન ભાઈશ્રીએ જીવન શાશ્વત છે, પ્રશ્નો શાશ્વત છે અને સમાધાન પણ શાશ્વત છે એમ જણાવી વેદાંત વિચારધારાની વિશાળતાનો પરિચય કરાવ્યો હતો. વ્યાસપીઠ પરથી ભાઈશ્રીએ જીવનનો મર્મ સમજાવી ભાષાજ્ઞાન પણ રજૂ કર્યું હતું. જીવન શાશ્વત છે એટલે જીવન ક્યારેય સમાપ્ત થતું નથી. એ એક ઘટમાળ છે અને માત્ર તેના સ્વરૂપો બદલાય છે. પ્રશ્નો શાશ્વત છે એટલે જીવન છે ત્યાં સુધી જ્ઞાનની શોધ, સુખ-દુઃખ અને કર્મ જેવા મૂળભૂત પ્રશ્નો હંમેશાં મૂંઝવતા રહેવાના. સમાધાન પણ શાશ્વત છે એટલે દરેક સમસ્યાના ઉકેલ પણ કાયમ મળતા રહે છે. એને સમજવાની દૃષ્ટિ ભિન્ન ભિન્ન રહેશે. ગોસ્વામી તુલસીદાસજી રચિત રામચરિતમાનસમાં આવતા ઉલ્લેખ 'હરિ અનંત, હરિકથા અનંતા' વિશે પણ તેમણે સમજણ આપી હતી. ભગવાન (હરિ) અનંત છે, તેમનો કોઈ અંત નથી, એ જ રીતે તેમની કથા (લીલા) પણ અનંતા એટલે કે જેનો કોઈ છેડો નથી, કોઈ અંત નથી એવી અસીમ અને અપરંપાર છે. આપણા પુરાણો - ગ્રંથોમાં જોવા મળતા કેટલાક પાત્રો માનવ સ્વભાવ કે વૃત્તિનું પ્રતિનિધિત્વ કરતા હોય છે એ વાત પણ ભાઈશ્રીએ સરસ રીતે સમજાવી હતી. રામાયણમાં રાવણને આપણે લંકાપતિ અને સીતાનું હરણ કરનારા રાજા તરીકે ઓળખીએ છીએ. ભાઈજી રાવણને મોહનું પ્રતીક ગણે છે અને 'આપણી અંદરનો રાવણ (મોહ) રામને પડતા મૂકી એને છેતરી સીતાનું અપહરણ કરે છે' એવી વ્યાખ્યા કરી વાતને સમજાવે છે.

રામાયણ અને મહાભારત એ બે ગ્રંથની મહાનતા વિશે કોઈને સમજાવવાની જરૂર ન પડે એવો એનો મહિમા છે. જોકે, આ ગ્રંથ ભાષાના શબ્દો બની કેવા અર્થ ધારણ કરે છે એ વાત પર ભાઈજીએ પ્રકાશ પાડ્યો હતો. રામાયણ એટલે સંસ્કૃત ભાષાના આદિકવિ વાલ્મીકિએ રચેલું મહાકાવ્ય. રામનું ચરિત્ર એ અર્થ સર્વમાન્ય છે. દૈવી સંપત્તિ અને આસુરી સંપત્તિનો સંઘર્ષ તેમાં છે. જોકે, રામાયણ થઈ ગઈ એટલે સાંસારિક લડાઈ કે ઝઘડાની લંબાણપૂર્વક વાત થઈ એવો અર્થ છે. મહાભારત વિશે પણ ભાઈશ્રીએ સમજાવ્યું. મહાકાવ્ય મહાભારત પાંચમો વેદ ગણાયો છે અને સંસ્કૃત ભાષાના ભવ્ય ઇતિહાસગ્રંથમાં સ્થાન ધરાવે છે. 'સર્વગુણસંપન્ન' કહેવાતું હોય તેમાં પણ દોષ હોય છે અને દુષ્ટતમમાંયે ગુણ હોય તેની પ્રતીતિ આ ગ્રંથમાં થાય છે. જોકે, મહાભારત થયું એટલે કજિયો - લડાઈ થયા એવો અર્થ થાય છે.

જીવનના ત્રણ ગુણ રજો ગુણ, તમો ગુણ અને સત્ત્વ ગુણ વિશે પણ ભાઈશ્રીએ સરળ વાણીમાં રજૂઆત કરી એનો મર્મ સમજાવ્યો. રજો ગુણ (ઈચ્છા, મહત્ત્વાકાંક્ષા,ઉત્સાહ) જીવનમાં જરૂરી છે, પણ એ ઓફિસમાં ડ્યૂટી પર હોઈએ ત્યારે. તમો ગુણ (આળસ, નિદ્રા) ઑફિસમાં નહીં પણ ઘરમાં નિરાંતની પળમાં હોવો જોઈએ અને સત્ત્વ ગુણ (સુખ, શાંતિ અને જ્ઞાન) ભગવાનની કથા વખતે પ્રગટ થાય. જીવનમાં ત્રણેય ગુણ જરૂરી છે, પણ કોનો પ્રતાપ કયા સમયે હોવો જોઈએ એ નક્કી કરવું જરૂરી છે.

## જિજ્ઞાસામાં ઉદ્ધાર કરવાની શક્તિ છેઃ શંકરાચાર્ય

મુંબઈ સમાચાર આયોજિત 'માતૃભાષા ભાગવત સપ્તાહ'માં ધર્માચાર્યોની હાજરી ખાસ ધ્યાન ખેંચી રહી હતી. યદુનાથજી મહારાજ, નમ્ર મુનિ, વલ્લભાચાર્ય પછી મંગળવારે દ્વારકાથી અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ ભાવિકોને આશીર્વચન આપવા પધાર્યા હતા. ખુદ ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ પણ તેમની અમૃતવાણીનું રસપાન કર્યું હતું. ભાઈશ્રીનો ઉલ્લેખ પ્રથમ પંક્તિના કથાકાર તરીકે કરી વ્યાસપીઠ પરથી શંકરાચાર્યજીએ 'મુંબઈ સમાચાર'ની આ અનોખી પ્રવૃત્તિની પ્રશંસા કરી સત્સંગનો લાભ લેતા ભાવિકો પ્રતિ પણ આદર વ્યક્ત કર્યો હતો. 'દરેક જીવાત્મામાં પરમાત્માનો વાસ છે. આ તત્ત્વ જે સમજે છે એ જ તત્ત્વજ્ઞાની છે'


ભાગવત કથાનું મહત્ત્વ સમજાવતા શંકરાચાર્યજીએ કહ્યું કે 'મનુષ્ય જીવનની એ ક્ષણ અત્યંત દુર્લભ હોય છે જ્યારે એને સત્સંગ કરવાનો અવસર પ્રાપ્ત થાય છે. એ સત્સંગમાં પણ ભગવાન શ્રી કૃષ્ણની કથા - શ્રીમદ્ ભાગવતની કથા શ્રવણ કરવાનો અવસર પ્રાપ્ત થાય એ જીવનની ઉપલબ્ધિ પ્રાપ્ત કરવા બરાબર છે.' હજારો ભાવિકોને 'મુંબઈ સમાચાર'ના માધ્યમથી ભાગવત કથા શ્રવણનો લાભ મળ્યો. જીવનના તત્ત્વજ્ઞાનનો વિસ્તાર કરી તેમણે કહ્યું કે 'મનુષ્યમાં જિજ્ઞાસા વૃત્તિ હોવી જોઈએ. સાત દિવસ પછી પોતાનું મૃત્યુ થવાનું છે એની જાણ થતા પરીક્ષિત રાજાએ 'મૃત્યુ નિકટ હોય ત્યારે મનુષ્યએ શું કરવું જોઈએ?' એવો પ્રશ્ન કરતા શુકદેવજીએ ઉત્તર આપ્યો કે 'અયોધ્યા નરેશ રાજા ખટવાંગ પાસે તો બે જ ક્ષણ હતી અને એ બે ક્ષણમાં જ તેમણે પોતાનું કલ્યાણ કરી લીધું હતું. અમરત્વનું વરદાન કોઈને નથી અને આ સમયે તને જિજ્ઞાસા થઈ એ જ મહત્ત્વની છે. રાજન, તારી પાસે તો સાત દિવસ છે. સાધુનો એક ક્ષણનો સહવાસ સંસાર પાર કરવાનું સામર્થ્ય ધરાવે છે. આ જિજ્ઞાસાએ જ તમારો ઉદ્ધાર કર્યો છે. હવે તમારું મૃત્યુ નહીં થાય. તમે બ્રહ્મમય થઈ જશો. જિજ્ઞાસા દૂર કરવાનું કામ ગુરુદેવ કરે છે.'


## કીર્તિદાન ગઢવીના ડાયરાએ મોજે મોજ કરાવી


મંગળવારે સંગીત જલસામાં લોકસંગીતથી લોકહૈયે વસેલા ૫૧ વર્ષના ડાયરા સમ્રાટ કીર્તિદાન ગઢવીએ રમઝટ બોલાવી ડાયરાની જમાવટ કરી. ખુદ કીર્તિદાન ગઢવીના શબ્દોમાં કહીએ તો 'મુંબઈ ગાંડુઘેલું થયું હતું'. બોરીવલીના બાળાસાહેબ ઠાકરે ક્રીડા સંકુલમાં વૈષ્ણવોને ગઢવીના પરફોર્મન્સથી તાન ચડ્યું હતું. 'મુંબઈ સમાચાર' દ્વારા માતૃભાષાના જતન માટેના ભાગવત સપ્તાહના આ વિશિષ્ટ પ્રયાસ બદલ અભિનંદન આપી લોકસંગીતમાં આપણી ગુજરાતી ભાષાનો કેવો મહિમા છે એ જાણવા અને માણવા માટે આપણે કીર્તિદાનભાઈને સાંભળવા પડે એવી રજૂઆત પછી સળંગ ત્રણ કલાક સુધી હાજર ગઢવી રસિયાઓએ મન મૂકીને કાર્યક્રમ માણ્યો. પ્રારંભમાં સૂર - તાલથી માહોલ તૈયાર કરી ભગવાન શિવની ભક્તિ, શક્તિ અને આસ્થાનું પ્રતીક ગણાતો 'હર હર મહાદેવ'નો નાદ કર્યો એને સંગીત રસિયાઓએ જે ઊમળકાથી અને ઉન્માદથી પ્રતિસાદ આપ્યો ત્યારે એસી ડોમ કૈલાશ પર્વત બની ગયો હતો. કન્યારત્નની ભાવનાને હૃદયસરસી રાખતું 'તેરી લાડકી મૈં છોડુંગી ના તેરા હાથ' રજૂ થતા કોરસવૃંદમાં વીસ હજારથી વધુ 'ગાયકો' જોડાઈ ગયા હતા. સાથે સાથે 'ઓ રે ઓ પારેવડા, તું કાલે ઊડી જાજે રે, મારી હાટુ રઈ જાને આજની રાત'થી રસિકો લોકસંગીતમાં રસતરબોળ થઈ ગયા હતા. 'ખમ્મા ઘણી, મારી લાડકડીને ઘણી ખમ્મા' રજૂ થતા પ્રેક્ષકો જાણે લાગણીનો સમુદ્ર બની ગયા હોય એવી પ્રતીતિ થઈ હતી. કૃષ્ણ ભક્તિનું સદાબહાર ગીત 'દ્વારિકાનો નાથ મારો રાજા રણછોડ છે, એણે મને માયા લગાડી' થી હોલ ગૂંજી ઉઠ્યો અને લોકોને એવું તાન ચડ્યું કે લોકો ગરબે ઘુમવા લાગ્યા હતા અને સ્ટેજ પર રસિયાઓ નોટોનો વરસાદ વરસાવી રહ્યા હતા. કૃષ્ણના બાળસ્વરૂપનું 'મૈયા યશોદા, યે તેરા કન્હૈયા, પનઘટ પે મેરી પકડે હૈ બૈયા, તંગ મુજે કરતા હૈ, સંગ મેરે લડતા હૈ' ગઢવીએ વિશિષ્ટ લહેકામાં રજૂ કર્યું ત્યારે ભાવિકોએ રમતિયાળ સ્વભાવનો અનુભવ ઘડીક માટે જરૂર કર્યો હશે. કેટલાક શ્રોતાઓ તો માથે બાળકૃષ્ણની મૂર્તિ રાખી ગીતના ભાવનો આસ્વાદ લઈ રહ્યા હતા. ભક્તિ અને સંગીતના સમન્વયનો આ પ્રતાપ છે. વચ્ચે વચ્ચે ગીતમાં વાછરડા કે નાગનો ઉલ્લેખ આવે ત્યારે એમનો અવાજ સંભળાવી કીર્તિદાન ગઢવીએ એક અલાયદા પ્રેઝન્ટર હોવાનું પણ સિદ્ધ કર્યું.



**નારાયણ ગંગારામ સુર્વે**
જન્મ: ૧૫ ઓક્ટોબર, ૧૯૨૫
સ્વર્ગવાસ: ૧૬ ઑગસ્ટ, ૨૦૧૦



**પુરુષોત્તમ લક્ષ્મણ દેશપાંડે**
જન્મ : ૦૮ નવેમ્બર, ૧૯૧૯
સ્વર્ગવાસ : ૧૨ જૂન , ૨૦૦૦


**રામ ગણેશ ગડકરી**
જન્મ: ૨૬ મે, ૧૮૮૫
સ્વર્ગવાસ: 23 જાન્યુઆરી, ૧૯૧૯


**રણજિત રામચંદ્ર દેસાઈ**
જન્મ: ૮ એપ્રિલ ૧૯૨૮
સ્વર્ગવાસ: ૬ માર્ચ ૧૯૯૨


**રત્નાકર રામકૃષ્ણ મતકરી**
જન્મ: ૧૭ નવેમ્બર, ૧૯3૮
સ્વર્ગવાસ: ૧૭ મે, 2020


**સદાશિવ પાંડુરંગ કેળકર**
જન્મ: (અપ્રાપ્ય)
સ્વર્ગવાસ: ૨૦ ડિસેમ્બર, ૧૯૦૬


**સાને ગુરુજી - પાંડુરંગ સદાશિવ સાને**
જન્મ: ૨૪ ડિસેમ્બર, ૧૮૯૯
સ્વર્ગવાસ: ૧૧ જૂન, ૧૯૫૦


**શાંતા જનાર્દન શેળકે**
જન્મ: ૧૨ ઓક્ટોબર, ૧૯૨૨
સ્વર્ગવાસ: ૬ જૂન, ૨૦૦૨



**વિ. વા. શિરવાડકર - કુસુમાગ્રજ**
જન્મ: ૨૭ ફેબ્રુઆરી, ૧૯૧૨
સ્વર્ગવાસ: ૧૦ માર્ચ,૧૯૯૯



**શિવાજી ગોવિંદરાવ સાવંત**
જન્મ: ૩૧ ઓગસ્ટ ૧૯૪૦
સ્વર્ગવાસ: ૧૮ સપ્ટેમ્બર, ૨૦૦૨



**વસંત પુરુષોત્તમ કાળે**
જન્મ: ૨૫ માર્ચ ૧૯૩૨
સ્વર્ગવાસ: ૨૬ જૂન ૨૦૦૧


**વસંત શંકર કાનેટકર**
જન્મ : ૨૦ માર્ચ, ૧૯૨૨
સ્વર્ગવાસ : ૩૧ જાન્યુઆરી, 2000


**વિદ્યાધર સંભાજીરાવ ગોખલે**
જન્મ: ૪ જાન્યુઆરી, ૧૯૨૪
સ્વર્ગવાસ: ૨૬ સપ્ટેમ્બર, ૧૯૯૬



**વિજય ધોંડોપંત તેંડુલકર**
જન્મ : ૦૬ જાન્યુઆરી, ૧૯૨૮
સ્વર્ગવાસ : ૧૯ મે, ૨૦૦૮



**વિષ્ણુ સખારામ ખાંડેકર-વિ સ ખાંડેકર**
જન્મ : ૧૧ જાન્યુઆરી, ૧૮૯૮
સ્વર્ગવાસ : ૦૨ સપ્ટેમ્બર, ૧૯૭૬



**વિષ્ણુશાસ્ત્રી કૃષ્ણશાસ્ત્રી ચિપળૂણકર**
જન્મ : ૨૦ મે, ૧૮૫૦
સ્વર્ગવાસ : ૧૭ માર્ચ, ૧૮૮૨


**વિશ્રામ ચિંતામણ બેડેકર**
જન્મ: ૧૩ ઓગસ્ટ ૧૯૦૬
સ્વર્ગવાસ: 30 ઓક્ટોબર ૧૯૯૮


**અમૃતા પ્રીતમ**
જન્મ: ૩૧ ઑગસ્ટ, ૧૯૧૯
સ્વર્ગવાસ: ૩૧ ઑક્ટોબર, ૨૦૦૫


**બલવંત ગાર્ગી**
જન્મ: ૪ ડિસેમ્બર, ૧૯૧૬
સ્વર્ગવાસ: ૨૨ એપ્રિલ, 2003


**ભાઈ વીરસિંહ**
જન્મ : ૧૮૭૨
સ્વર્ગવાસ: ૧૯૫૭


**જસવંતસિંહ કંવલ**
જન્મ : ૨૭ જૂન, ૧૯૧૯
સ્વર્ગવાસ: ૧ ફેબ્રુઆરી, 2020


**શિવકુમાર બટાલવી**
જન્મ: 23 જુલાઈ, ૧૯૩૬
સ્વર્ગવાસ: ૬ મે, ૧૯૭૩


**અશોકમિત્રન-જગદીસા થ્યાગરાજન**
જન્મ: ૨૨ સપ્ટેમ્બર, ૧૯૩૧
સ્વર્ગવાસ: 23 માર્ચ, ૨૦૧૭

દિવસ સાતમો ૮-૪-૨૦૨૬

મુંબઈ સમાચાર
માતૃભાષા ભાગવત સપ્તાહ
૨ એપ્રિલથી ૮ એપ્રિલ

# વિશ્વની પ્રથમ માતૃભાષા ભાગવત સપ્તાહને હિમાલય સફળતા

૨૦૪ વર્ષ જૂના એશિયાના સૌથી જૂના અખબાર 'મુંબઈ સમાચાર' આયોજિત દેશની વિવિધ માતૃભાષાના રક્ષણ અને સંવર્ધન માટે મુંબઈના પરા બોરીવલીના ચીકુવાડી વિસ્તારના સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલમાં બીજી એપ્રિલથી આઠમી એપ્રિલ દરમિયાન આયોજિત વિશ્વની પ્રથમ માતૃભાષા ભાગવત સપ્તાહને હિમાલય જેવી ઉત્તુંગ સફળતા મળી હતી. મુંબઈના ઈતિહાસમાં પહેલી જ વાર બે લાખ સ્કવેર ફીટના એર - કન્ડિશન્ડ ડોમમાં ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. ગયા વર્ષે 'મુંબઈ સમાચાર' દ્વારા ગુજરાતી ભાષાના આદરણીય સાહિત્યકારોનું ભાઈશ્રી રમેશ ભાઈ ઓઝાના વરદ હસ્તે સન્માન કરવામાં આવ્યું ત્યારે અખબારના તંત્રી નીલેશ દવેએ ભાઈશ્રીને આ પ્રકારની ભાગવત સપ્તાહના આયોજનની રૂપરેખા આપી હતી. એ વિચારનો અમલ થયો અને એક અસાધારણ કાર્યક્રમનું ભવ્ય આયોજન થયું.

મુંબઈ સમાચાર પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાનના નેજા હેઠળ વિશાળ ફલક પર આયોજિત કરવામાં આવેલી ભવ્ય માતૃભાષા ભાગવત સપ્તાહમાં ઝાઝા હાથ રળિયામણા હોય એ જરૂરી અને સ્વાભાવિક કહેવાય. આર્થિક, શારીરિક, માનસિક એમ દરેક સ્તરે સહકાર આવશ્યક હોય. આર્થિક સહકારમાં અદાણી ગ્રૂપ, મુખ્ય મનોરથી 'સ્કાયલાઈન ઈન્ફ્રા ફોર્જ'ના શ્રી સૌરભ મહેતા, સહ મનોરથી 'ગંધાર ગ્રૂપ ઓફ કંપનીઝ'ના શ્રી રમેશભાઈ પારેખ, 'મુંબઈ સમાચાર' મેનેજમેન્ટ (હોરમસજી કામા), ડેન્યુબ પ્રોપર્ટીઝ દુબઈ ઉપરાંત બ્રાઈટ આઉટડોર મીડિયા, નીલકંઠ ગ્રૂપ, સુરભિ ગ્રૂપ, નીલા ફિલ્મ પ્રોડક્શન્સ, અજમેરા ગ્રૂપ, એમઆઈસીએલ, શોગ્લીટઝ, નેચરપયોર વેલનેસ, જેવીએમ ચેરિટેબલ ફાઉન્ડેશન, મુંજાલ, હેમ અગરબત્તી, અપાર એડવર્ટાઈઝર્સ, હાઈટેક ઈવેન્ટ્સ, રુદ્રમાર, રાજશ્રી બિલ્ડર્સ, અરવિંદભાઈ ખત્રી એન્ડ સન્સ, સિલ્વર બિલ્ડર્સ અને માતૃભાષા માનવવંદનાનો સમાવેશ હતો.

વ્યક્તિગત ધોરણે શ્રી પરાગ શાહ, શ્રી જિજ્ઞેશ ભુતા, શ્રી નિરવ મહેતા, શ્રી સંતોષ સિંહ, શ્રી જસ્મીન શાહ, શ્રી જિજ્ઞેશ હિરાણી, શ્રી મુકેશ પટેલ, શ્રી જિતેન્દ્ર મહેતા, શ્રી શોભિત દેસાઈ, શ્રી રાજુ સાવલા, શ્રી જગદીશ ઓઝા, શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ), શ્રી અરવિંદ શાહ, શ્રી ભાર્ગવ પટેલ, શ્રી દુષ્યંત સોની (દુબઈ), શ્રી યોગેશ સાગર, શ્રી સંજય ઉપાધ્યાય, શ્રી અસીતકુમાર મોદી, શ્રી જે. ડી. મજેઠિયા, શ્રી સંજય છેલ, શ્રી મુકેશ મહેતા, શ્રી ભૂપેન્દ્ર મહેતા, શ્રી વિપુલ પારેખ, શ્રી વિરલ ચિતલિયા અને શ્રીમતી માધવી મહેતાના સાથ - સહકાર મળ્યાં હતાં.

આ માતૃભાષા ભાગવત સપ્તાહની કેટલીક લાક્ષણિકતાઓ હતી. જેમકે દરરોજ પ્રભુ પ્રીતિ સાથે ભાષા પ્રીતિને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. કથા વાંચનની સમાપ્તિ પછી દરરોજ સાંજે મરાઠી, ગુજરાતી તેમ જ હિન્દી ભાષામાં સંગીતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. દરરોજ વીસેક હજાર (ક્યારેક તો એનાથી વધુ) ભાવિકોએ ભાઈશ્રીની કથાનું રસપાન કર્યું એ જ ઉત્સાહ અને લગન સાથે સંગીત જલસાનો પણ આનંદ લીધો હતો. એસી ડોમમાં કથા શ્રવણ વિનામૂલ્યે હતું અને દરરોજ પ્રસાદ માટે પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ વિશિષ્ટ ભાગવત સપ્તાહ અને સંગીત કાર્યક્રમનો લાભ દેશ વિદેશના ભાવિકો વર્ચ્યુઅલી લઈ શકે એ માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. મુંબઈ સમાચારની ટીમના ડિજિટલ માધ્યમના સભ્યો અને પ્રિન્ટ થતાં અખબાર સાથે સંકળાયેલા સભ્યોએ દૈનિક કાર્યક્રમને આવરી લેવામાં તેમજ ૧૫૧ સાહિત્યકારોની જાણકારી આપવામાં સહયોગ આપ્યો હતો. આ ઉપરાંત મંચ પરથી વિવિધ એનાઉન્સમેન્ટમાં રાજકોટના શ્રી મિલન ત્રિવેદી, દેવાંશુ ત્રિવેદી અને દેવ દવેનું યોગદાન મહત્ત્વનું રહ્યું હતું.

૧૦૦થી વધુ પોથીઓ માટે આવેલા ભૂદેવોને દક્ષિણા મુખ્ય મનોરથી સૌરભ મહેતા તરફથી આપવામાં આવી હતી.

આ માતૃભાષા ભાગવત સપ્તાહમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી દેવેન્દ્ર ફડણવીસે હાજરી આપી 'મુંબઈ સમાચાર'ના પ્રયાસની પ્રશંસા કરી હતી. પ્રસંગોચિત વક્તવ્યમાં તેમણે ભગવાન શ્રીકૃષ્ણના પરિપૂર્ણ ચરિત્ર અને રુક્મિણી વિવાહ સંદર્ભે રુક્મિણી વિદર્ભના (ફડણવીસ નાગપુરના છે જે વિદર્ભનો હિસ્સો છે) હતા અને વિદર્ભથી જ તેમણે પ્રભુને પત્ર લખ્યો હોવાની રજૂઆત કરી હતી.

આ ભાગવત સપ્તાહમાં વ્યાસપીઠ પર ભાઈશ્રી ઉપરાંત શંકરાચાર્ય, વૈષ્ણવાચાર્ય, યદુનાથજી મહારાજ અને જૈન મુનિ નમ્ર મુનિની હાજરી અને એમના આશીર્વચનનો લાભ ભાવિકોને મળ્યો હતો.

## ભવ્ય માતૃભાષા ભાગવત સપ્તાહની ભાવુક પૂર્ણાહુતિ

બીજી એપ્રિલથી શરૂ થયેલા મુંબઈ સમાચાર આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહની પૂર્ણાહુતિ થઈ ત્યારે થોડી વાર માટે વ્યાસપીઠ પર ભાઈશ્રી ગળગળા થઈ ગયા હતા. હજી રવિવારે આનંદ - ઉલ્લાસના વાતાવરણમાં કૃષ્ણજન્મના વધામણાં કર્યા પછી 'એકલા જ આવ્યા ને એકલા જ જવાના' પદની રજૂઆત સાથે ભગવાનની લીલા સંકેલી લેવાની વાત લાગણીવશ કરી દેનારી હતી. 'પ્રાચીના પીપળે દ્વારિકાધીશ એકલા હતા ત્યારે તેમણે આ ધરતી પરથી લીલા સંકેલી લીધી' રજૂઆત કરતી વખતે ભાઇશ્રીની આંખોમાં ઝળઝળિયાં આવી ગયા હતા. દરેક જીવમાં પરમાત્મા વસે છે એનો આ ઉચ્ચ અનુભવ હતો. પ્રાચી તીર્થ (સોમનાથ નજીક) ખાતે આવેલો પવિત્ર પીપળો ભગવાન શ્રી કૃષ્ણ (દ્વારિકાધીશ) સાથે ગાઢ રીતે જોડાયેલો છે. આ પ્રાચીન પીપળાના વૃક્ષ નીચે ભગવાન શ્રી કૃષ્ણએ દેહત્યાગ (ભાલકા તીર્થ) પૂર્વે વિશ્રામ કર્યો હોવાની લોકવાયકા છે.

ભાઈશ્રીએ ઈન્દ્રિયોના નિગ્રહ - ઈન્દ્રિયોને કાબૂમાં રાખવાની વાત કરી જે આજના સમયકાળમાં બહુ જ મહત્ત્વ ધરાવે છે. ભાઈશ્રીએ જણાવ્યું કે 'આંખથી શું જોવું અને શું ન જોવું, કંટ્રોલ કરો, સ્વ નિયંત્રણ રાખો. આંખો ફોડી ન નખાય,નહીંતર હરિ દર્શન કેમ થશે? કાનના પડદા તોડી ન નખાય, નહીંતર હરિકથાનું શ્રવણ કેવી રીતે કરશો? કૂથલી સાંભળવાનું બંધ કરો. કથા સાંભળો. વાત નિયંત્રણની છે, કંટ્રોલ કરવાનો છે. જીભને સ્વાદના બહુ ચટકા લાગ્યા હોય તો જીભને કાપીને ફેંકી થોડા દેવાય છે? એને કાબૂમાં રાખો, નહીંતર કૃષ્ણ કીર્તન કેમ થશે? ઈન્દ્રિયોનો નાશ નથી કરવાનો નિગ્રહ કરવાનો છે. કૃષ્ણએ કાળી નાગનો નિગ્રહ કર્યો. કાળી નાગમાં વિષ હતું, ઈંદ્રિયોમાં પણ વિષ હોય છે પણ જો એને કાબૂમાં રાખી શકાય તો એ વિષ દૂર થઈ જાય છે અને મન પ્રભુમય બની જાય છે.' આ જ છે ભાગવત વાંચનનો આશય.

પૂર્ણાહુતિ બાદ આ કાર્યક્રમને સફળ બનાવવામાં સહભાગી થયેલા અનેક લોકોનું સન્માન કરવામાં આવ્યું. મુંબઈ સમાચારના તંત્રી નીલેશ દવેએ આભાર પ્રગટ કરતાં જણાવ્યું હતું કે 'આ કથા માટે જેમણે મને એક જ મિનિટ માટે હકારમાં જવાબ આપ્યો એવા પૂજ્યભાઈશ્રી રમેશભાઈ ઓઝાનો હું ઋણી છું. થોડી વાર પહેલા મને કોઈએ પૂછ્યું કે તમારું સપનું સાકાર થયું? મેં એ ભાઈને કહ્યું કે 'આ તો સપનાની શરૂઆત છે.' આ વાતને હજારોની સંખ્યામાં હાજર રહેલા ભાવિકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. અનેક મનમાં પ્રશ્ન રમતો થયો હશે કે 'મુંબઈ સમાચાર'નું નવું આયોજન શું હશે?



**રામસ્વામી કૃષ્ણમૂર્તિ - કલ્કી**
જન્મ: ૯ સપ્ટેમ્બર, ૧૮૯૯
સ્વર્ગવાસ: ૫ ડિસેમ્બર, ૧૯૫૪



**આશાપૂર્ણા દેવી**
જન્મ: ૮ જાન્યુઆરી, ૧૯૦૯
સ્વર્ગવાસ: ૧૨ જુલાઈ, ૧૯૯૫


**બંકિમચંદ્ર ચટોપાધ્યાય**
જન્મ : ૨૬ જૂન, ૧૮૩૮
સ્વર્ગવાસ: ૮ એપ્રિલ, ૧૮૯૪



**બિમલ મિત્રા**
જન્મ: ૧૮ માર્ચ, ૧૯૧૨
સ્વર્ગવાસ: ૨ ડિસેમ્બર, ૧૯૯૧



**મહાશ્વેતા દેવી**
જન્મ : ૧૪ જાન્યુઆરી, ૧૯૨૬
સ્વર્ગવાસ: ૨૮ જુલાઈ, ૨૦૧૬


**રવીન્દ્રનાથ ટાગોર**
જન્મ : ૭ મે, ૧૮૬૧
સ્વર્ગવાસ: ૭ ઓગસ્ટ, ૧૯૪૧


**જી. સંકરા કુરૂપ**
જન્મ: 3 જૂન, ૧૯૦૧
સ્વર્ગવાસ: ૨ ફેબ્રુઆરી, ૧૯૭૮


**કોટા શિવરામ કારંથ-કન્નડ**
જન્મ: ૧૦ ઑક્ટોબર, ૧૯૦૨
સ્વર્ગવાસ: ૯ ડિસેમ્બર, ૧૯૯૭



**ઉડુપી રાજગોપાલાચાર્યા અનંથમૂર્થિ**
જન્મ: ૨૧ ડિસેમ્બર, ૧૯૩૨
સ્વર્ગવાસ: ૨૨ ઑગસ્ટ, ૨૦૧૪


**વિશ્વનાથ સત્યનારાયણ**
જન્મ: ૧૦ સપ્ટેમ્બર, ૧૮૯૫
સ્વર્ગવાસ: ૧૮ ઑક્ટોબર, ૧૯૭૬

# મુંબઈ સમાચાર

# માતૃભાષા ભાગવત સપ્તાહ

૨ એપ્રિલથી ૮ એપ્રિલ



પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી



શ્રી સૌરભ મહેતા (મુખ્ય મનોરથી)

મુંબઈ સમાચારના આ ભાષાયજ્ઞમાં જેમનો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે
અમને સહકાર સાંપડ્યો છે એ તમામનો અહીં
ઋણ સ્વીકાર કરવામાં આવે છે.

## આપ સૌનો દિલથી આભાર.

આવા અનેક કાર્યમાં આપ મુંબઈ સમાચારની પડખે ઊભા રહેશો
એવી આશા સાથે વિરામ...



શ્રી રમેશભાઈ પારેખ (સહ મનોરથી)



શ્રી પરાગ શાહ
શ્રી સંજય ઉપાધ્યાય
શ્રી અસીત કુમાર મોદી
શ્રી સંતોષ સિંહ
શ્રી મુકેશ પટેલ
શ્રી રાજુ સાવલા
શ્રી અરવિંદ શાહ
શ્રી જિજ્ઞેશ ભુતા



શ્રી જિતેન્દ્ર મહેતા
શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ)
શ્રી વિપુલ પારેખ
શ્રીમતી નીતાબેન પારેખ (સંગોઇ)
શ્રી આનંદ પંડિત
શ્રી મનોજ અજમેરા
શ્રી મુકેશ મહેતા
શ્રી વિજય ખત્રી




શ્રી દર્શક રૂપાણી
શ્રી મયુર મહેતા
શ્રી કૃષ્ણકાંત ચિતલિયા
શ્રી કીર્તી સંઘવી
શ્રી રમેશ મોરબીયા
શ્રી જેઠાલાલ દેઢિયા
શ્રી હરેશ સંઘવી
શ્રી રાજેશ રવજી પટેલ



શ્રી યોગેશ લાખાણી
શ્રી નિરવ મહેતા
શ્રી જગદીશ ઓઝા
શ્રી શોભિત દેસાઈ
શ્રી જે. ડી. મજેઠિયા
શ્રી સંજય છેલ
શ્રી વિરલ ચિતલિયા
શ્રીમતી તૃપ્તિ ધર્મેશ ગાંધી



શ્રી ધર્મેશ શાહ
શ્રી પ્રવીણ કોટક
શ્રી જસ્મીન શાહ
શ્રી ભાર્ગવ પટેલ
શ્રી જિજ્ઞેશ હિરાણી
શ્રી દુષ્યંત સોની (દુબઈ)
શ્રીમતી માધવી ભુતા
શ્રી બિરેન સંઘવી



શ્રી જિગર કાપડિયા
શ્રી મિતેશ શાહ
શ્રી હેન્રી શાસ્ત્રી
શ્રી અનિલ રાવલ
શ્રી કિશોર વ્યાસ
શ્રી સંદીપ ભાટિયા

# ચાર બાળકને જન્મ આપો, એક આરએસએસને સોંપી દો

## આવી સલાહ આપનાર બાગેશ્વર બાબાના નિવેદન પર પણ વિવાદ સર્જાયો

નાગપુરઃ બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીએ નાગપુરમાં એક કાર્યક્રમ દરમિયાન હિંદુઓને સલાહ આપતાં કહ્યું હતું કે, ૪ બાળકો પેદા કરો પરંતુ તેમાંથી એક બાળક રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ને આપી દો. તેમણે સંઘ અને ભાજપના દિગ્ગજ નેતાઓની હાજરીમાં આ નિવેદન આપ્યું હતું.

નાગપુરમાં ભારત દુર્ગા મંદિરના શિલાન્યાસ કાર્યક્રમ દરમિયાન ધીરેન્દ્ર શાસ્ત્રીએ આરએસએસના ભરપેટ વખાણ કર્યા હતા. તેમણે કહ્યું જ્યારે દેશમાં કોઈ સંકટ આવે છે ત્યારે સંઘના સ્વયંસેવક સૌથી પહેલા સેવા માટે પહોંચી જાય છે અને બીજાના જીવ બચાવવાનું કામ કરે છે. આ દરમિયાન તેમણે એક અપલી કરતા કહ્યું ચાર બાળકો પેદા કરો, જેથી એક રાષ્ટ્ર સેવા માટે તૈયાર થઈ શકે અને સમાજ સેવાના કામમાં આવી શકે. આરએસએસના મોહન ભાગવત, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી સહિત અનેક સાધુ સંતોની હાજરીમાં તેમણે આ નિવેદન આપ્યું હતું.

આ ઉપરાંત ધીરેન્દ્ર શાસ્ત્રીએ છત્રપતિ શિવાજી મહારાજને લઈ પણ મોટું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું, છત્રપતિ શિવાજી મહારાજ યુદ્ધ કરતા કરતા થાકી જતા હતા. જે બાદ દાવો કરતાં કહ્યું તેઓ સમર્થ રામદાસ સ્વામી પાસે ગયા અને કહ્યું કે હવે યુદ્ધ કરવા નથી માગતા અને મુગટ તથા સત્તા સોંપવા માગે છે, જેના પર રામદાસ સ્વામીએ કહ્યું કે, શિષ્યનું કર્તવ્ય ગુરુના આદેશોનું પાલન કરવાનું હોય છે, તેથી સત્તા તમે જ સંભાળો.

આ ઉપરાંત તેમણે આગળ કહ્યું કે, ભારતની સંસ્કૃતિ, શક્તિ અને આધ્યાત્મિકતાને મજબૂત કરવાની જરૂર છે. તેમણે ભારતને અખંડ અને મહાન બનાવવાની વાત કરીને ધાર્મિક પ્રતીકો તથા શક્તિની ઉપાસનાનો ઉલ્લેખ કર્યો હતો.

જો કે ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી પણ વિવાદોથી પણ ઘેરાયેલા રહે છે. ઘણા લોકો તેના ઉપાયને ચમત્કાર કહે છે તો કેટલાક તેને અંધશ્રદ્ધા કહે છે, પરંતુ ધીરેન્દ્ર શાસ્ત્રીમાં લાખો ભક્તોને અપાર શ્રદ્ધા છે એ વાતને નકારી શકાય નહીં.■

## ‘શિવાજી મહારાજના દાવાઓને સમર્થન આપતો કોઈ પુરાવો નથી’: ફડણવીસ

છત્રપતિ શિવાજી મહારાજ અને સમર્થ રામદાસ વચ્ચેની ઐતિહાસિક મુલાકાત અંગે ધીરેન્દ્ર શાસ્ત્રીની ટિપ્પણી અંગેના પ્રશ્નના જવાબમાં મુખ્ય પ્રધાને કહ્યું હતું કે , ‘આપણે ઇતિહાસમાં કે ઉપલબ્ધ પુસ્તકોમાં એવું કોઈ ઉદાહરણ નથી.’

‘આવા દાવાઓને સમર્થન આપતો કોઈ ઐતિહાસિક પુરાવો નથી,’ તેમણે ઉમેર્યું.

શાસ્ત્રીએ અહેવાલ મુજબ દાવો કર્યો હતો કે મુલાકાત દરમિયાન શિવાજી મહારાજે સમર્થ રામદાસને કહ્યું હતું કે તેઓ જવાબદારીઓ અને યુદ્ધનો ત્યાગ કરવા માંગે છે અને તેમનો મુગટ અર્પણ કર્યો હતો. જવાબમાં, સમર્થ રામદાસે ફરીથી શિવાજી મહારાજના માથા પર મુગટ રાખ્યો અને તેમને તેમના રાજ્યની સંભાળ રાખવા કહ્યું હતું.

મહાન વ્યક્તિત્વો વિશેની વાર્તાઓ ઘણીવાર સમય જતાં અલગ અલગ રીતે વિકસિત થાય છે તે નોંધીને, ફડણવીસે રામાયણ અને મહાભારતના ઉદાહરણો ટાંકતા કહ્યું કે વિવિધ પ્રદેશોમાં વિવિધ લોક સંસ્કરણો અસ્તિત્વમાં છે.

તેમણે કહ્યું કે લોકોએ બિનજરૂરી વિવાદ ટાળવો જોઈએ અને

(જુઓ પાનું ૪) ▸▸

## કોંકણના હાફૂસની ઓળખને રક્ષણ

## એપીએમસીમાં અન્ય પ્રાંતોથી આવતી કેરીઓ પર જે તે રાજ્યનું લેબલ લગાવવું ફરજિયાત

નવી મુંબઈઃ એપીએમસીમાં વેચાણ માટે આવતી કર્ણાટક, કેરળ તેમજ અન્ય પ્રાંતોની કેરીઓ પર તેમના મૂળ રાજ્યનું લેબલ લગાવવું ફરજિયાત કરવામાં આવ્યું છે. કોંકણ હાફૂસના નામે અન્ય રાજ્યોની કેરીઓ વેચાતી હોવાની ફરિયાદો બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. મહારાષ્ટ્ર રાજ્ય આંબા ઉત્પાદક સંઘના સતત પ્રયાસોને કારણે પ્રશાસને આ વલણ અપનાવ્યું છે. એસો.ના પ્રમુખે એપીએમસી પ્રશાસનને પત્ર લખીને જણાવ્યું હતું કે કર્ણાટક, કેરળ અને આંધ્ર પ્રદેશથી આવતી કેરીઓ દેખાવમાં કોંકણ હાફૂસ જેવી જ હોય છે. આનો ફાયદો ઉઠાવીને ઘણા વેપારીઓ આ કેરીઓને હાફૂસના નામે વેચીને ગ્રાહકોને છેતરી રહ્યા છે.

આનાથી કોંકણ હાફૂસની છબી બગડી રહી હોવાની ચિંતા તેમણે વ્યક્ત કરી હતી. આ પરિસ્થિતિને કારણે કોંકણના કેરી ઉત્પાદકોને આર્થિક નુકસાન થઈ રહ્યું છે. ગ્રાહકોને અસલી હાફૂસ મળે અને બજારમાં પારદર્શિતા જળવાઈ રહે તે માટે અન્ય રાજ્યોની કેરીઓ અલગ રાખીને તેના પર સંબંધિત રાજ્યના નામનું લેબલ લગાવવાની માગ સંગઠન દ્વારા કરવામાં આવી હતી. ■

## આમ આદમી પાર્ટી જેવો રાજકીય ભૂકંપ મહારાષ્ટ્રમાં પણ આવશે?

મુંબઈઃ છેલ્લા કેટલાક વર્ષોમાં રાજ્યના રાજકારણમાં મોટા ફેરફારો થયા છે. એકનાથ શિંદેએ બળવો કરીને શિવસેનાના વિધાનસભ્યોને લઈને ભાજપ સાથે સરકાર બનાવી હતી. ત્યારબાદ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ-એનસીપીમાં ભાગલા પડ્યા અને અજિત પવારે પણ ભાજપમાં જોડાવાનો નિર્ણય લીધો હતો. તેવી જ રીતે, છેલ્લાં કેટલાક સમયથી, શિવસેનાના ઓપરેશન ટાઇગરની ચર્ચા થઈ રહી છે. પ્રધાન સંજય શિરસાટએ આ સંદર્ભમાં એક ચોંકાવનારું નિવેદન આપ્યું છે.

આમ આદમી પાર્ટીમાં મોટી ફૂટ પડતા સાત સંસદસભ્ય ભાજપમાં જોડાતા રાજ્યમાં ઓપરેશન ટાઈગર અંગે ચર્ચા શરૂ થઈ ગઈ છે. આ સંદર્ભમાં સંજય શિરસાટએ જણાવ્યું હતું કે અનેક લોકો અમારા સંપર્કમાં છે એ વાત અમે નથી નકારતા. ઓપરેશન ટાઈગર ગમે ત્યારે થઈ શકે છે. જોકે યોગ્ય નિર્ણય ક્યારે લેવો એકનાથ શિંદે નક્કી કરશે. યોગ્ય સમયે રાજકીય ભૂકંપ જોવા મળશે. શિરસાટના આ નિવેદનને કારણે જનતાનું ધ્યાન ફરી એકવાર રાજ્યના રાજકારણ તરફ ગયું છે. ■

## ઉદ્ધવ સાથેની ગુપ્ત મુલાકાતની ચર્ચા પર પૂર્ણવિરામ મૂકતા ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે સાથે ગુપ્ત મુલાકાતના અહેવાલોને નકારી કાઢ્યા હતા. જ્યારે બે નેતાઓએ મુંબઈમાં મુખ્ય પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાને ચર્ચા કરી હોવાના અહેવાલો રાતથી ફરી રહ્યા છે.

‘ઉદ્ધવ ઠાકરે સાથે ગુપ્ત મુલાકાતનું કારણ શું છે? અમારી પાસે ગુપ્ત રીતે ચર્ચા કરવા માટે આવા કોઈ વિષયો નથી. જો ઉદ્ધવ ઠાકરે મને મળવા માંગતા હોય તો પણ અમે ખુલ્લેઆમ મળી શકીએ છીએ. આવી કોઈ મુલાકાત થઈ નથી,’ એમ ફડણવીસે ત્ર્યંબકેશ્વરમાં ભગવાન શિવના દર્શન કર્યા પછી પત્રકારોને જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું, કે કેટલાક લોકો જાણી જોઈને ખોટા સમાચાર ફેલાવી રહ્યા છે, અને ઉમેર્યું કે આવા (સોશિયલ મીડિયા) હેન્ડલ્સને નોટિસ મોકલવામાં આવશે.

‘આવા ફેક ન્યૂઝ એકાઉન્ટ્સ સામે કાર્યવાહી કરવામાં આવશે,’ એમ તેમણે કહ્યું હતું.

અગાઉ, વંચિત બહુજન આઘાડી (વીબીએ) સાથે જોડાયેલા એક મીડિયા હાઉસે દાવો કર્યો હતો કે ફડણવીસ અને ઠાકરે બુધવારે મધ્યરાત્રિએ મુંબઈમાં મુખ્ય પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાન ‘વર્ષા’ ખાતે મળ્યા હતા. ■

## આજે હાર્બર લાઈનમાં મેગા બ્લોકની મગજમારી

મુંબઈઃ રવિવાર ૨૬ એપ્રિલે મધ્ય રેલવેના મુંબઈ વિભાગમાં વિવિધ એન્જિનિયરિંગ અને જાળવણી કાર્યો માટે સીએસએમટીઅને ચુનાભટ્ટી/બાંદ્રા સ્ટેશનો વચ્ચે હાર્બર લાઇન પર મેગાબ્લોક હશે. મધ્ય રેલવેની સીએસએમટી - કલ્યાણ મુખ્ય લાઇન પર કોઈ બ્લોક નહીં હોય. સીએસએમટી - ચુનાભટ્ટી/બાંદ્રા સ્ટેશનો વચ્ચે અપ અને ડાઉન હાર્બર લાઇન પર સવારે ૧૧.૧૦ થી સાંજે ૪.૪૦ વાગ્યા સુધી બ્લોક રહેશે.

સવારે ૧૧.૧૬ થી સાંજે ૪.૪૭ વાગ્યા સુધી સીએસએમટીથી વાશી/બેલાપુર/પનવેલ તરફ જતી ડાઉન હાર્બર રૂટ પરની લોકલ સેવાઓ તેમજ સવારે ૧૦.૪૮ થી સાંજે ૪.૪૩ વાગ્યા સુધી સીએસએમટીથી બાંદ્રા/ગોરેગાંવ તરફ જતી ડાઉન હાર્બર રૂટ પરની લોકલ સેવાઓ સ્થગિત કરવામાં આવી છે. પનવેલ/બેલાપુર/વાશીથી સીએસએમટી તરફની અપ હાર્બર લાઇન પર સવારે ૯.૫૩ થી બપોરે ૩.૨૦ વાગ્યા સુધી લોકલ સેવાઓ તેમજ ગોરેગાંવ/બાંદ્રાથી સીએસએમટી તરફની અપ હાર્બર લાઇન પર સવારે ૧૦.૪૫ થી

(જુઓ પાનું ૪) ▸▸

## મેટ્રો ટૂ-એ રૂટ પર બહુ જલદી ચેમ્બુર સ્ટેશન શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અંધેરી પશ્ચિમથી મંડાલે-માનખુર્દ મેટ્રો ટૂ-બી રૂટ પર ડાયમંડ ગાર્ડન- મંડાલે વચ્ચે તાજેતરમાં મેટ્રો રેલ સેવા શરૂ થઈ છે. આ સ્ટેશન વચ્ચે જોકે પ્રવાસીઓનો બહુ મોળો પ્રતિસાદ મળ્યો છે. તેથી આ રૂટ પર પ્રવાસીઓની સંખ્યામાં વધારો કરવા માટે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા હવે ડાયમંડ ગાર્ડનથી સારસ્વત નગર આ બીજા તબક્કાના એકમાત્ર સ્ટેશન ચેમ્બુર મેટ્રો સ્ટેશન શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

એમએમઆરડીએ દ્વારા ચેમ્બુર સ્ટેશનનું કામ પૂરું કરી દેવામાં આવ્યું છે અને તેણે મેટ્રો કમિશનર, મેટ્રો રેલવે સેફ્ટી તરફથી પરીક્ષણ કરીને સર્ટિફિકેટ આપવા માટે અરજી કરી છે. બહુ જલદી પરીક્ષણ શરૂ થયા બાદ સેફ્ટી સર્ટિફિકેટ મળશે અને તરત મેટ્રો સ્ટેશન સેવામાં દાખલ થશે એવો દાવો એમએમઆરડીએ દ્વારા કરવામાં આવ્યો છે. એમએમઆરડીએ

(જુઓ પાનું ૪) ▸▸

## એપ્રિલની ગરમીમાં રાજ્યમાં નાગરિકો હેરાન પરેશાનઃ લૂથી ૩૯ જણ અસરગ્રસ્ત

### લાતુરમાં લૂ લાગવાથી નવ મહિનાના બાળકનું મોત

મુંબઈઃ રાજ્યમાં વધતી ગરમીને કારણે નાગરિકો લૂનો ભોગ બની રહ્યા છે. રાજ્યના ઘણા જિલ્લાઓમાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી ઉપર છે. વધતા તાપમાનને કારણે અત્યાર સુધીમાં ૩૯ લોકો લૂથી અસરગ્રસ્ત થયા છે અને એક વ્યક્તિનું શંકાસ્પદ મૃત્યુ નોંધાયું છે, માર્ચમાં ફક્ત સાત જણને લૂની માઠી અસર થઈ હતી, જ્યારે એપ્રિલમાં અત્યાર સુધીમાં ૩૨ દર્દીઓ નોંધાયા છે.

લાતુર જિલ્લામાં વધતી ગરમીને કારણે લૂના બનાવોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ઔસા તાલુકાના ગોંદરી ગામમાં નવ મહિનાના બાળકનું લૂથી મૃત્યુ થયું હોવાની શંકા છે. આ ઘટનાથી વિસ્તારમાં ગભરાટ ફેલાયો છે.

રાજ્યમાં વધતા તાપમાનને કારણે નાગરિકો અસ્વસ્થ થઈ રહ્યા છે. રાજ્યના ઘણા જિલ્લાઓમાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે અને આગામી થોડા દિવસોમાં ગરમી વધવાની શક્યતા છે. વધતા તાપમાનને કારણે, છેલ્લા બે મહિનામાં રાજ્યના ૧૫ જિલ્લાઓમાં ૩૯ દર્દીઓ નોંધાયા છે. જોકે, મુંબઈમાં અત્યાર સુધી લૂનો કોઈ દર્દી નોંધાયો નથી. ■



**ગરમીથી રાહતઃ** રાજ્યમાં ગરમીએ માઝા મૂકી છે ત્યારે મૂક પશુ-પક્ષીઓના હાલ પણ બેહાલ છે. મુંબઈ રાણીબાગમાં ગરમીથી રાહત મેળવતો વાઘ તસવીરમાં જોઈ શકાય છે. (અમય ખરાડે)

## દહિસરમાં જૈન પરિવારની બદનામી કરવાનો કેસ

## કોર્ટે જામીન રદ કર્યા બાદ સરન્ડર ન થયેલી મહિલાની વલસાડથી ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દહિસરમાં રહેતા જૈન પરિવારની કથિત બદનામી કરવાના કેસમાં સમાજની ત્રણ મહિલાના કોર્ટે જામીન રદ કરીને તેમને બે સપ્તાહમાં સરન્ડર કરવાનું કહ્યું હતું. જોકે સરન્ડર ન થયેલી ત્રણેય મહિલામાંથી રંજન નિસરની કસ્તુરબા માર્ગ પોલીસે વલસાડથી ધરપકડ કરી હતી. રંજન નિસરને શનિવારે કોર્ટે જુડિશિયલ કસ્ટડી ફટકારી હતી.

કસ્તુરબા માર્ગ પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર જયરાજ રણવરેએ *મુંબઈ સમાચાર*ને કહ્યું હતું કે રંજન નિસરને વલસાડથી તાબામાં લેવામાં આવી હતી. કોર્ટે સરન્ડર કરવાનો આદેશ આપ્યો હોવાથી રંજન નિસરને ધરપકડ બાદ શનિવારે કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવી હતી અને કોર્ટે તેને જુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપી હતી.

દહિસર પૂર્વમાં રહેતા જૈન સમાજના વેપારીની પત્નીએ એપ્રિલ, ૨૦૨૫માં કસ્તુરબા માર્ગ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદને આધારે રંજન નિસર, પ્રીતિ રિટા અને નયના દેઢિયા વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ત્રણેય મહિલાએ સમાજના વૉટ્સઍપ ગ્રૂપમાં ફરિયાદી અને તેમના પરિવારજનો માટે વાંધાજનક પોસ્ટ મૂકી હતી. ફરિયાદીના પરિવારની બદનામી

(જુઓ પાનું ૪) ▸▸

## ભાજપ બકાસુરનો પક્ષ બની ગયો છે, તેની ભૂખ અતૃપ્ત છેઃ સંજય રાઉત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આમ આદમી પાર્ટી (આપ)ના સાત રાજ્યસભા સાંસદોએ રાજીનામું આપ્યા અને કહ્યું કે તેઓ ભાજપમાં ભળી રહ્યા છે, તેના એક દિવસ પછી, શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે શનિવારે ભગવા પક્ષની તુલના પૌરાણિક રાક્ષસ બકાસુરની અતૃપ્ત ભૂખ સાથે કરી હતી.

અહીં પત્રકારો સાથે વાત કરતા, સંજય રાઉતે કહ્યું કે ભારતીય જનતા પાર્ટીમાં વફાદારી બદલનારા મોટાભાગના આપના સાંસદો ‘પેજ-૩ નેતા’ હતા, અને દાવો કર્યો કે તેઓ ડરતા હતા કારણ કે તેઓ ‘ધનવાન હતા અને તેમને રક્ષણની જરૂર હતી.’

‘અન્ય પક્ષોનો કચરો ભાજપમાં જવા દો જેથી તે ડમ્પિંગ ગ્રાઉન્ડ બની જાય,’ એમ રાઉતે કહ્યું હતું.

શુક્રવારે આપને એક ઝટકો લાગ્યો કારણ કે રાઘવ ચઢ્ઢા, અશોક મિત્તલ અને સંદીપ પાઠક સહિત તેના ૧૦ રાજ્યસભા સભ્યોમાંથી સાત સભ્યોએ પાર્ટી છોડી દીધી, ચઢ્ઢાએ કહ્યું કે તે બધા ભાજપમાં ભળી ગયા છે. ‘મહાભારતમાં બકાસુર નામનો એક રાક્ષસ છે જેની ભૂખ અતૃપ્ત હતી. ભાજપ બકાસુરનો પક્ષ બની ગયો છે. તે કંઈપણ ખાઈ શકે છે,’

(જુઓ પાનું ૪) ▸▸

## વાઢવાણ બંદરઃ પાલઘર વહીવટીતંત્રે ૬૨ હેક્ટર જમીન સંપાદિત કરીઃ ૨,૩૦૦ કરોડ રૂપિયાનું રાહત પેકેજ

પાલઘરઃ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લા વહીવટીતંત્રે શનિવારે એવી જાહેરાત કરી હતી કે તેમણે વાઢવાણ બંદર પ્રોજેક્ટ માટે ૬૨ હેક્ટર જમીન સંપાદિત કરી છે અને અત્યાર સુધીમાં ૨૬૧ જમીનધારકોને વળતરનું વિતરણ કર્યું છે.

એક સત્તાવાર પ્રકાશનમાં વહીવટીતંત્રે જણાવ્યું હતું કે પ્રોજેક્ટથી પ્રભાવિત લગભગ ૧૦,૦૦૦ જમીનધારકોને લાભ આપવા માટે ૨,૩૦૦ કરોડ રૂપિયાના પેકેજને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.

સરકાર ‘ગોલા સર્વે’ (બ્લોક સર્વે) મુદ્દાઓના ઉકેલને પ્રાથમિકતા આપી રહી છે, જેના કારણે ઐતિહાસિક રીતે વળતર વિતરણમાં વિલંબ થયો છે, એમ તેમાં જણાવાયું છે.

જિલ્લા વહીવટીતંત્રે ડીપ-ડ્રાફ્ટ, ઓલ-વેધર ગ્રીનફિલ્ડ પોર્ટ માટે ૬૨ હેક્ટર (૧૫૩.૨ એકર) જમીન સંપાદિત કરી છે, એમ તેમાં જણાવવામાં આવ્યું છે.

અધિકારીઓએ ખેડૂતો અને વેપારીઓને મધ્યસ્થીઓનો શિકાર ન બનવાની ચેતવણી પણ આપી છે.

‘વળતર વિતરણની પ્રક્રિયા

(જુઓ પાનું ૪) ▸▸

## પોલીસ કર્મચારી વારંવાર સંભોગની માગણી કરતો હોવાથી કંટાળેલા મિત્રએ જીવન ટૂંકાવ્યું

મુંબઈઃ હિંગોલી જિલ્લામાં મિત્રતાને કલંકિત કરતી ઘટના સામે આવી હતી, જેમાં નાંદેડના પોલીસ કર્મચારી દ્વારા વારંવાર સંભોગની માગણી કરવામાં આવી રહી હોવાથી કંટાળેલા મિત્રએ જીવાદોરી ટૂંકાવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર મૃતક યુવકની ઓળખ નવનાથ લાખાડે (૨૪) તરીકે થઇ હોઇ તે કળમનુરી તાલુકાના વડગાંવનો રહેવાસી હતો. નાંદેડમાં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટની

(જુઓ પાનું ૪) ▸▸

## સાંસદ સુપ્રિયા સુળે અને ઉદ્ધવ ઠાકરે મળ્યા

મુંબઈઃ રાજ્યના રાજકારણમાં હાલમાં અનેક ઘટનાક્રમ ચાલી રહ્યા છે, ત્યારે સાંસદ સુપ્રિયા સુળે શનિવારે માતોશ્રી પહોંચ્યા હતા. એનસીપીના સાંસદ સુપ્રિયા સુળે તેમના પતિ સદાનંદ સુળે સાથે શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેને મળ્યા હતા. આ મુલાકાત રાજકીય ચર્ચા માટે નહીં પરંતુ સુપ્રિયા સુળેની પુત્રી રેવતી સુળેને લગ્નમાં આમંત્રણ આપવા માટે થઈ હોવાનું બહાર આવ્યું છે.

સુપ્રિયા સુળેની પુત્રી રેવતીના લગ્ન નાગપુરના પ્રખ્યાત ઉદ્યોગપતિ અરુણ લાખાણીના પુત્ર સારંગ લાખાણી સાથે થયા છે. આ શાહી લગ્ન સમારોહની તૈયારીઓ હવે પવાર અને સુળે

(જુઓ પાનું ૪) ▸▸

## ખરાત સામે સીએ સાથે ₹ ૮.૭૬ કરોડની ઠગાઈઃ વધુ એક કેસ

નાશિકઃ અનેક મહિલાઓનું જાતીય શોષણ તેમ જ ઠગાઇ બદલ ધરપકડ કરાયેલા સ્વઘોષિત ગૉડમેન અશોક ખરાત વિરુદ્ધ નાશિકમાં પોલીસે વધુ એક કેસ નોંધ્યો છે.

તાજેતરના કેસમાં ખરાત પર આરોપ છે કે તેણે એ સમયના તેના ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ (સીએ) સાથે ૮.૭૬ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી આચરી હતી.

સીએ દ્વારા આ પ્રકરણે સરકારવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી અને તેને આધારે પોલીસે શુક્રવારે મોડી રાતે ગુનો દાખલ કર્યો હતો.

ફરિયાદી એક સમયે ખરાતનો વિશ્વાસુ હતો અને સિન્નર તાલુકામાં એક મંદિરના કામકાજનું સંચાલક કરતા તેમના શિવાનિકા ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે સેવા આપતો હતો. ■

## નવી મુંબઈમાં ૧.૨૫ કરોડ રૂપિયાનો દેશી બનાવટનો વિદેશી દારૂ જપ્તઃ બે પકડાયા

થાણેઃ નવી મુંબઈમાં એક્સાઇઝ વિભાગની ટીમે ટ્રકને આંતરીને તેમાં લઇ જવાઇ રહેલો ૧.૨૫ કરોડ રૂપિયાનો દેશી બનાવટનો વિદેશી દારૂ જપ્ત કર્યો હતો.

રાજ્યના એક્સાઇઝ વિભાગની ફ્લાઇંગ સ્કવૉડે મળેલી માહિતીને આધારે શુક્રવારે સાંજે સવા પાંચ વાગ્યે થાણે- બેલાપુર માર્ગ પર ટ્રકને આંતરી હતી.

ટ્રકમાં સિમેન્ટની ગૂણીઓ લઇ જવામાં આવી રહી હોવાનું જણાવવામાં આવ્યું હતું, પણ ફ્લાઇંગ સ્કવૉડે ટ્રકની તલાશી લેતાં સિમેન્ટની ગૂણીઓની નીચે છુપાવવામાં આવેલો દેશી બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. વાહનની અંદર ખાસ બનાવવામાં આવેલા કમ્પાર્ટમેન્ટમાં એ દારૂ છુપાવવામાં આવ્યો હતો, જેથી તેના પર કોઇની નજર ન પડે. જપ્ત કરાયેલા ૧.૨૫ કરોડ રૂપિયાના સ્ટોકમાં ફક્ત મધ્ય પ્રદેશમાં વેચાણ માટે બનાવાયેલા વિવિધ બ્રાન્ડના દારૂનો સમાવેશ હતો. આ પ્રકરણે ગુનો દાખલ કરીને ડ્રાઇવર સહિત બે જણની ધરપકડ કરવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

## નાગપાડામાં ચાકુના ઘા ઝીંકી વૃદ્ધની કરપીણ હત્યા

### એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા બે ગેન્ગસ્ટરનો ભત્રીજો, તેના મિત્રની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાગપાડામાં ચાકુના ઘા ઝીંકી ૭૮ વર્ષના મોહંમદ ઇકબાલ સલિયાની હત્યાનો કેસ ક્રાઇમ બ્રાન્ચે ઉકેલી કાઢ્યો હતો અને ગુનામાં સંડોવાયેલા બે યુવકને નાગપુરથી ઝડપી પાડ્યા હતા. એક યુવક વર્ષ ૧૯૯૬ અને ૨૦૦૦માં એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા બે ગેન્ગસ્ટરનો ભત્રીજો હોઇ તેને શંકા હતી કે તેમના કાકાના એન્કાઉન્ટરમાં મોહંમદ સલિયાએ ખબરીની ભૂમિકા ભજવી હતી, એમ પોલીસે જણાવ્યું હતું. ક્રાઇમ બ્રાન્ચે હત્યાના કેસમાં ઝડપી પાડેલા બંને યુવકની ઓળખ સાદિક જવાર અને નૌશાદ મિઠાની તરીકે થઇ હતી. બંનેને મુંબઈ લવાયા બાદ કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર નાગપાડા વિસ્તારમાં રહેતા મોહંમદ ઇકબાલ સલિયા (૭૮)ની ૨૦ એપ્રિલ, ૨૦૨૬ની રાતે ચાકુના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હતી. આ પ્રકરણે ગુનો દાખલ થયા બાદ પોલીસે તપાસ કરી હતી, જેમાં ગુનામાં સાદિક જવાર અને નૌશાદ મિઠાનની સંડોવણી હોવાનું સામે આવ્યું હતું. જોકે બંનેએ પોતાના મોબાઇલ બંધ કરી

(જુઓ પાનું ૪) ▸▸

## ચઢ્ઢા અને અન્ય લોકોએ આપ છોડી ન હોત તો તેઓ ‘સાચા’ માર્ગે ચાલ્યા હોતઃ અણ્ણા હઝારે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સામાજિક કાર્યકર્તા અણ્ણા હઝારેએ કહ્યું હતું કે જો રાઘવ ચઢ્ઢા અને આમ આદમી પાર્ટી (આપ)ના છ અન્ય રાજ્યસભા સભ્યોએ પાર્ટી છોડી ન હોત જો તેઓ ‘સાચા’ માર્ગે ચાલ્યા હોત.

‘લોકશાહીમાં દરેકને પોતાનો અભિપ્રાય રાખવાનો અધિકાર છે. તેમને (ચઢ્ઢા અને અન્ય) કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હશે, જેને કારણે તેઓ ત્યાંથી ચાલ્યા ગયા,’ એમ હઝારેએ શુક્રવારે મહારાષ્ટ્રના અહલ્યાનગર જિલ્લામાં પત્રકારોને જણાવ્યું હતું. આપના રાજ્યસભા સભ્યો રાઘવ ચઢ્ઢા અને સંદીપ પાઠકે શુક્રવારે દિલ્હીમાં એક સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધિત કરી, જેમાં અરવિંદ કેજરીવાલની આગેવાની હેઠળની પાર્ટી છોડીને ભાજપમાં જોડાવાની જાહેરાત કરી. ચઢ્ઢાએ દાવો કર્યો કે આપના લગભગ બે તૃતીયાંશ રાજ્યસભા સભ્યોએ પાર્ટી છોડી દીધી છે અને એક અલગ જૂથ તરીકે કાર્ય કરશે. ‘તે તેમની (આપ નેતૃત્વ) ભૂલ છે. જો તે પાર્ટી યોગ્ય માર્ગે ચાલતી હોત તો તેઓ ત્યાંથી ન ગયા હોત,’ એમ હઝારેએ કહ્યું હતું. હજારેએ પુનરોચ્ચાર કર્યો હતો કે ચઢ્ઢા અને અન્ય લોકોએ આપમાં

(જુઓ પાનું ૪) ▸▸

# જયપુરમાં હૈદરાબાદનો જયજયકાર, વૈભવની સેન્ચુરી એળે ગઈ

જયપુરઃ રાજસ્થાન રૉયલ્સ (૨૦ ઓવરમાં છ વિકેટે ૨૨૮ રન)નો અહીં હોમ-ગ્રાઉન્ડ પર શનિવારે સનરાઇઝર્સ હૈદરાબાદ (૧૮.૩ ઓવરમાં ૫/૨૨૯) સામે પરાજય થયો હતો. પેસ બોલર (૪-૦-૩૪-૨)એ ફરી એક વખત પ્રશંસનીય પર્ફોર્મ કર્યું હતું, પરંતુ રાજસ્થાનના ફીલ્ડર્સે કૅચ છોડતાં હૈદરાબાદ માટે વિજય આસાન થતો ગયો હતો.

હૈદરાબાદની જીતમાં ઇશાન કિશન (૭૪ રન, ૩૧ બૉલ, ત્રણ સિક્સર, અગિયાર ફોર) તથા અભિષેક શર્મા (૫૭ રન, ૨૯ બૉલ, એક સિક્સર, અગિયાર ફોર) વચ્ચે બીજી વિકેટ માટે ૧૩૨ રનની જે ભાગીદારી થઈ હતી એ રાજસ્થાનને ભારે પડી. રાજસ્થાનના કૅપ્ટન રિયાન પરાગ સહિત આઠ બોલરે બોલિંગ કરી હતી જેમાંથી પાંચ બોલરને વિકેટ નહોતી મળી. જોફ્રા આર્ચર અને બ્રિજેશ શર્માએ બે-બે વિકેટ અને ડૉનોવાન ફરેરાએ એક વિકેટ લીધી હતી. નવાઈની વાત એ છે કે કૅપ્ટન રિયાન પરાગે ફરી એક વખત બોલિંગમાં ફેરફાર કરવામાં નબળી કૅપ્ટન્સીની ઝલક આપી. સૌથી અનુભવી સ્પિનર રવીન્દ્ર જાડેજાને તેમ જ રવિ બિશ્નોઈને ફક્ત એક ઓવર બોલિંગ કરવા મળી હતી.

### બે દિવસમાં ત્રણ સેન્ચુરી પાણીમાં

છેલ્લાં બે દિવસમાં ત્રણ ખેલાડીની સેન્ચુરી મૅચ-વિનિંગ સાબિત ન થઈ. શુક્રવારે ગુજરાત ટાઇટન્સના સાઇ સુદર્શન (૧૦૦ રન)ની સદી છતાં બેંગ્લૂરુ સામે ગુજરાતનો પરાજય થયો હતો. શનિવારે સાંજે કે. એલ. રાહુલ (અણનમ ૧૫૨)ની ધમાકેદાર સેન્ચુરી છતાં દિલ્હી છેવટે પંજાબ સામે હારવું પડ્યું હતું અને ત્યાર પછી રાજસ્થાનના વૈભવ સૂર્યવંશી (૧૦૩ રન, ૩૭ બૉલ, બાર સિક્સર, પાંચ ફોર)ની સદી પછી પણ હૈદરાબાદ સામે રાજસ્થાને પરાજય જોવો પડ્યો.




### નીતીશ, ક્લાસેનનું યોગદાન

હૈદરાબાદને ૨૨૯ રનનો પડકારરૂપ લક્ષ્યાંક અપાવવામાં નીતીશ કુમાર રેડ્ડી (૩૬ રન, ૧૮ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર) તેમ જ હિન્રિક ક્લાસેન (૨૯ રન, ૨૪ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર)ના પણ યોગદાન હતા. સલિલ અરોરા આઠ રન અને અનિકેત વર્મા એક રને અણનમ હતો.

### કિશન સાતેય મૅચમાં ટૉસ હાર્યો હતો

જયપુરમાં આ વખતની

**આજે કઈ બે મૅચ?**
ચેન્નઈ વિરુદ્ધ ગુજરાત
ચેન્નઈમાં, બપોરે ૩.૩૦
***
લખનઊ વિરુદ્ધ કોલકાતા
લખનઊમાં, સાંજે ૭.૩૦

આઇપીએલમાં પહેલી જ વખત મૅચ રમાઈ અને રાજસ્થાનને હૈદરાબાદ સામેની મૅચમાં પ્રથમ બૅટિંગનો મોકો મળ્યો હતો. હૈદરાબાદના કમબૅક કૅપ્ટન પૅટ કમિન્સે ટૉસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરી હતી. તેની ગેરહાજરીમાં સુકાન સંભાળનાર ઇશાન કિશન સાતેય મૅચમાં ટૉસ હાર્યો હતો, પણ કમિન્સે આવતાવેંત ટૉસ જીતી લીધો. ૧૩મી એપ્રિલે હૈદરાબાદે રાજસ્થાનને આ વખતના પ્રથમ મુકાબલામાં ૫૭ રનથી હરાવ્યું હતું અને શનિવારે વધુ એક વિજય મેળવ્યો. એ મૅચમાં ઇશાન કિશને ૯૧ રન કર્યા હતા તેમ જ પછીથી હૈદરાબાદના પ્રફુલ્લ હિન્ગે અને સાકિબ હુસૈને ચાર-ચાર વિકેટ લીધી હતી. શનિવારે પણ કિશને ૭૪ રનની કમાલ બતાડી.

### વૈભવે ચાર બૉલમાં ફટકાર્યા ચાર છગ્ગા

જયપુરમાં હૈદરાબાદે બૅટિંગ આપ્યા બાદ રાજસ્થાને આતશબાજી શરૂ કરી દીધી હતી અને ચાર ઓવરમાં એક વિકેટે ૪૭ રન કર્યા હતા. ખૂબીની વાત એ છે કે ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીએ ફરી અસલ રૂપ બતાવ્યું હતું. તેણે પેસ બોલર પ્રફુલ્લ હિન્ગેની સૌપ્રથમ ઓવરમાં ચાર બૉલમાં ચાર સિક્સર ફટકારી દીધી હતી. ફુલ્લી ફિટ થઈને આ વખતે પહેલી વખત રમવા આવેલા ઑસ્ટ્રેલિયાના પૅટ કમિન્સે પણ વૈભવે નહોતો છોડ્યો. તેની ઓવરના છઠ્ઠા બૉલમાં વૈભવે સિક્સર ફટકારી હતી. વૈભવને તેના ૩૨મા રને અનિકેતના હાથે જીવતદાન મળ્યું હતું અને બૉલ બાઉન્ડરી લાઇનની બહાર જતો રહ્યો હતો. ■

# પંજાબને અપરાજિત રાખવા બદલ સૌને પ્રીટિ ઝિન્ટાની શાબાશી







રાજધાની દિલ્હીમાં ગઈ કાલે દિલ્હી કૅપિટલ્સને હાઈ-સ્કોરિંગ મુકાબલામાં સાત બૉલ બાકી રાખીને છ વિકેટના માર્જિનથી હરાવીને પંજાબે ૧૩ પૉઇન્ટ સાથે મોખરે સ્થાન જાળવ્યું એ બદલ ટીમની માલિક પ્રીટિ ઝિન્ટા ખેલાડીઓ પર બેહદ ખુશ હતી. ઓપનર પ્રિયાંશ આર્ય (એકદમ ઉપર)એ ૪૩ રન કરીને પ્રભસિમરન સિંહ સાથે ૧૨૬ રનની ઓપનિંગ ભાગીદારી કરીને જીતનો પાયો નાખ્યો હતો. પ્રીટિએ પ્રિયાંશ સાથે સેલ્ફી લીધી હતી. આઇપીએલના ઇતિહાસમાં સૌથી વધુ ૨૨૫ વિકેટ લેનાર યુઝવેન્દ્ર ચહલને ગઈ કાલે ૪૨ રનમાં વિકેટ નહોતી મળી, પરંતુ મૅચ પછી ખુશખુશાલ પ્રીટિ તેને પણ ભેટી હતી (ડાબે, ઉપરથી બીજી તસવીર). સાત છગ્ગા અને ત્રણ ચોગ્ગા સાથે અણનમ ૭૧ રન કરનાર કૅપ્ટન શ્રેયસ ઐયરને પ્રીટિએ વિશેષ અભિનંદન આપ્યા હતા. (પીટીઆઇ)


### આખા દિવસમાં કુલ ૫૯ છગ્ગા અને ૯૬ ચોગ્ગા

શનિવાર આઇપીએલમાં જે બે મૅચ (ડબલ હેડર) એમાં કુલ મળીને ૫૯ છગ્ગા ફટકારવામાં આવ્યા હતા. એટલું જ નહીં, કુલ ૯૬ ચોગ્ગાનો પણ વરસાદ થયો હતો અને દિલ્હી તેમ જ જયપુરના સ્ટેડિયમમાં હજારો પ્રેક્ષકોએ તેમ જ ટીવી પર કરોડો ક્રિકેટપ્રેમીઓએ મોજ માણી હતી.

# ઍન્ગિડીની હાલત 'સ્થિર': માથાની ઈજા ગંભીર નથી

**▶ દિલ્હી કૅપિટલ્સ બોલિંગ નબળી પડતાં હાર્યુંઃ ઍન્ગિડીને માથામાં ઈજા થતાં મેદાન પર ઍમ્બ્યૂલન્સ બોલાવવામાં આવી અને તાબડતોબ હૉસ્પિટલમાં લઈ જવાયો**

નવી દિલ્હીઃ અહીં અરુણ જેટલી સ્ટેડિયમના મેદાન પર શનિવારે પંજાબ કિંગ્સ સામેની મૅચમાં દિલ્હી કૅપિટલ્સના સાઉથ આફ્રિકન પેસ બોલર લુન્ગી ઍન્ગિડીને કૅચ ઝીલતી વખતે માથામાં ગંભીર ઈજા થતાં મેદાન પર ઍમ્બ્યૂલન્સ બોલાવીને તેને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો ત્યાર બાદ રાત્રે અહેવાલ મળ્યા હતા કે ઍન્ગિડીની હાલત સ્થિર છે અને તેને વહેલાસર હૉસ્પિટલમાંથી રજા આપી દેવાની તૈયારીઓ થઈ હતી. તેનો સીટી સ્કૅનનો રિપોર્ટ નૉર્મલ આવ્યો હતો અને ન્યૂરોસર્જનની દેખરેખમાં તેની સારવાર ચાલી રહી હતી. દિલ્હીના બોલિંગ-પાવરમાંથી ઍન્ગિડીની બાદબાકી થતાં પંજાબ માટે વિજય થોડો આસાન થઈ ગયો હતો. પંજાબે ૨૬૫ રનના વિક્રમજનક સ્કોર








સાથે ટી-૨૦માં સફળ રન-ચેઝનો નવો વર્લ્ડ રેકૉર્ડ નોંધાવ્યો હતો.

૨૬૫ રનના લક્ષ્યાંકનો સામનો કરનાર પંજાબની ટીમના ઓપનર પ્રિયાંશ આર્યએ દિલ્હીના સુકાની અક્ષર પટેલના બૉલમાં શૉટ માર્યો ત્યારે ઍન્ગિડીએ કૅચ ઝીલવાનો પ્રયાસ કર્યો હતો. જોકે બૉલની દિશા બરાબર સમજી ન શકનાર ઍન્ગિડી કૅચ નહોતો ઝીલી શક્યો, પરંતુ ઊંધે માથે નીચે પટકાયો હતો અને માથાના પાછળના ભાગમાં તેને સિરિયસ ઇજા થઈ હતી. તરત જ ફિઝિયોથેરપિસ્ટ તેમ જ મેડિકલ ટીમના મેમ્બર્સ મેદાન પર દોડી આવ્યા હતા અને ઍન્ગિડીને પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેઓ તેને હૉસ્પિટલમાં લઈ ગયા હતા. તેને દિલ્હીની બીએલકે-મૅક્સ સુપર સ્પેશ્યાલિટી હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. તેણે માથાના તથા ગરદનના દુખાવાની ફરિયાદ કરી હતી.

ઍન્ગિડીને ઈજા થઈ ત્યારે ત્રીજી ઓવરમાં પંજાબનો સ્કોર ૦/૪૩ હતો. ધમાકેદાર ઓપનિંગ કરનાર ઇન્ફૉર્મ બૅટ્સમૅન પ્રિયાંશ આર્ય ૧૯ રને અને પ્રભસિમરન સિંહ ૨૧ રને રમી રહ્યો હતો.

ઍન્ગિડીને આ વખતે હજી એક પણ ઓવર નહોતી અપાઈ. પંજાબનો દાવ શરૂ થતાં દિલ્હીએ બે પેસ બોલર આકિબ નબી અને મુકેશ કુમાર સાથે શરૂઆત કરી હતી. આ વખતે છ મૅચમાં કુલ સાત વિકેટ લીધી છે. દિલ્હીના ફ્રેન્ચાઇઝીએ તેને બે કરોડ રૂપિયામાં ખરીદ્યો છે.

એ પહેલાં, દિલ્હીએ કે. એલ. રાહુલે (૧૫૨ અણનમ, ૬૭ બૉલ, નવ સિક્સર, સોળ ફોર) તથા નીતીશ રાણા (૯૧ રન, ૪૪ બૉલ, ચાર સિક્સર, અગિયાર ફોર) વચ્ચેની ૨૨૦ રનની વિક્રમજનક ભાગીદારીની મદદથી ૨૦ ઓવરમાં ૨૬૪ રન કરીને પંજાબને ૨૬૫ રનનો મુશ્કેલ લક્ષ્યાંક આપ્યો હતો. પંજાબે પહેલી ત્રણ ઓવરમાં ૬૩ રન કર્યા હતા. ■

# અલ્કરાઝને ઈજા નડી, સતત ત્રીજા ફ્રેન્ચ ઓપન ટાઇટલ માટે નહીં રમે

મૅડ્રિડઃ સ્પેનનો કાર્લોસ અલ્કરાઝ છેલ્લાં બે વર્ષથી ફ્રેન્ચ ઓપન ટેનિસનું સિંગલ્સનું ટાઇટલ જીતી રહ્યો છે, પણ જમણા કાંડાની ઈજાને કારણે તે આ વખતની ફ્રેન્ચ ઓપનમાં નહીં રમે એટલે સંભવિત ત્રીજા ટાઇટલથી વંચિત રહી જશે. અલ્કરાઝ તાજેતરમાં જ વર્લ્ડ સ્પોર્ટ્સમૅન ઑફ ધ યરનો પુરસ્કાર જીત્યો હતો. તેણે આ વર્ષની ધમાકેદાર શરૂઆત કરી હતી જેમાં તેણે ઑસ્ટ્રેલિયન ઓપનની ફાઇનલમાં નોવાક જૉકોવિચને ફાઇનલમાં હરાવ્યો હતો અને એ સાથે અલ્કરાઝ બાવીસ વર્ષની સૌથી નાની ઉંમરે ટેનિસના ચારેય ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતનાર ખેલાડી બન્યો હતો. અલ્કરાઝ ફ્રેન્ચ ઓપનના બે ટાઇટલ સહિત કુલ સાત ગ્રૅન્ડ સ્લૅમ ખિતાબ જીતી ચૂક્યો છે. ■

# રાષ્ટ્રીય રમતોત્સવની ચૅમ્પિયન પર ડ્રગ્સ બદલ બે વર્ષનો પ્રતિબંધ



નવી દિલ્હીઃ ૨૦૨૬ના વર્ષની શરૂઆતમાં દેહરાદૂનના રાષ્ટ્રીય રમતોત્સવમાં ગોળાફેંકની હરીફાઈમાં ગોલ્ડ મેડલ જીતનાર ૨૩ વર્ષની જસ્મિન કૌરે પ્રતિબંધિત કેફીદ્રવ્યનું સેવન કર્યું હોવાનો રિપોર્ટ આવતાં તેના પર નૅશનલ ઍન્ટિ-ડોપિંગ એજન્સી (નાડા)એ બે વર્ષનો પ્રતિબંધ મૂક્યો છે. બાસ્કેટબૉલ ખેલાડી અમ્રિતપાલ સિંહ પર આઠ વર્ષનો બૅન મૂકવામાં આવ્યો છે. અમ્રિતપાલ ઑસ્ટ્રેલિયાની નૅશનલ બાસ્કેટબૉલ લીગમાં પણ રમી ચૂક્યો છે. ટર્બ્યૂટલાઇન નામનું દ્રવ્ય સામાન્ય રીતે કફ સિરપમાં હોય છે અને જસ્મિનના રિપોર્ટમાં આ દ્રવ્ય હોવાનું જણાતાં તેની સામે પગલું ભરાયું છે. તે નૅશનલ ગેમ્સમાં લોખંડનો ગોળો ૧૫.૯૭ મીટર દૂર ફેંકીને તેના વર્ગમાં સુવર્ણ ચંદ્રક જીતી હતી. ■

પહેલા પાનાનું ચાલુ

### રન-રમખાણ

સિંહે એક તબક્કે ઓવરના તમામ છ બૉલમાં છ ફોર ફટકારી હતી. છઠ્ઠી ઓવર પેસ બોલર મુકેશ કુમારને અપાઈ હતી અને પ્રભસિમરને તેની ઓવરના દરેક બૉલમાં ચોગ્ગો ફટકાર્યો હતો. તેની ઓવરમાં ૨૪ રન બન્યા હતા. પ્રભસિમરન ૪૭ રનના સ્કોર પરથી ૭૧ રન પર પહોંચી ગયો હતો. જોકે પ્રભસિમરન (૭૬ રન, ૨૬ બૉલ, પાંચ સિક્સર, નવ ફોર) આઠમી ઓવરમાં આઉટ થયો હતો. કુલદીપ યાદવે એલબીડબ્લ્યૂમાં તેની વિકેટ લીધી હતી.શ્રેયસને મળેલા જીવતદાન દિલ્હીને ભારે પડ્યા. પંજાબના કૅપ્ટન શ્રેયસ ઐયર (૭૧ અણનમ, ૩૬ બૉલ, સાત સિક્સર, ત્રણ ફોર)ને કુલ બે જીવતદાન મળ્યા હતા જેમાંથી એક જીવતદાન તેને મૅચની અંતિમ પળોમાં દિલ્હીના કરુણ નાયરના હાથે મળ્યું હતું જે દિલ્હીને છેવટે ભારે પડ્યું.

### કુલદીપની એક ઓવરમાં ૨૩ રન બન્યા

દિલ્હીના સ્પિનર કુલદીપ યાદવે બે વિકેટ લીધી હતી, પરંતુ તેની પહેલી ત્રણ ઓવરમાં માત્ર ૨૩ રન બન્યા બાદ તેની ચોથી ઓવરમાં ૨૩ રન બનતાં પંજાબે મૅચ પરની પકડ મજબૂત બનાવી લીધી હતી.

### બપોરે દિલ્હીએ પંજાબનો વિક્રમ તોડેલો

આ વખતની એકમાત્ર અપરાજિત ટીમ પંજાબ કિંગ્સ સામે દિલ્હી કૅપિટલ્સે અને એના ઓપનિંગ બૅટ્સમૅન કે. એલ. રાહુલે (૧૫૨ અણનમ) એક પછી એક વિક્રમ રચીને શ્રેયસ ઐયરની ટીમ માટે જીતવું મુશ્કેલ બનાવી દીધું હતું. જોકે પંજાબ છેલ્લે જીતીને રહ્યું. દિલ્હીએ પંજાબ સામે એનો જ આ વખતનો હાઇએસ્ટ ટીમ-ટોટલનો વિક્રમ (લખનઊ સામે ૭/૨૫૪) તોડી નાખ્યો હતો. રાહુલ આ વખતનો હાઇએસ્ટ સ્કોરર બન્યો અને રાહુલ-રાણા વચ્ચેની ૨૨૦ રનની ભાગીદારીએ નવો વિક્રમ સ્થાપ્યો હતો. તેમણે પંજાબના તમામ છ બોલરની બોલિંગની ધુલાઈ કરીને આ ૨૨૦ રન ફક્ત ૯૬ બૉલમાં કર્યા હતા. રાહુલ આઇપીએલના ઇતિહાસનો ક્રિસ ગેઇલનો હાઇએસ્ટ (અણનમ) ૧૭૫ રનનો વિક્રમ ચૂકી ગયો હતો. જોકે તેના અણનમ ૧૫૨ રન હાઇએસ્ટ સ્કોર્સમાં ગેઇલ (અણનમ ૧૭૫) અને બ્રેન્ડન મૅક્લમ (અણનમ ૧૫૬) પછી ત્રીજા નંબરે છે. આઇપીએલના ઇતિહાસમાં હાઇએસ્ટ ટીમ-ટોટલ હૈદરાબાદ (બેંગ્લૂરુ સામે ૩/૨૮૭)ના નામે છે.

### રાહુલ-રાણાની ૨૨૦ની ભાગીદારી

રાહુલ અને નવ રન માટે સદી ચૂકી જનાર નીતીશ રાણા (૯૧ રન, ૪૪ બૉલ, ચાર સિક્સર, અગિયાર ફોર)ની રાઇટી-લેફ્ટી કૉમ્બિનેશન વચ્ચે બીજી વિકેટ માટે ૨૨૦ રનની જે પાર્ટનરશિપ થઈ એ આઇપીએલમાં દિલ્હીની સૌથી મોટી ભાગીદારી છે. તેમણે નમન ઓઝા અને ડેવિડ વૉર્નર વચ્ચેની ૧૮૯ રનની પાર્ટનરશિપનો વિક્રમ તોડી નાખ્યો છે. જોકે તેમની એ પાર્ટનરશિપ મૅચ-વિનિંગ ન નીવડી. પંજાબના માત્ર અર્શદીપ સિંહ અને ઝેવિયર બાર્ટલેટને એક-એક વિકેટ મળી હતી. છમાંથી પાંચ બોલરની બોલિંગમાં ૪૦થી વધુ રન બન્યા હતા અને બાર્ટલેટ (૪-૦-૬૯-૧) સૌથી ખર્ચાળ સાબિત થયો હતો.

### દિલ્હીના ૨૬૪માંથી રાહુલના ૧૫૨ રન

દિલ્હીના ૨૬૪ રનમાંથી ૧૫૨ રન (૫૭ ટકા જેટલા રન) રાહુલના હતા. તે ફક્ત ચાર રન માટે બ્રેન્ડન મૅક્લમની અણનમ ૧૫૬ રનની સિદ્ધિની બરાબરી કરવાનું ચૂકી ગયો હતો. રાહુલે ૨૨૬.૮૬ના તોતિંગ સ્ટ્રાઇક-રેટથી રન કર્યા હતા. તેણે ખાસ કરીને ઇનિંગ્સના પાછલા અડધા ભાગમાં મેદાન પર ચારેકોર બૉલને બાઉન્ડરી લાઇનની બહાર મોકલ્યો હતો. ઓપનર પથુમ નિસાન્કા ૧૧ રન કરીને ૨૮ રનના ટીમ-ટોટલ પર આઉટ થયો ત્યાર પછી રાહુલ-રાણાની જોડીએ ટીમનો સ્કોર ૨૪૮ રન સુધી પહોંચાડ્યો અને છેક ત્યારે (૧૯મી ઓવરમાં) રાણાએ વિકેટ ગુમાવી હતી. તેને ઝેવિયર બાર્ટલેટે મિડ-ઑફ પર કૅપ્ટન શ્રેયસના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. છેલ્લે રાહુલ સાથે ડેવિડ મિલર ત્રણ રને અણનમ રહ્યો હતો. ■

# રાહુલના રેકૉર્ડ-બ્રેક રન છતાં દિલ્હી હાર્યું

નવી દિલ્હીઃ પંજાબ સામે શનિવારે દિલ્હીના વિકેટકીપર-બૅટ્સમૅન કે. એલ. રાહુલે (૧૫૨ અણનમ, ૬૭ બૉલ, ૧૧૨ મિનિટ, નવ સિક્સર, સોળ ફોર) જે સદી ફટકારી એ કમનસીબે મૅચ-વિનિંગ તો સાબિત ન થઈ, પણ તેને આ ૧૫૨ રને રેકૉર્ડ-બુકમાં જરૂર લાવી દીધો હતો. આઇપીએલમાં ભારતના કોઈ ખેલાડીએ ૧૫૦ રન કે એનાથી વધુ રન કર્યા હોય એવો પહેલો જ કિસ્સો બન્યો. જોકે રાહુલની લગભગ બે કલાકની ઇનિંગ્સની એળે ગઈ હતી, કારણકે પંજાબે ૨૬૫ રનનો વિક્રમજનક ચેઝ હાંસલ કરી લેતાં દિલ્હીએ હાર જોવી પડી હતી.

રાહુલને ૧૨ રન પર શશાંક સિંહના હાથે તેમ જ મૅચની અંતિમ પળોમાં કરુણ નાયરના હાથે જીવતદાન મળ્યું હતું.

રાહુલના અણનમ ૧૫૨ રન આઇપીએલના ઇતિહાસમાં બેંગ્લૂરુના ક્રિસ ગેઇલના અણનમ ૧૭૫ રન



દિલ્હીનો કૅપ્ટન અક્ષર અને પંજાબનો ઐયર

(૨૦૧૩માં પુણે વૉરિયર્સ સામે) અને કોલકાતાના બ્રેન્ડન મૅક્લમના અણનમ ૧૫૮ રન (૨૦૦૮માં બેંગ્લૂરુ સામે) પછી ત્રીજા નંબરે છે.

રાહુલ ૨૮,૦૦૦ પ્રેક્ષકો વચ્ચે પૂરી ૨૦ ઓવર રમ્યો હતો અને ૪૭ બૉલમાં પોતાની ફાસ્ટેસ્ટ સેન્ચુરી નોંધાવી હતી. શુક્રવારે જેમ ગુજરાતના સાઇ સુદર્શન (૧૦૦ રન)ની સદી બાદ બેંગ્લૂરુએ વિજય મેળવી લેતાં સુદર્શનની સેન્ચુરી પાણીમાં ગઈ હતી. ■

# ભારતના પ્રથમ ઑલિમ્પિક હૉકી બ્રૉન્ઝ વિજેતા ટીમના ખેલાડી ગુરબક્ષ સિંહનું નિધન

ચંડીગઢઃ ભારતના ઑલિમ્પિક હૉકી-મેડલિસ્ટ ખેલાડી ગુરબક્ષ સિંહ ગ્રેવાલનું અહીં નજીકના ઝિરાકપુરમાં શુક્રવારે હાર્ટ અટૅકથી અવસાન થયું હતું. તેઓ ૮૪ વર્ષના હતા. ૧૯૬૮માં ભારત ઑલિમ્પિક્સમાં પહેલી વખત હૉકીનો બ્રૉન્ઝ મેડલ જીત્યું હતું અને ગુરબક્ષ સિંહ એ વિજેતા ટીમમાં હતા.

યોગાનુયોગ, ગુરબક્ષ ત્યારે ભારતની જે ઑલિમ્પિક ટીમમાં હતા એ જ ટીમમાં તેમના ભાઈ બલબીર સિંહ ગ્રેવાલ પણ હતા.

ગુરબક્ષ સિંહે ખેલાડી તરીકેની કારકિર્દી બાદ પશ્ચિમ રેલવેમાં સિનિયર સ્પોર્ટ્સ ઑફિસર તરીકે નોકરી કરી હતી. ■

# હરભજને જાહેરખબરમાં 'થપ્પડ' શબ્દ વાપર્યો એટલે શ્રીસાન્તનો પિત્તો ગયોઃ જાણો ઇન્ટરવ્યૂમાં શું કહ્યું...

નવી દિલ્હીઃ ભારતનો ભૂતપૂર્વ ઑલરાઉન્ડર અને આઇપીએલમાં મુંબઈ, ચેન્નઈ તથા કોલકાતા વતી રમી ચૂકેલો હરભજન સિંહ શુક્રવારથી રાજકીય કારણસર ચર્ચામાં છે, પણ તેણે તાજેતરમાં જે એક જાહેરખબરમાં બૂમ પાડીને જે વિધાન કહ્યું હતું એ પણ અત્યારે ખૂબ ચર્ચામાં છે અને એ વિધાન ચગી જતાં એસ. શ્રીસાન્તે પણ આ વિષયમાં ઝંપલાવવાનો મોકો નથી છોડ્યો.

### હરભજન શું બોલ્યો?

હરભજન સિંહ બીજા કેટલાક સાંસદો સાથે મળીને આમ આદમી પાર્ટી (આપ) છોડીને ભાજપમાં જોડાઈ ગયો છે. ભારતના આ ભૂતપૂર્વ ઑફ-સ્પિનરને તાજેતરમાં એક ઍડમાં ભજ્જીને ઇલેક્ટ્રોનિક્સની કેટલીક ચીજોને ફટકારીને એને એની જગ્યાએ ફિક્સ કરવાનો પ્રયત્ન કરી રહેલા કેટલાક લોકોને બૂમ પાડીને એવું કહેતો બતાવવામાં આવ્યો છે કે 'સહી સે થપ્પડ લગાઓ, સબ ઠીક હો જાતા હૈ.'

### ૨૦૦૮માં શું બનેલું?

ભજ્જીના મોઢે 'થપ્પડ' શબ્દ સાંભળવામાં આવે એટલે ૧૮ વર્ષ પહેલાંનો શ્રીસાન્ત સાથેનો તેનો 'સ્લૅપગેટ' કિસ્સો તરત ચર્ચામાં આવી જતો હોય છે અને આ વખતે પણ એવું બન્યું છે. ૨૦૦૮ની પ્રથમ આઇપીએલમાં કિંગ્સ ઇલેવન પંજાબના બોલર શ્રીસાન્તે મુંબઈ ઇન્ડિયન્સના હરભજન સિંહ વિશે કંઈક ટિપ્પણી કરી હતી જેને પગલે હરભજને તેને તમાચો મારી દીધો હતો. હરભજન સિંહે માફી માગી હતી, પણ તેને એ સીઝનની બહાર કરવામાં આવ્યો હતો.

### શ્રીસાન્તનો આક્ષેપ

ગયા વર્ષે આઇપીએલના ભૂતપૂર્વ કમિશનર લલિત મોદીએ ભજ્જી-શ્રીસાન્તના થપ્પડવાળા કિસ્સાનો વીડિયો વાઇરલ કર્યો એટલે એ ઘટના સોશ્યલ મીડિયામાં ફરી ચગી હતી. જોકે કેટલાક અહેવાલો અનુસાર તાજેતરની ભજ્જીની ઍડમાં જે ટિપ્પણી છે એ વિશે પુછાતાં શ્રીસાન્તે આક્ષેપ કરતા કહ્યું છે કે તે (ભજ્જી) ૨૦૦૮ની ઘટના પર કમાણી



કરી રહ્યો છે.

### શ્રીસાન્તે શું પ્રતિક્રિયા આપી?

ઇન્સ્ટાગ્રામ પર હરભજનને બ્લૉક કરી દેનાર શ્રીસાન્તે એક જાણીતા મલયાલમ અખબારના પત્રકારને કહ્યું, 'હું ભજ્જી વિશે ક્યારેય કોઈ ઇન્ટરવ્યૂમાં ૨૦૦૮ની એ ઘટના બાબતમાં બોલ્યો નથી. આ વખતે પહેલી જ વાર બોલું છું. અત્યાર સુધી કોઈ પ્રૉબ્લેમ નહોતો, પણ તાજેતરમાં તેણે ફરી એક વખત ઍડ બનાવી છે. એના દ્વારા તેણે ૮૦ લાખથી એક કરોડ રૂપિયા બનાવ્યા અને પછી એના પર સ્ટોરી મૂકવાનું મને કહ્યું. મેં તેને કહ્યું કે હું કોઈ પણ વ્યક્તિને માફ કરી શકું, પણ તેને ક્યારેય (મારી સાથે ખોટું કરનારને) ભૂલું નહીં.'

શ્રીસાન્તે આ જ સંબંધમાં વધુમાં કહ્યું, 'મને મારા માતા-પિતાએ શીખવ્યું છે કે કોઈને માફ કરી દેવો, પણ તેણે જે કર્યું હોય એ બદલ તેને ભૂલવો તો નહીં જ. જો ભૂલી જવામાં આવે તો એ વ્યક્તિ એવું ફરી કરતી હોય છે. તે (ભજ્જી) એનું સૌથી મોટું ઉદાહરણ છે. એમાં કોઈ શંકા નથી. હું તેને ભાઈ કહીને બોલાવતો હતો, પણ હવે એ વ્યક્તિ સાથે મારે કોઈ સંબંધ નથી. તે અશ્વિન સાથેના ઇન્ટરવ્યૂ સહિત ઘણી મુલાકાતોમાં તે મારી દીકરી વિશે બોલી ચૂક્યો છે. ઘણા લોકો માટે તે (ભજ્જી) ગ્રેટ હશે, પણ મારી સાથે તેણે જે કર્યું છે એને હું ક્યારેય નહીં સ્વીકારું.' ■

## મુંબઈ સમાચાર ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

### ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે
૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# બીજા વિશ્વયુદ્ધની ધુરંધર

**ઓપિનિયન**

સી. એ. પ્રકાશ દેસાઈ

આજકાલ સર્વત્ર ચર્ચા ધુરંધર મુવીની થઇ રહી છે અને આમ જોઇએ તો ધુરંધર અને ધુરંધર રિવેન્જ એમ બન્ને ૪ કલાકના પિકચરની સ્ટોરીલાઇન માત્ર એક વાકયની જ છે કે કેવી રીતે દુશ્મન દેશમાં એક જાસૂસ ઘુસીને ત્યાં તબાહી મચાવી દે છે. આવી જ કંઇક ઘટના બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન થયેલી હતી.

બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન વૅજિનિયા હોલ નામની એક અમેરિકન મહિલા ફ્રાન્સમાં નોકરી કરતી હતી. બહુ પૈસાવાળા અને શિક્ષિત કુટુંબની. આ દિકરીનું સ્વપ્ન હતું. ભણીને અમેરિકન સરકારમાં એક ડિપ્લોમેટની જોબ કરવાનું પણ એકવાર તૂર્કીમાં પક્ષીનો શિકાર કરવામાં તેનો પગ લપસતા ડાબા પગમાં ઇન્જરી અને ત્યારબાદ ગેંગરીન થતા ગોઠણની નીચેનો ભાગ કાપી નાખવો પડયો અને ત્યાં લાકડાનો પગ લગાવવામાં આવ્યો. તે દિવસોમાં ડિપ્લોમેટની નોકરીમાં શારીરિક ખાંપણવાળા લોકોને નહીં રાખવામાં આવતા તેનું ડિપ્લોમેટની નોકરીનું સ્વપ્ન તૂટી ગયું હતું. આ સમય દરમ્યાન જર્મન નાઝીએ ફ્રાન્સને કેપ્ચર કરી લીધું હતું અને ફ્રાન્સ જર્મન નાઝીઓના કબ્જામાં હતું. આ સમયે અમેરિકા હજુ બીજા વિશ્વ યુદ્ધમાં દાખલ નહીં થયેલું હોય બ્રિટિશ સરકાર કે જે ફ્રાન્સને મદદ કરતી હતી, પણ નાઝીઓએ ફ્રાન્સ કેપ્ચર કરતા બ્રિટિશ સેના પાછી ફરી રહી હતી.

દ્વિતિય વિશ્વ યુદ્ધ દરમિયાન બ્રિટનમાં વિલ્સન ચર્ચીલ વડા પ્રધાન હતા અને ચર્ચીલે વિચાર્યું કે ફ્રાન્સમાં નાઝીઓના રાજમાં કામ કઢાવવા માટે એક મહિલા જાસૂસ ફોજાની ખાસ જરૂર છે. આ બાજુ વૅજિનિયા હોલને પણ ફ્રાન્સમાં કામ કરવું હતું, પણ અમેરિકા હજુ વોરમાં ૧૮ મહિના સુધી ભાગ લેવા નહીં ઉતરેલું તેથી હોલને તેના એક મિત્ર મારફત બ્રિટનમાં ચર્ચીલની જાસૂસી સંસ્થા 'બ્રિટિશ સ્પેશ્યલ ઓપરેશન એક્ઝિકયુટીવ' જે ટૂંકમાં એસઓઇના નામે વિખ્યાત થયેલ તેમાં એપ્રિલ ૧૯૪૧માં રિક્રુટ કરવામાં આવી અને ટ્રેનિંગ આપીને ઓગસ્ટ ૧૯૪૧માં ફરી ફ્રાન્સ બ્રિટિશ એસઓઇ તરીકે મોકલવામાં આવી.

ફ્રાન્સ જઇને હોલ એમ્બ્યુલન્સ ડ્રાયવરની જોબમાં ઘાયલ બ્રિટિશ સોલ્જરને બચાવવાનું અભિયાન ચલાવ્યું. અમેરિકન હોવાના કારણે નાઝીઓ તેને શંકાની નજરથી નહીં જોતા, પણ માનથી જોવાના કારણે હોલનું કામ બહુ આસાન થવા લાગ્યું.

બીજી બાજુ હોલએ નોટિસ કર્યું કે ઘરથી દૂર નાઝી સૈનિકો શરીર સુખ માણવા માટે ફ્રેન્ચ વેશ્યાઓની મુલાકાત લેતા હતા તો હોલએ આ વેશ્યાઓનો અડ્ડાના લીડરનો કોન્ટેક્ટ કર્યો અને જણાવ્યું કે જર્મનીની મિલિટરી સ્ટ્રેટેજીની માહિતી મેળવવી હોય તો આ એક ઉત્તમ સોર્સ છે અને તેમ નાઝીઓની વોરગેમની માહિતીઓ મેળવી અને ચર્ચીલને બ્રિટિશ વોર સ્ટ્રેટેજી ઘડવામાં ઉત્તમ માહિતીઓ આપી.

હોલએ વેશ્યાઓએ પાસેથી મળેલી માહિતીઓનો પૂરો ફાયદો ઉઠાવ્યો અને બ્રિટિશ પ્રિઝનર ઓફ વોરને હોરાફેરીમાં બચાવીને બ્રિટન મોકલ્યા, હથિયારોની હેરાફેરી કરીને બ્રિટિશ સૈનિકોને હથિયાર પ્રદાન કરાવ્યા, ફ્રાન્સમાં લ્યોન હોલનું કામકાજ કરવા માટે હેડકવાર્ટર હતું. અમેરિકન એમ્બેસી ઓફિસે હોલને અમેરિકન ડિપ્લોમેટ બેચ વાપરવા આપી જેના કારણે તેને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે આસાની રહી.

કારણ કે ડિપ્લોમેટની બેગ ચેક કરવામાં નહોતી આવતી. ગેસ્ટાપો કે જે જર્મન સિક્રેટ પૉલીસ સર્વિસ ઓર્ગેનાઇઝેશન હતું તેની નજરોથી બચીને એસઇઓ હોલ માટે જાસૂસી કામ કરવું એક મોટી ચેલેન્જ હતી, પણ તેનું અમેરિકન ઓરિજીન હોવું એક આશીર્વાદ સમાન હતું. કારણ કે અમેરિકા યુદ્ધમાં નહી ઉતરવાના કારણે હોલ ઉપર શંકા કરવાનું કારણ નહોતું અને જયારે અમેરિકા યુદ્ધમાં ઊતર્યું ત્યારે સીઆઇએના 'ઓફિસ ઓફ સ્ટ્રેટેજીક સર્વિસિસ' કે જે ટૂંકા નામ ઓએસએસના નામે વિખ્યાત હતું તેને રિપ્રેઝન્ટ કરીને પણ જાસૂસી કરેલ હતી અને તે લિમ્પિંગ લેડીના નામથી જાસૂસી દુનિયામાં ઓળખાતી હતી. હોલએ તેના આર્ટિફિશિયલ લાકડાના પગને નામ આપેલું હતું 'કથબર્ટ' એક વાર જયારે તેના આ લાકડાના પગની તકલીફના કારણે જાસૂસી કામમાં ઢીલ થઇ રહી હતી ત્યારે ચર્ચીલની ઓફિસે ઢીલ થવાનું કારણ પૂછયું તો હોલએ કહ્યું કે કથબર્ટ બહુ તકલીફ આપે છે તો ચર્ચીલે કહ્યું કે કર્થબર્ટને ઉડાડી દો! પણ ચર્ચીલને કયાં ખબર હતી કે કથબર્ટના કારણે જ હોલ આટલું કામ કરી શકે છે.

આમ બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન ફ્રાન્સને નાઝીઓના કબ્જામાંથી આઝાદ કરાવવામાં બ્રિટિશ સીઇઓ તરીકે હોલએ ઉલ્લેખનીય કાર્ય કરેલું હતું અને તે બદલ તેને 'ડીસ્ટીંગ્યુસ સર્વિસ ક્રોસ' નામના મિલિટરીમાં નંબર બે પદે આવેલા ઉચ્ચ એવોર્ડથી નવાજવામાં આવેલા અને હોલ એ એક માત્ર મહિલા છે જેને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે બાકી બધા એવોર્ડ વિનર્સ પુરુષો છે.

૨૦૧૯માં 'અ વુમન ઓફ નો ઇમ્પોર્ટન્સ : ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ વૅજિનિયા હોલ- વર્લ્ડવોર ૨ મોસ્ટ ડેન્જરસ સ્પાઇ નામની બુક બહાર પડેલ છે.' વૅજિનિયા હોલની સ્ટોરીથી ઇન્સ્પાયર્ડ એક મુવી 'અ કોલ ટુ સ્પાઇ' પણ બનેલ છે જેમાં યુદ્ધ દરમિયાન વુમન સ્પાઇના રોલને બહુ સરસ રીતે દર્શાવવામાં આવેલ છે.

બીજુ વિશ્વ યુદ્ધ પુરું થયા બાદ વૅજિનિયા હોલ અમેરિકા પાછી ફરી અને અમેરિકન જાસૂસી સંસ્થા સીઆઇએ જોઇન કરીને સેવાઓ આપી અને ૬૦ વર્ષની વયે નિવૃત્તિ લીધી. આમ બીજા વિશ્વ યુદ્ધની ધુરંધર વર્જિનિયા હોલ હતી જેણે સાબિત કર્યું કે નસીબમાં શારીરિક અપંગતા આવી જાય તો પણ વ્યક્તિ તેના મજબૂત ઇરાદાથી સ્વપ્ન સાકાર કરી શકે છે.

### પ્રતિકૂળ હવામાનની માઠી અસર

# વર્ષ ૨૦૨૫-૨૬માં ઘઉંનું ઉત્પાદન ૧૧થી ૧૨ કરોડ ટન રહેવાની શક્યતા

નવી દિલ્હીઃ વર્તમાન રવી મોસમમાં ઘઉંના મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં કમોસમી વરસાદ અને કરાં પડવાને કારણે વર્ષ ૨૦૨૫-૨૬ની મોસમમાં ઘઉંનું ઉત્પાદન ૧૧થી ૧૨ કરોડ ટન આસપાસ રહેવાની શક્યતા ખાદ્ય સચિવ સંજીવ ચોપ્રાએ વ્યક્ત કરી હતી.

નોંધનીય બાબત એ છે કે રોલર ફ્લોર મિલર્સ ફેડરેશન ઑફ ઈન્ડિયાએ વર્ષ ૨૦૨૫-૨૬ની મોસમ માટે ઘઉંના ઉત્પાદનનો અંદાજ આગલી મોસમના ૧૦.૯૬૩ કરોડ ટનના ઉત્પાદન સામે વધીને ૧૧.૦૬૫ કરોડ ટનનો મૂક્યો છે.

જોકે, આ અંદાજમાં હવામાનની માઠી અસરને ધ્યાનમાં લઈને મૂકવામાં આવ્યો છે.

અગાઉ કૃષિ મંત્રાલયે પ્રતિકૂળ હવામાનની સ્થિતિ પૂર્વે વર્તમાન મોસમ માટે ઘઉંના ઉત્પાદનનો અંદાજ ગત સાલના ૧૧.૭૯૪ કરોડ ટન સામે ૧૨.૦૨૧ કરોડ રહેવાનો અંદાજ મૂક્યો હતો, જ્યારે ફેડરેશને અગાઉ ૧૨ કરોડ ટનના ઉત્પાદનનો અંદાજ મૂક્યા બાદ પ્રતિકૂળ હવામાનને ધ્યાનમાં લઈને ૧૧ કરોડ ટનનો અંદાજ મૂક્યો છે. તેમ છતાં વાસ્તવિક ઉત્પાદન ૧૧થી ૧૨ કરોડ ટન વચ્ચે રહેવાની શક્યતા ચોપ્રાએ વ્યક્ત કરી હતી.

અત્યાર સુધીમાં ઘઉંની સરકારી પ્રાપ્તિ ૧.૬૪ કરોડ ટનની થઈ છે અને સરકારે પ્રાપ્તિનો અંદાજ જે અગાઉ ત્રણ કરોડ ટનનો મૂક્યો હતો તે વધારીને ૩.૪૫ કરોડ ટનનો મૂક્યો છે. ખાસ કરીને મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, બિહાર અને ઉત્તરાખંડમાંથી એકમાત્ર ઉત્તરાખંડને બાદ કરતાં અન્ય ચાર રાજ્યોમાં પ્રાપ્તિના ધોરણો હળવા કરવામાં આવ્યા હોવાથી પ્રાપ્તિનો અંદાજ વધારવામાં આવ્યો હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે સરકારે ૫૦ લાખ ટન ઘઉં અને ૧૦ લાખ ટન ઘઉંના ઉત્પાદનોની નિકાસને મંજૂરી આપી છે. જોકે, હાલ ભાવ પેરિટીમાં ન હોવાને કારણે શિપમેન્ટોની ગતિ મંદ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

વધુમાં તેમણે નિર્દેશ આપ્યો હતો કે સરકાર ઘઉં માટેની નવી ઓપન માર્કેટ સેલની નીતિ આગામી બે મહિનામાં જાહેર કરશે અને મિલોને પુરવઠા માટે સ્કીમો પર દારોમદાર રાખવાને બદલે પ્રાપ્તિમાં વધુ સક્રિય થવાનો અનુરોધ કર્યો હતો.

# નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ટેક્સ્ટાઈલ, ગાર્મેન્ટની નિકાસમાં ૨.૨ ટકાનો ઘટાડો

નવી દિલ્હીઃ ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ખાસ કરીને રૂનાં શિપમેન્ટમાં ઘટાડો થવાથી દેશની ટેક્સ્ટાઈલ અને ગાર્મેન્ટ્સની નિકાસ ૨.૨ ટકા ઘટીને ૩૫.૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. તેમ જ રૂપિયાની દૃષ્ટિએ પણ નિકાસમાં ૨.૧ ટકાનો ઘટાડો થયો હોવાનું થિન્ક ટૅન્ક ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટીવ (જીટીઆરઆઈ)એ જણાવ્યું છે.

જીટીઆરઆઈ તરફથી પ્રાપ્ત થયેલ આંકડાકીય માહિતી અનુસાર ગત નાણાકીય વર્ષમાં કોટન ટેક્સ્ટાઈલની નિકાસમાં ૩.૯ ટકાનો, રેડીમેડ ગાર્મેન્ટ્સની નિકાસમાં ૧.૪ ટકાનો અને કાર્પેટની નિકાસમાં ૫.૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે અને માત્ર હેન્ડિક્રાફ્ટ્સની નિકાસ સાધારણ ૧.૫ ટકા વધુ રહી છે. તેમ જ ભારતીય રૂપિયાની સામે ડૉલરમાં મજબૂતાઈ મુખ્ય ચિંતાનો વિષય હોવાનું જીટીઆરઆઈએ ઉમેર્યું હતું.

જીટીઆરઆઈના સંસ્થાપક અજય શ્રીવાસત્વાએ જણાવ્યું હતું કે સ્થાનિક સ્તરે મૂલ્યની દૃષ્ટિએ ભારત વધુ નિકાસ કરી રહ્યું છે, પરંતુ વૈશ્વિક સ્તરે ડૉલરની દૃષ્ટિએ રળતર ઓછું રહે છે. તેમણે દૃષ્ટાંત આપતા જણાવ્યું હતું કે મેનમેડ ફાઈબર ટેક્સ્ટાઈલની નિકાસમાં ભારતીય રૂપિયાના મૂલ્યમાં ૩.૬ ટકાની વૃદ્ધિ થઈ છે, પરંતુ ડૉલરની તુલનામાં ૦.૮ ટકાનો ઘટાડો નોંધાયો છે. તે જ પ્રમાણે ગાર્મેન્ટ્સમાં ભારતીય રૂપિયાના મૂલ્યમાં ૨.૯ ટકાનો વધારો જોવા મળ્યો છે, પરંતુ ડૉલરની તુલનામાં ૧.૪ ટકાનો ઘટાડો થયો છે. આ સૂચવે છે કે રૂપિયાના મૂલ્યમાં દેખીતી વૃદ્ધિ પાછળ સ્પર્ધાત્મકતા નહીં, પણ ચલણનું અવમૂલ્યન છે. તેમણે ઉમેર્યું હતું કે વાસ્તવિક દૃષ્ટિએ ભારત બજારનો હિસ્સો ગુમાવી રહ્યું છે અથવા તો મુખ્ય વૈશ્વિક બજાર વિસ્તારવામાં અસફળ રહ્યું છે. આ એક મહત્ત્વનો નીતિગત્ પ્રશ્ન તરફ ધ્યાન દોરે છે કે શા માટે ચાલી રહેલા સુધારાઓ નિકાસ વૃદ્ધિમાં પરાવર્તિત નથી થતાં ? ઉત્પાદન સાથે જોડાયેલા પ્રોત્સાહનો, પરિવહનમાં સુધારા અને વેપાર માટેની સુવિધાઓની પહેલ છતાં ડેટા મહત્ત્વના સેગ્મેન્ટમાં સ્થિરતા અથવા તો ઘટાડો શા માટે જોવા મળે છે ? આથી સરકારે તાત્કાલિક ધોરણે અવરોધોની તપાસ કરવી આવશ્યક હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૨.૩૬૨ અબજ ડૉલરનો વધારો



નવી દિલ્હીઃ ગત ૧૭મી એપ્રિલના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૨.૩૬૨ અબજ ડૉલર વધીને ૭૦૩.૩૦૮ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે પણ અનામત ૩.૮૨૫ અબજ ડૉલરના વધારા સાથે ૭૦૦.૯૪૬ અબજ ડૉલરના સ્તરે રહી હતી.

નોંધનીય બાબત એ છે કે અગાઉ પશ્ચિમ એશિયાના ભૂરાજકીય વિવાદ પૂર્વે ૨૭મી ફેબ્રુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહે અનામત ૭૨૮.૪૯૪ અબજ ડૉલરની સર્વોચ્ચ સપાટીએ રહી હતી. જોકે, ત્યાર બાદ ૨૮મી ફેબ્રુઆરીથી યુદ્ધ વધુ ઉગ્ર બનવાની સાથે ક્રૂડતેલના ભાવ વધી આવતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા દ્વારા હાજર બજારમાં હસ્તક્ષેપ થવાથી અનામતમાં ઘટાડો થયો હતો.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૧.૪૮૧ અબજ ડૉલર વધીને ૫૫૭.૪૬૩ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્કયામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે સપ્તાહ દરમિયાન રૂપિયામાં થયેલી વધઘટને ધ્યાનમાં લેવામાં આવે છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૭૯ કરોડ ડૉલર વધીને ૧૨૨.૧૩૩ અબજ ડૉલરના સ્તરે, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૭.૮ કરોડ ડૉલર વધીને ૧૮.૮૪૧ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૧.૪ કરોડ ડૉલર વધીને ૪.૮૭ અબજ ડૉલરના સ્તરે રહી હોવાનું આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ



નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૫થી ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૨૦થી ૩૭૫૦માં થયાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે ખાસ કરીને સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. તેમ જ રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતા હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ અને માલની ગુણવત્તાનુસાર મિશ્ર વલણ રહ્યું હતું જેમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો અને ઉપલા મથાળેથી રૂ. ૧૪નો સુધારો જોવા મળ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી રહેતાં ઉપાડ અંદાજે ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૨થી ૩૯૨૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ તથા માલની ગુણવત્તાને અનુલક્ષીને ભાવમાં મિશ્ર વલણ રહ્યું હતું જેમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો અને ઉપલા મથાળેથી રૂ. ૧૪નો સુધારો રહેતાં વેપાર રૂ. ૩૯૬૨થી ૪૦૪૬માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો અને વેપાર અનુક્રમે રૂ. ૩૭૯૦થી ૩૮૩૦માં અને રૂ. ૩૮૮૦થી ૩૯૪૦માં થયા હતા.

# દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ



મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી અને બૅન્કો પણ બંધ રહી હોવાથી એકંદરે કામકાજો અત્યંત નિરસ રહ્યા હોવાથી હાજરમાં દેશી-આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું અને માત્ર રવાનગીનાં છૂટાછવાયાં કામકાજો થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૨૫ એપ્રિલ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસમાં ૧૫.૭ ટકાનો ઘટાડો નોંધાયો છે.

સ્થાનિકમાં આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૦૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના ૧૫મી મેથી ૧૫ જૂન ડિલિવરી શરતે રૂ. ૧૪૬૫ અને જૂન ડિલિવરી શરતે રૂ. ૧૪૭૫ અને નવભારતના આરબીડી પામોલિનના રૂ. ૧૪૨૭, ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો સદંતર અભાવ રહ્યો હતો. તેમ જ આજે રિફાઈનરોની પણ પાંખી હાજરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વધુમાં આજે ગુજરાતના ગોંડલ મથકે મગફળીની ૩૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૪૦૦થી ૧૫૦૦માં અને રાજકોટ મથકે ૧૭૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૪૦૦થી ૧૪૭૫માં થયા હતા. તેમ જ ગોંડલ મથકે ૧૦ કિલોદીઠ વૉશ્ડ કૉટનના વેપાર રૂ. ૧૪૨૦થી ૧૪૨૫માં, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫થી ૧૪૭૦માં અને સિંગતેલના રૂ. ૧૫૭૫માં થયા હતા. દરમિયાન આજે હાજરમાં પાંખાં કામકાજો વચ્ચે દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦, સિંગતેલના રૂ. ૧૬૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૧૦ અને સરસવના રૂ. ૧૪૮૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

# ટીન અને નિકલની આગેવાની હેઠળ ધાતુમાં સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઈરાનના વિદેશ પ્રધાન શાંતિ મંત્રણાના પ્રસ્તાવ સાથે ઈસ્લામાબાદ જશે એવા અહેવાલો વહેતા થતાં વૈશ્વિક બજારમાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડો અને ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી સાધારણ પીછેહઠ જોવા મળી હોવાના પ્રોત્સાહક અહેવાલ સથે વૈશ્વિક બજારમાં કોપર સહિતની અમુક ધાતુઓના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ મુખ્યત્વે નિકલ અને ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૪ અને રૂ. ૧૦ વધી આવ્યા હતા. તેમ જ તેની આગેવાની હેઠળ કોપર અને બ્રાસની અમુક વેરાઈટીઓ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી પાંચનો સુધારો આવ્યો હતો, જ્યાકે નિરસ માગે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં અનુક્રમે કિલોદીઠ રૂ. એક અને રૂ. બેનો ઘટાડો આવ્યો હતો તથા અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે નિકલ, ટીન અને બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૪ વધીને રૂ. ૧૮૦૭, રૂ. ૧૦ વધીને રૂ. ૪૯૦૦ અને રૂ. પાંચ વધીને રૂ. ૮૪૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૧૨૧૮, કોપર સ્ક્રેપ હેવી અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૧૨૦૭ અને રૂ. ૩૫૨ તથા કોપર આર્મિચર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૧૧૯૦ અને ૩૭૯ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે નિરસ માગે લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બેના ઘટાડા સાથે રૂ. ૨૦૦ના મથાળે અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૧૧૧૧ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૮૦ અને રૂ. ૩૦૦ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# આવકો વિલંબિત થતાં અત્યાર સુધીમાં ઘઉંની પ્રાપ્તિમાં ૧૧ ટકાનો ઘટાડો

નવી દિલ્હીઃ વર્તમાન રવી માર્કેટિંગ મોસમમાં ઘઉંની આવકો વિલંબિત થવાને કારણે અત્યાર સુધીમાં વિવિધ સરકારી એજન્સીઓ દ્વારા થતી ઘઉંની પ્રાપ્તિ ગત સાલના સમાનગાળાના ૧૬૭ લાખ ટન સામે ૧૧.૩૭ ટકાના ઘટાડા સાથે ૧૪૮ લાખ ટનની સપાટીએ રહી છે.

ફૂડ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા અને રાજ્ય સ્તરની એજન્સીઓ વર્તમાન રવી મોસમ (માર્ચથી એપ્રિલ) ના ઘઉંની લઘુતમ ટેકાના ભાવથી ખરીદી કરી રહી છે. સામાન્યપણે આ પ્રાપ્તિ એપ્રિલથી જૂન મહિના સુધીના ત્રણ મહિનામાં જ પૂરી થઈ જતી હોય છે. આ વર્ષે મંડીઓમાં આવકો વિલંબથી થઈ હોવાને કારણે અત્યાર સુધીની પ્રાપ્તિમાં ઘટાડો જોવા મળ્યો છે, પરંતુ હવે પ્રાપ્તિ ગતિ પકડી રહી હોવાનું અધિકારીઓએ પીટીઆઈને જણાવ્યું હતું. અમુક રાજ્યોમાં થયેલા કમોસમી વરસાદ અને કરાં પડવાને કારણે ઘઉંની ચમક ઓછી થઈ જવી અને ટુકડી થઈ જવા જેવી બાબતોને ધ્યાનમાં લેતા પ્રાપ્તિના ધોરણો હળવા કરવામાં આવ્યા છે. તેમ જ પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં પ્રાપ્તિનો સમયગાળો લંબાવવામાં આવ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન રવી માર્કેટિંગ મોસમમાં ગત બાવીસમી એપ્રિલ સુધીમાં પંજાબમાંથી પ્રાપ્તિ ગત સાલના ૪૯ લાખ ટન સામે વધીને ૬૭ લાખ ટનની અને હરિયાણામાંથી પ્રાપ્તિ ગત સાલના ૫૩ લાખ ટન સામે વધીને ૬૧ લાખ ટનની થઈ છે. જોકે, મધ્ય પ્રદેશમાંથી પ્રાપ્તિ ગત સાલના સમાનગાળાના ૫૨ લાખ ટન સામે ઘટીને ૧૦ લાખ ટન અને રાજસ્થાનમાંથી પ્રાપ્તિ ગત સાલના ૭.૮ લાખ ટન સામે ઘટીને પાંચ લાખ ટનની સપાટીએ રહી છે.

અધિકારીનાં જણાવ્યાનુસાર રાજ્ય સરકારોએ સંગ્રહની પર્યાપ્ત સુવિધા કરી હોવાથી હાલને તબક્કે માલના સંગ્રહ અંગે કોઈ સમસ્યા નથી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વર્તમાન પાક વર્ષ ૨૦૨૫-૨૬ (જુલાઈ-જૂન)માટે સરકારે ૧૨.૦૨ કરોડ ટન ઘઉંના ઉત્પાદનનો અંદાજ મૂક્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.





**મતદાન માટે તંત્ર સજ્જ:** ગુજરાતમાં આજે મતદાન છે ત્યારે જૂનાગઢ જિલ્લા પંચાયતની ૩૦, જિલ્લાની તમામ નવ તાલુકા પંચાયતની ૧૫૮, કેશોદ નગરપાલિકાની નવ વોર્ડની ૩૫ બેઠકોની સામાન્ય ચૂંટણી યોજવા માટે જરૂરી તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. નોંધનીય છે કે, બાંટવા નગરપાલિકાની એક બેઠકની પેટાચૂંટણી હતી તે અને કેશોદ નગરપાલિકાની એક બેઠક બિનહરીફ જાહેર થઈ છે. આવી જ રીતે રાજકોટમાં પણ મહાનગરપાલિકાની ચૂંટણી માટે તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. ખાસ કરીને ગરમીનો પારો ઊંચો જઈ રહ્યો છે ત્યારે મતદારો માટે શેડ, પાણી તેમ જ ઓઆરએસના પાઉચની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. (હરેશ સોની, પ્રવીણ સેદાની)

# આજે મતદાન: ભાવનગરમાં ગરમી ન લાગે તે માટે શેડ, પીવાના પાણીની વ્યવસ્થા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લામાં મહાનગરપાલિકાની ૫૨, જિલ્લા પંચાયતની ૪૦, તાલુકાના પંચાયતની ૨૦૬, તેમ જ મહુવા, પાલીતાણા અને વલ્લભીપુર નગરપાલિકાની ૭૮ બેઠક માટે યોજાનાર ચૂંટણી અંગેની તૈયારીઓ અંગે પત્રકારો સાથે વાત કરી હતી.

હાલમાં ઉનાળાની ગરમ ઋતુને ધ્યાનમાં રાખીને મતદારો માટે મતદન મથકોના સ્થળ પર જ્યા કુદરતી છાયડો ન હોય તેવા મતદાન મથકે મંડપ સાથે છાયડો કરવા તથા સંબંધિત સંસ્થાને સૂચના આપવામાં આવી તથા પીવાના પાણીની પૂરતી વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ ઉપરાંત મેડિકલ કીટ સહિતની વ્યવસ્થા કરવામાં આવેલ છે. અને આરોગ્ય ટીમને સ્ટેન્ડ બાય રાખવામાં આવેલ છે. દિવ્યાંગ મતદારો માટે વ્હિલચેરની વ્યવસ્થા કરવામાં આવી છે. આમ, મતદારોને યોગ્ય વાતાવરણમાં મતદાન કરવાની સુવિધા મળે એ માટે તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

જિલ્લામાં ચૂંટણીલક્ષી તૈયારીઓ વિશે જણાવતા તેમણે કહ્યું હતું કે, ૨૬ એપ્રિલના રોજ મહાનગરપાલિકા, તાલુકા-જિલ્લા પંચાયત તેમજ નગરપાલિકાઓની ચૂંટણીમાં મતદાન થવાનું છે. જેમાં મતદાનનો સમય સવારે સાત થી સાંજે છ સુધીનો રહેશે. તમામ મતદારોએ મોડામાં મોડું સાંજે છ પહેલા મતદાન મથકમાં હોવું ફરજિયાત છે.

તાલુકા-જિલ્લા પંચાયત વિશે વિગતો આપતા તેમણે જણાવ્યું હતું કે, મહાનગરપાલિકાની ૫૨ બેઠક અને ૧૫૦ ઉમેદવારો, જિલ્લા પંચાયતની કુલ ૪૦ બેઠક અને ૧૩૬ ઉમેદવારો, તાલુકા પંચાયતની કુલ ૨૦૬ બેઠક અને ૬૪૩ ઉમેદવારો, મહુવા નગરપાલિકાની ૩૨ બેઠક અને ૭૫ ઉમેદવારો, પાલિતાણા નગરપાલિકાની ૨૮ અને બેઠકો ૬૫ ઉમેદવારો, વલ્લભીપુર નગરપાલિકાની ૨૦ બેઠક અને ૪૯ ઉમેદવારો છે. જયારે નગરપાલિકાની મહુવા-૬, પાલિતાણા - ૮, વલ્લભીપુર - ૪ એમ કુલ ૧૮ બેઠક અને તાલુકા પંચાયતની કુલ ૪ ( તલગાજરડા, શેવડીવદર, ઉંડવી, નેસડા) બિનહરીફ થયેલ છે.

મતદાન મથકોની સંખ્યા ૧૯૮૪ છે. સંવેદનશીલ મતદાન અને અતિસંવેદનશીલ મતદાન મથકો ૫૨ છે. ચૂંટણી પ્રક્રિયામાં ૪૪૦૦ બી.યુ. અને ૩૭૩૫ સી.યુ.નો ઉપયોગ થશે અને આશરે ૧૦,૭૪૨ જેટલા પોલિંગ સ્ટાફ ચૂંટણી પ્રક્રિયામાં ફરજ બજાવશે. આ ઉપરાંત આશરે ૩૮૦૦થી વધુ પોલીસ સ્ટાફ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં ફરજ બજાવશે. નગરપાલિકાની ચૂંટણી અંગે માહિતગાર કરતા તેમણે જણાવ્યું હતું કે, મહુવા, પાલિતાણા અને વલ્લભીપુર નગરપાલિકા અંતર્ગત કુલ ૭૮ બેઠકો છે. જે પૈકી ૬-મહુવા નગરપાલિકા, ૮-પાલિતાણા અને ૭-વલ્લભીપુર આમ, કુલ ૧૮ બેઠક બિનહરીફ થયેલી છે.

મતદારો માટેની વ્યવસ્થા અંગે તેમણે જણાવ્યું હતું કે, ભાવનગર મહાનગરપાલિકામાં કુલ મતદારો ૪,૫૮,૩૭૬ છે. જ્યારે નગરપાલિકા માટે ૧,૩૨,૪૯૯ મતદારો, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત ૧૧,૪૦,૩૮૪ મતદારો ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી બનશે. ■

# અલ્જીરિયા,ઇરાક અને સાઉદી અરેબિયાના સૂકા રણપ્રદેશોની સમકક્ષ કચ્છમાં પડી રહેલી પ્રચંડ ગરમીથી જનજીવન બેહાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: વૈશાખ મહિનાના પ્રખર સૂર્યતાપની જુગલબંધીએ જાણે રણપ્રદેશ કચ્છને અગનભઠ્ઠામાં ફેરવી દીધું છે અને પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંત તરફથી વાતા દક્ષિણ-પશ્ચિમી પવનોએ કચ્છથી શરૂ કરીને છેક રાજધાની દિલ્હી સુધી આગ ઝરતી લૂ પ્રસરાવી રહ્યા છે અને આજે સૂકા રણપ્રદેશ કચ્છના સંખ્યાબંધ મથકોએ મહત્તમ તાપમાનનો આંક ૪૦ ડિગ્રી સે.થી ૪૨ ડિગ્રી સે.રહેવા પામ્યો હતો. હવામાન વિભાગ દ્વારા અપાયેલી ગરમીની એલર્ટ વચ્ચે વાગડથી લઈ કોટેશ્વર સુધી ઉના વાયરા ફુંકાતા જનજીવન તોબા પોકારી ઊઠયું હતું. કંડલા(એ) કેન્દ્રમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચતા અંજાર-ગાંધીધામ વિસ્તાર ગરમીમાં શેકાયા હતા.

જિલ્લા મથક ભુજમાં તાપમાન ૪૨ ડિગ્રી સે. નોંધાતાં સવારના સૂર્ય નારાયણનાં દર્શન સાથે જ આભમાંથી અગનજવાળા વરસવાનું શરૂ થઈ ગયું હતું. ભુજના આજના તાપમાન અને અલ્જીરિયા, ઇરાક અને સઉદી અરેબિયાના શહેરોમાં નોંધાયેલા મહત્તમ તાપમાન વચ્ચે માત્ર પોઇન્ટ બે ડિગ્રી સે.નો તફાવત રહેવા પામ્યો હતો. બીજી તરફ શીતમથક નલિયામાં ૩૯ ડિગ્રી મહત્તમ, ૨૯ ડિગ્રી લઘુતમ તાપમાને બળબળતા તાપની આણ બરકરાર રહી હતી. સગડી બનેલી રણકાંધીના રાપરમાં ૪૧ જયારે ખાવડામાં ૪૦ ડિગ્રી તાપમાને ગરમીનું સામ્રાજ્ય છવાયેલું જોવા મળ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, પવનોની દિશા બંગાળની ખાડીમાં સર્જાયેલા હવાના દબાણને કારણે પલટાઈ છે જેને કારણે આ જીવલેણ ગરમીએ જનજીવનને બાનમાં લીધું છે અને આગામી સોમ-મંગળવાર સુધી આ જાનલેવા ગરમીનો દોર યથાવત્ રહેવાની હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. ■

# શિણાય નજીક પાણીના ઊંડા ખાડામાં પિતા-પુત્રના ડૂબી જવાથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગાંધીધામ તાલુકાના શિણાય ગામની સીમમાં પાણી ભરેલા ઊંડા ખાડામાં નહાવા પડેલા પિતા અને પુત્રના ડૂબી જવાથી કરૂણ મોત નીપજ્યાં છે.

મહેસાણા જિલ્લાના ખેરાલુના વતની અને અહીં ચોકીદાર તરીકે ફરજ બજાવતા પિતાએ ડૂબતા પુત્રને બચાવવા જતાં બંને કાળનો કોળિયો બની જતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, શિણાય નજીક આવેલા ભેડિયા વિસ્તારમાં આ કરુણાંતિકા બની હતી. મૂળ મહેસાણાના ખેરાલુના અને હાલ શિણાયની ખાનગી સોસાયટીમાં ચોકીદાર તરીકે નોકરી કરતા અલ્પેશ પુંજા બજરિયા (ઠાકોર) અને તેમનો ૨૨ વર્ષીય પુત્ર ગણેશ અલ્પેશ બજરિયા અન્ય પરિચિતો સાથે પાણી ભરેલા ખાડામાં નહાવા ગયા હતા તે દરમિયાન પુત્ર ગણેશ અચાનક ઊંડા પાણીમાં ડૂબવા લાગ્યો હતો. પુત્રને બચાવવા માટે પિતાએ પાણીમાં ઝંપલાવ્યું હતું, પરંતુ કમનસીબે પિતા-પુત્ર બંને પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ વહીવટી તંત્ર અને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ખાડો અંદાજે ૩૦થી ૪૦. ફૂટ ઊંડો હોવાથી મૃતદેહોની શોધખોળ માટે ડોલ્ફિન કંપનીના નિષ્ણાત તરવૈયાઓની મદદ લેવામાં આવી હતી. અંદાજે સાડા ચારથી પાંચ કલાકની ભારે જહેમત બાદ તરવૈયાઓએ પિતા-પુત્રના મૃતદેહ બહાર કાઢ્યા હતા.

એકસાથે પિતા અને જુવાનધોધ પુત્રના મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે અને શિણાય પંથકમાં શોકની લહેર પ્રસરી ગઈ છે. ગાંધીધામ પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# નખત્રાણાના વ્યાર અને જાડાયની સીમમાં હિંસક દીપડાનો આતંક:

## વર્ષમાં ૬૦થી વધારે નાના-મોટા પશુઓનું મારણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: નખત્રાણા તાલુકા મથકથી માત્ર આઠ કિલોમીટરના અંતરે આવેલા વ્યાર અને જાડાય ગામની સીમમાં ઘુસી આવેલા હિંસક દીપડાએ ભારે આતંક મચાવ્યો છે. છેલ્લા એક વર્ષમાં આ દીપડાએ અંદાજે ૬૦થી વધારે જેટલા નાના-મોટા પશુઓનો શિકાર કર્યો હોવાનું સામે આવતા પશુપાલકો અને માલધારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

માલધારીઓના જણાવ્યા અનુસાર, અત્યાર સુધી ઘેટાં-બકરાંનું મારણ કરનારા હિંસક દીપડાએ હવે ગૌવંશ પર હુમલા શરૂ કર્યા છે. ગત બુધવારે જાડાય-વ્યારની સીમમાં આઠ જેટલી વાછરડીઓને દીપડાએ ફાડી ખાતા માલધારીઓની ચિંતામાં વધારો થયો છે. સીમાડામાં પશુ ચરાવવા જતા માલધારીઓ હવે પોતાના અને પશુધનના જીવને લઈને ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે.

પશુપાલકોનો આક્ષેપ છે કે છેલ્લા એક વર્ષમાં અનેક પશુઓના મારણ થયા હોવા છતાં વનતંત્ર દ્વારા હજુ સુધી કોઈ પણ પ્રકારની વળતર સહાય આપવામાં આવી નથી. અગાઉ સાત માસ પહેલા આ જ વિસ્તારમાં એક દીપડો વાડમાં ફસાઈ ગયો હતો, જેને વન વિભાગે બચાવીને જંગલમાં મુક્ત કર્યો હતો. માલધારીઓનું માનવું છે કે આ એ જ દીપડો છે જે ફરીથી આ વિસ્તારમાં સક્રિય થયો છે.

દીપડાના સતત વધતા હુમલાઓને જોતા નખત્રાણા પશ્ચિમ રેન્જના ઇન્ચાર્જ આર.એફ.ઓ. અરુણકુમાર સરવૈયાના માર્ગદર્શન હેઠળ વન વિભાગની ટીમ હરકતમાં આવી છે. ફોરેસ્ટર સંજયભાઈએ જણાવ્યું હતું કે, માલધારીઓને સાથે રાખીને દીપડાને પાંજરે પૂરવા માટે વ્યાર-જાડાયની સીમમાં પાંજરું ગોઠવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

હાલ વન વિભાગની ટીમ આ વિસ્તારમાં પેટ્રોલિંગ વધારીને હિંસક પ્રાણીને ઝડપી પાડવા પ્રયાસો કરી રહી છે, ત્યારે બીજી તરફ માલધારીઓ વહેલી તકે સહાય મળે તેવી માગ કરી રહ્યા છે. ■

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું રણશિંગું

# ૧૮૯૬ બૂથો પર પોલિંગ સ્ટાફને પહોંચાડવા ૧૮૧ એસ.ટી. બસો તહેનાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લામાં રવિવાર, ૨૬મી એપ્રિલના રોજ યોજાનારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મતદાનને હવે ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે. ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચૂંટણી પ્રક્રિયાને સુચારું રીતે સંપન્ન કરવા માટે આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. જિલ્લાના કુલ ૧૮૯૬ મતદાન મથકો પર ઈવીએમ મશીનો, ચૂંટણી સામગ્રી અને પોલિંગ સ્ટાફને સુરક્ષિત પહોંચાડવા માટે એસ.ટી. નિગમની ૧૮૧ બસો વહીવટી તંત્રને સુપરત કરી દેવામાં આવી હતી.

જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મળેલી વિગતો મુજબ, ગાંધીધામ મહાનગરપાલિકાના ૨૩૪, પાંચ નગરપાલિકાઓના ૨૮૪ અને જિલ્લા-તાલુકા પંચાયતોના ૧૩૭૮ મળી કુલ ૧૮૯૬ બૂથો પર મતદાન યોજાશે. આ માટે અંદાજે ૯,૦૦૦ જેટલો પોલિંગ સ્ટાફ અને ૫,૫૦૦ જેટલા પોલીસ સહિતના સુરક્ષા કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે. આ વિશાળ સ્ટાફ તેમજ ૪,૦૦૦ જેટલા ઈવીએમ મશીનોની હેરફેર માટે ૧૮૦થી વધુ એસ.ટી.બસો ઉપરાંત ખાનગી વાહનોની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. સામાન્ય રીતે ચૂંટણી ફરજ પરની બસો મતદાન પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી જે-તે બૂથ પર જ રોકાવવાની હોય છે.

જોકે, સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, એસ.ટી.ના વિભાગીય નિયામકે નજીકના અંતરે આવેલા બૂથો પર સ્ટાફ અને સામગ્રી ઉતારી દીધા બાદ બસોને ડેપો પર પરત આવી જવા મૌખિક સૂચના આપી છે.

ચૂંટણી નિયમો અનુસાર બસોએ મતદાન મથક પર હાજર રહેવું ફરજિયાત હોવા છતાં આ પ્રકારના 'મૌખિક આદેશ'ને કારણે એસ.ટી.વર્તુળોમાં વિવાદ છેડાયો છે. જો મતદાન દરમિયાન કોઈ ઈમરજન્સી ઊભી થાય કે અનિચ્છનીય બનાવ બને અને વાહન સ્થળ પર હાજર ન હોય, તો તેની જવાબદારી કોની રહેશે? તેવો સવાલ કર્મચારીઓ ઉઠાવી રહ્યા છે.

હાલ વહીવટી તંત્ર દ્વારા તમામ બૂથો પર સામગ્રી પહોંચાડવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ કરી દેવામાં આવી છે. ■

# પૂર્વ કચ્છમાં પોલીસના દરોડામાં ₹ ૧.૯૪ લાખનો વિદેશી દારૂ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છ પોલીસે જુદા-જુદા ત્રણ સ્થળોએ દરોડા પાડી કુલ રૂ. ૧,૯૪,૦૨૫ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહી દરમિયાન એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય પાંચ શખ્સો પોલીસને હાથતાળી આપી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

પ્રથમ દરોડામાં સામખિયાળી પોલીસે પૂર્વ બાતમીના આધારે માણાબા-શિકારપુર રણ વિસ્તાર તરફથી આવતી એક નંબર પ્લેટ વગરની શંકાસ્પદ કારને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. મૂળ ચીરઈનો અભય વેલા બઢિયા નામનો શખ્સ કારમાં દારૂ લઈ આવતો હોવાની બાતમી હતી. પોલીસને જોઈ કારચાલકે ગાડી હંકારી મૂકી હતી અને બાદમાં સૂરજબારી ગામની શાળા પાસે કાર મૂકીને નાસી છૂટ્યો હતો. પોલીસે કારની તલાશી લેતા તેમાંથી 'આર.જે. ગ્રીન' બ્રાન્ડના ૧૮૦ મિ.લિ.ના ૯૬૦ ક્વાર્ટરિયા (કિંમત રૂ.૧,૬૩,૨૦૦) જપ્ત કર્યા હતા.

બીજી કાર્યવાહી આદિપુરમાં સોનલ માતાના મંદિર પાસે આવેલા ઈકબાલભાઈના વાડામાં કરવામાં આવી હતી. અહીં ઓરડીઓમાં દારૂનું વેચાણ થતું હોવાની બાતમી મળતા પોલીસે છાપો માર્યો હતો. દરોડા દરમિયાન દારૂ વેચનારા શ્યામ ગઢવી અને રોહિત હીરજી બારોટ હાજર મળી આવ્યા નહોતા. જોકે, પોલીસે સ્થળ પરથી એક ટીવીએસ જ્યુપીટર સ્કૂટર (નંબર જીજે-૩૯-કે-૦૯૭૭) અને કોથળામાં છુપાવેલા જુદી-જુદી બ્રાન્ડના ૧૫૩ ક્વાર્ટરિયા (કિંમત રૂ. ૨૦,૬૦૦) કબજે કર્યા હતા.

ત્રીજી કાર્યવાહી ગાંધીધામની ઈફકો કોલોની નજીક ટાગોર રોડ પર કરવામાં આવી હતી. ગુરુકુળ વિસ્તારમાં રહેતો દીપક ઉર્ફે દીપ મંગલાની, મેઘપરનો હર્ષ નેકવાણી અને ધ્રુવ ગોસ્વામી અમદાવાદથી ત્રણ થેલામાં દારૂ ભરીને પરત ફર્યા હતા. દીપક ગાંધીધામમાં બસમાંથી ઊતરીને કોઈની રાહ જોઈ રહ્યો હતો ત્યારે પોલીસે તેને ૧૮ બોટલ દારૂ (કિંમત રૂ.૧૦,૧૨૦) સાથે રંગેહાથ ઝડપી પાડ્યો હતો. જ્યારે અન્ય બે શખસ હર્ષ અને ધ્રુવ બસમાં આગળ નીકળી જતાં પોલીસે તેમને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પૂર્વ કચ્છ પોલીસે આ ત્રણેય કિસ્સાઓમાં પ્રોહિબિશન ઍક્ટ હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીઓને પકડવા માટે વધુ તપાસ હાથ ધરી છે. ■

### કચ્છ: ખાવડા ગ્રીન એનર્જી પાર્કમાં ફરી તસ્કરી,

# ₹ ૩.૧૦ લાખનો કોપર વાયર અને ઑઈલ ચોરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ખાવડા સરહદી વિસ્તારમાં આકાર લઈ રહેલા એશિયાના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્કમાં સુરક્ષાવ્યવસ્થાને પડકાર ફેંકતી વધુ એક ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે. અહીં કાર્યરત 'કેપીઆઈ ગ્રીન એનર્જી' કંપનીના પ્લાન્ટને નિશાન બનાવી તસ્કરો અંદાજે રૂ.૩.૧૦ લાખની કિંમતનો કિંમતી કોપર વાયર, ટ્રાન્સફોર્મર ઑઈલ અને અન્ય ટેકનિકલ સાધનોની ચોરી કરી રફુચક્કર થઈ ગયા છે.

કંપનીના સત્તાવાળાઓ દ્વારા ખાવડા પોલીસ મથકે નોંધાવવામાં આવેલી સત્તાવાર ફરિયાદ અનુસાર, તસ્કરોએ પ્લાન્ટના સંકુલમાં ગેરકાયદે પ્રવેશ કરી કિંમતી સામગ્રીની ચોરી કરી હતી. ચોરી થયેલા મુદ્દામાલમાં મુખ્યત્વે ૨૮૦૦ લિટર ટ્રાન્સફોર્મર ઓઈલ (કિંમત રૂ.૧ લાખ), ૫ નંગ બસબાર (કિંમત રૂ.૮૦,૦૦૦) અને કોપર વાયરના ૧૫ બંડલ (કિંમત રૂ.૬૦,૦૦૦)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ૧૨૦ મીટર લાંબી અર્થિંગ કોપર પટ્ટી, ૧૫ નંગ બસબાર ઇન્સ્યુલેટર અને ૩૦૦ નંગ નટ-બોલ્ટ મળી કુલ રૂ.૩,૧૦,૦૦૦નો મુદ્દામાલ ચોરાયો છે.

ઘટનાની ગંભીરતાને જોતા ખાવડા પોલીસે ગુનો નોંધીને તસ્કરોનું પગેરું દબાવવા ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસ દ્વારા હાલ પ્લાન્ટમાં લાગેલા સીસીટીવી ફૂટેજ ખંગાળવામાં આવી રહ્યા છે. સાથોસાથ પ્લાન્ટમાં કામ કરતા મજૂર વર્ગ અને સ્થાનિક શંકાસ્પદ શખસની પૂછપરછ પણ શરૂ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ખાવડાના રણ વિસ્તારમાં ફેલાયેલા આ વિશાળ પ્રોજેક્ટમાં અવારનવાર કોપર અને કેબલ ચોરીના કિસ્સાઓ બની રહ્યા છે. અવાવરું વિસ્તારનો લાભ ઉઠાવી તસ્કરો જે રીતે કંપનીઓને નિશાન બનાવી રહ્યા છે, તેનાથી ગ્રીન એનર્જી કંપનીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. પોલીસ આ ટોળકીને ઝડપી પાડવા માટે અલગ-અલગ દિશાઓમાં તપાસ ચલાવી રહી છે. ■

### કચ્છમાં હથિયારો પકડાવવાનો સિલસિલો યથાવત્:

# વરનોરાની સીમમાંથી લોડેડ દેશી બંદૂક સાથે શખસ પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પાકિસ્તાન સરહદને અડીને આવેલા વ્યૂહાત્મક રીતે સંવેદનશીલ એવા કચ્છ જિલ્લામાં ગેરકાયદે હથિયારોનું ચલણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે એ વચ્ચે પશ્ચિમ કચ્છ સ્થાનિક ગુનાશોધક શાખાએ ભુજ તાલુકાના વરનોરા ગામની સીમમાંથી એક શખસને દેશી બનાવટની લોડેડ બંદૂક સાથે ઝડપી પાડ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, વરનોરાથી ઝીંકડી ગામ તરફના માર્ગ પર એક શખ્સ હથિયાર સાથે ફરી રહ્યો હોવા અંગે પશ્ચિમ કચ્છ પોલીસની સ્થાનિક ગુનાશોધક શાખાને મળેલી પૂર્વ બાતમીના આધારે પોલીસે વરનોરાની સીમમાં બાવળોની ઝાડીઓમાં વોચ ગોઠવી હતી. તપાસ દરમિયાન સુલતાન સુમાર મેર નામનો શખસ શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે સુલતાનની તલાશી લેતા તેની પાસેથી એક સિંગલ બેરલની દેશી બનાવટની બંદૂક મળી આવી હતી. પોલીસ દ્વારા આ હથિયાર અંગેના લાઇસન્સ કે આધાર-પુરાવા માગવામાં આવતા આરોપી કોઈ પણ દસ્તાવેજ રજૂ કરી ન શકતા પોલીસે હથિયાર કબજે કરી, તેની ધરપકડ કરીને આર્મ્સ ઍક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ હથિયાર ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને તેનો ઉપયોગ શિકાર માટે કે અન્ય કોઈ અસામાજિક પ્રવૃત્તિ માટે થવાનો હતો તે દિશામાં પોલીસ હાલ આરોપીની પૂછપરછ કરી રહી છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, કચ્છના લખપત, અબડાસા અને રાપર જેવા સરહદી વિસ્તારોમાં અવારનવાર પકડાતા ગેરકાયદે હથિયારોએ સુરક્ષા એજન્સીઓ માટે પડકાર સર્જ્યો છે. જાગૃત નાગરિકોમાં એવી માગ ઉઠી છે કે આ હથિયારોના મૂળ સુધી પહોંચવા માટે કેન્દ્રીય અને રાજ્યની સુરક્ષા એજન્સીઓએ સંયુક્ત અને ઝીણવટભરી તપાસ કરવી જોઈએ, જેથી સરહદી સુરક્ષાને વધુ મજબૂત બનાવી શકાય.■

# રાજકોટમા એસટી નિગમે મહિલાને કચડી, સીસીટીવી ફૂટેજ બહાર આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરોમાં વધતા વાહનો વચ્ચે મોટા વાહનો પસાર થાય છે ત્યારે પગપાળા ચાલતા લોકોની સુરક્ષા હંમેશાં જોખમાતી હોય છે. રાજકોટના પારેવડી ચોક પાસે એસટીની એક વોલ્વો બસે એક વૃદ્ધાને કચડી નાખ્યા હોવાનો બનાવ બન્યો હતો. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ બહાર આવ્યા હતા, જેમાં અરેરાટી જાગે તેવા દૃશ્યો કેદ થયા છે. રાજકોટના જંગલેશ્વર વિસ્તારમા રહેતા હલુબેન ચાવડા તેમનાં સંબંધીના ઘરે જના નીકળ્યા હતા. દરમિયાન અહીંથી પગપાળા પસાર થઈ રહ્યા હતા ત્યારે રોડ ક્રોસ કરતા સમયે એસટી બસે તેમને હડફેટે લીધાં હતાં. સીસીટીવી અનુસાર હલુબેને સાવચેતી રાખી હતી, પરંતુ અચાનકથી આવેલા બસ નીચે તેઓ આવી ગયાં હતાં. બસ કચડીને નીકળી ગઈ હતી. ■

# આખરે દીપડો પાંજરે પુરાયો

## અમરેલીમાં બે જણ પર કર્યો હતો હુમલો

અમદાવાદ: જંગલ વિસ્તાર આસપાસની માનવ વસાહતોને હંમેશાં જંગલી પ્રાણીઓનો ડર રહે છે. અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના નવા અગરિયા ગામમાં આતંક ફેલાવનાર દીપડાને વન વિભાગે આખરે ઝડપી લીધો હતો. દીપડો પાંજરે પુરાતા આસપાસના રહેવાસીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

આ દીપડાએ રાજુલાના સીમ વિસ્તારમાં બે વ્યક્તિ પર હુમલો કર્યો હતો. ત્યારબાદ તેના પર વોચ ગોઠવી હતી.. હવે દીપડો પાંજરે પુરાયો છે. ■